ॐ

શ્રી વીતરાગાય નમઃ

# મુમુક્ષુતા આરોહણ ક્રમ

## (ભાગ-૨)

('શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૨૫૪ ઉપર
રાજકોટ જ્ઞાનમંદિરમાં ચાલેલા
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)

પ્રકાશક

**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

ભાવનગર

## પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
-- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
-- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧,
મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
-- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭,
મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૨૯-૧૧-૨૦૧૪ (પૂજ્ય ભાઈશ્રી ૮૨મી જન્મજયંતિ)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૧૨૪ + ૪ = ૧૨૮
પડતર કિંમત : ૩૬૦/-
મૂલ્ય : ૨૦/-

<u>લેસર ટાઈપ સેટિંગ :</u>
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/B, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

<u>મુદ્રક :</u>
**બુક પબ**
ફોન : ૯૮૨૫૦૩૦૩૪૦

# પ્રસ્તાવના

'અનંતકાળથી પરિભ્રમણ કરતા સંસારી જીવે અનેક પ્રકારના ધર્મસાધન અનંતવાર કરવા છતાં એક વાર પણ ખરી મુમુક્ષુતા પ્રગટ થઈ નથી – તેથી જ્ઞાનદશારૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ નથી.' પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ આ બાબત ઉપર સમીપવાસી મુમુક્ષુઓનું ધ્યાન દોર્યું છે. આ ૨૫૪મો પત્ર મુખ્ય કરીને મુમુક્ષુતાના પ્રારંભથી માંડીને ઉત્કૃષ્ટ મુમુક્ષુતા પ્રગટ થવાના વ્યવસ્થિત ક્રમ ઉપર લખાયો છે – અને મુમુક્ષુજીવને 'જ્ઞાનીનો માર્ગ' ચિંધ્યો છે – અને તે રીતે વર્તમાન તેમજ ભાવી ભવ્ય જીવો ઉપર અનુપમ ઉપકાર કર્યો છે.

પરમકૃપાળુદેવે વચનામૃતમાં મુમુક્ષુઓને વિભિન્ન પ્રકારે માર્ગદર્શન આપ્યું છે. તેથી મુમુક્ષુની ભૂમિકામાં તે અત્યંત પ્રયોજનભૂત છે. તેથી જ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દરેક પ્રવચનમાં તેમનાં વચનોને દોહરાવતા હતા અને તેનો મર્મ – પારમાર્થિક આશય ખોલતા હતા – એ રીતે તેઓશ્રી પ્રત્યક્ષ ઉપકારી હતા. જે ઉપકાર અવિસ્મરણીય છે. આ ટ્રસ્ટ પણ પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદથી જ ચાલીસ વર્ષથી સત્શ્રુતનું પ્રકાશન કરે છે.

જ્ઞાનમંદિર, રાજકોટમાં થયેલા ૨૫૪ પત્ર ઉપરના પ્રવચનો મુમુક્ષુઓને ઉપયોગી હોવાથી સાભાર તેનું પ્રકાશન કરતાં અમોને હર્ષ થાય છે. પૂજ્ય ભાઈશ્રીએ સ્વયંની મૌલિક શૈલીથી કૃપાળુદેવના પત્રોનું રહસ્ય ખોલ્યું છે અને મુમુક્ષુઓને અતિ કઠણ એવા મોક્ષમાર્ગરૂપ રાજમાર્ગપર્યંત પહોંચવા માટેની વાટ પ્રકાશિત કરેલ છે. વિભિન્ન પત્રોમાં આલેખયેલ માર્ગદર્શનને એક જગ્યાએ એકત્રિત કરી, તેનો સુમેળ કરી પથપ્રકાશ કરી પૂજ્ય ભાઈશ્રીએ સમસ્ત મુમુક્ષુ જગત ઉપર ઉપકાર કર્યો છે. મુમુક્ષુઓની માગણીને વશ આ પત્ર ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. રાજકોટમાં થયેલા આ પ્રવચનોની તારીખ ઉપલબ્ધ નહિ હોવાથી આપવામાં આવેલ નથી. જરૂર લાગી ત્યાં વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ઉમેરવામાં આવેલ છે. પુસ્તકના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનું વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. કંપોઝિંગ અને પ્રિંટિંગ કરી આપવા માટે પૂજા ઈમ્પ્રેશન્સ, ભાવનગર અને બુક પબ એન્ડ કંપની, અમદાવાદના પણ અમે આભારી છીએ.

અંતમાં, આ પુસ્તિકાના સ્વાધ્યાય દ્વારા કૃપાળુદેવના આશયને ગ્રહણ કરી, જિજ્ઞાસુઓ ખરી મુમુક્ષુતાને પ્રાપ્ત થાય અને નિજહિત સાધે તેવી મંગળ ભાવના.

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

**૨૩–૧૦–૨૦૧૪**
**(વીર નિર્વાણ કલ્યાણક દિન)**

## મુમુક્ષુતા આરોહણ ક્રમ ભાગ-૨ના પ્રકાશનાર્થે પ્રાપ્ત થયેલ દાનરાશિ


| | |
|---|---|
| વીતરાગ સત્સંગ મંડળ, હૈદ્રાબાદ. હ.કમલભાઈ દેવચંદભાઈ શાહ | ૪૧,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ | ૫,૦૦૦/- |
| ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા | ૫,૦૦૦/- |
| શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી બેલાબહેન જૈન, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |


## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૧. | પત્રાંક-૨૫૪ | ૦૦૧ |
| ૨. | પત્રાંક-૨૫૪ | ૦૧૬ |
| ૩. | પત્રાંક-૨૫૪ | ૦૩૧ |
| ૪. | પત્રાંક-૨૫૪ | ૦૪૮ |
| ૫. | પત્રાંક-૨૫૪ | ૦૬૪ |
| ૬. | પત્રાંક-૨૫૪ | ૦૮૦ |
| ૭. | પત્રાંક-૨૫૪ | ૦૯૫ |

ૐ
नमः श्री सिद्धेभ्यः

# મુમુક્ષુતા આરોહણ ક્રમ

## ભાગ-૨

**(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૨૫૪ ઉપર જ્ઞાનમંદિર, રાજકોટમાં ચાલેલા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો)**

પત્રાંક-૨૫૪

મુંબઈ, અષાડ સુદ ૮, ભોમ, ૧૯૪૭

નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે;
અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

પ્રકૃતિના વિસ્તારથી જીવના કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે ; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.

'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ એક 'મોક્ષ'ને વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.

'તીવ્ર મુમુક્ષુતા'વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, [1]પરમ દૈન્યતાની ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

એ બધા કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાના કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીકવાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

[2]સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ

૧. પાઠાન્તર : પરમ વિનયની ઓછાઈ

૨. પાઠાન્તર : તથારૂપ ઓળખાણ થયે સદ્ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે. તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ પરમ વિનય જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.

પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ–નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.

આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે, અને જો તેઓમાં સર્વ પ્રકારે ([૩]પરમદૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ. પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.

અધિક શું કહીએ ? અનંતકાળે એ જ માર્ગ છે.

પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.[૪] અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે.

મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે. તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે.

માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે; તેનો

૩. પાઠાન્તર : પરમ વિનયની

૪. પાઠાન્તર : અને પરમ વિનયમાં વર્તવું યોગ્ય છે.

**પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.**

**અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.**

**તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.**

**હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી; પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય; પણ તે ક્યે સ્થળે તે હજી સુધી વિચાર્યું નથી.**

**કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુ વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. તમને બધાને યથાયોગ્ય પહોંચે.**

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૨૫૪ નો ઉપસંહાર ચાલે છે. સવારના સ્વાધ્યાયમાં છેલ્લે એ કહ્યું આમાં કે આ પત્રમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પ્રતિપાદન કર્યો છે તેથી, 'ખંભાત'ના મુમુક્ષુ ભાઈઓ ઉપરનો પત્ર છે એટલે તમે પરસ્પર વિસ્તારથી એનો વિચાર કરશો. આગળ લખે છે કે તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું. સ્પષ્ટ છે એ વિષય. જે કાંઈ પત્રમાં લખ્યું છે એ સંબંધીનો વિસ્તાર એમની વિચારણામાં સુસ્પષ્ટ છે અને કોઈ યોગાનુયોગે એ વાત વિસ્તારથી બતાવવાનું પણ પોતે બતાવ્યું છે. યોગ્યતા હશે તો. એટલું લખ્યું છે.

જ્ઞાનીઓના હૃદયમાં ઘણું ઘણું ભર્યું હોય છે, એમાં પણ અધ્યાત્મનું અલૌકિક ઊંડાણ, જે લૌકિકમાં જોવા ન મળે એવું અલૌકિક ! અધ્યાત્મની ઊંડી ગુફા જેમાં એ વિચરે છે (એમાં) ઊંડે-ઊંડે ચાલ્યા જાય છે. એ વિષય યોગ્યતાવાળા જીવોની સમક્ષ સહજ કુદરતી રીતે બહાર આવે છે. ઝીલનાર હોય, સમજનાર હોય, તો કહેનાર કહે,

નહિતર કહેનારને સહજ જ વિચાર આવે તોપણ ગોપવાય જાય. અનેક જગ્યાએ લખે છે કે વાણી ગોપવાય જાય છે, વાણી પાછી ફરી જાય છે, વાણી મૌનપણાને ધારણ કરે છે.

આ એક એવો વિષય છે કે સ્વરૂપ પણ અભેદ છે અને સ્વરૂપનો અનુભવ પણ અભેદ અનુભવ કહેવાય છે. કેમકે સ્વરૂપાકાર પરિણામ છે. તેમ છતાં કોઈ ચૈતન્યનો એવો ચમત્કાર છે કે અનેક ભેદ-પ્રભેદોનું જ્ઞાન, જેને લબ્ધિ કહીએ એવું જ્ઞાન, સમ્યક્ શ્રુતજ્ઞાન જ્ઞાનીઓને પ્રગટે છે અને એમણે વિચાર્યું પણ ન હોય, કોઈને કહ્યું પણ ન હોય, વિચારમાં ખોલ્યું પણ ન હોય પણ કોઈ યોગ્યતાવાન જીવ હોય અને એની જિજ્ઞાસામાંથી કોઈ વાત પૂછવામાં આવે, અંતર જિજ્ઞાસામાંથી, તો ક્યારે કેટલું એમના હૃદયમાંથી બહાર નીકળી જાય એ કોઈવાર તો એમને પોતાને પણ આશ્ચર્યમાં મૂકી દે. બીજાને તો આશ્ચર્ય થાય એમાં કાંઈ નવાઈ નથી, પણ એને પોતાને આશ્ચર્ય લાગે કે, અરે..! આ વાત ક્યારેય વિચારમાં આવી નહોતી પણ આ ભાઈ યોગ્યતાવાળા જીવે કોઈએ પ્રશ્ન કર્યો અને જ્ઞાન અંદરથી જાણે ખીલતું, ઉઘડતું, વિકસતું એ વિષયને બહાર મૂકી દે છે ત્યારે પોતાને પણ કોઈ વાર આશ્ચર્ય થાય કે આ વાત વિચારી નહોતી અને પ્રશ્ન પૂછ્યા પહેલાના એક Second સુધી એનો વિકલ્પ નહોતો કે શું કહેવું. એવું જેને એમ કહી શકાય કે વાણીમાં કોઈ રત્નો ખરે છે.

કોઈ ભાગ્યવાન જીવ હોય છે, ભાગ્યવાન તો એને શું કહેવાય ? મહાભાગ્ય. 'કૃપાળુદેવે' 'સોભાગભાઈ' માટે વિશેષણ વાપર્યું છે- મહાભાગ્ય. શરૂઆતમાં જ એવું વિશેષણ વાપર્યું છે. કેમ ? કે એ જીવનો પણ ઉદ્ધાર થવાનો નક્કી થઈ ગયો હોય છે. એવી જ કોઈ યોગ્યતા લઈને સત્પુરુષના ચરણ સમીપ આવેલો હોય છે. એટલે એટલી વાત લખી છે કે યોગ્યતા હશે તો આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.

**'હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી; પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય; પણ તે ક્યે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી.'** ભવિષ્યની નિવૃત્તિના પ્રોગ્રામમાં પણ સહજ વિકલ્પ આવે, સહજ વિચાર આવે, સહજપણે જે ક્ષેત્રનો વિચાર આવે, જે સમયનો વિચાર

આવે. જાણે કે એ પોતે એ વિકલ્પથી છૂટા ને છૂટા રહે છે. ઉદય અનુસાર ઉદયભાવ આવવાનો હશે તે આવશે. પોતે જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. એવા ભાવાર્થમાં અનેક પત્રોમાં એમના વચનો જોવા મળે છે. વાત સીધી-સાદિ દેખાય કે આમાં શું હશે ? આવું લખ્યું હશે એમાં પરમાર્થ શું હશે ? પણ એમાં પણ પરમાર્થ હોય છે. નજર કેટલી ઝીણી છે એના ઉપર એનો ઉકેલ છે. પણ ઘણું ઘણું ભર્યું છે.

તત્ત્વ તો ઠાંસી ઠાંસીને જાણે ભર્યું છે એવું લાગે છે. અને એટલું સૂક્ષ્મ તત્ત્વ, એટલા સિદ્ધાંતો, એટલો અધ્યાત્મ, એટલો પરમાર્થ એ બધું સેંકડો-હજારો પાસા જોવા મળે છે. ખાલી પત્રો જેટલા રહી ગયા છે અને પ્રસિદ્ધ થયા છે એમાં. એમ સાંભળ્યું છે કે એમનું ઘણું લખાણ હાથમાં નથી આવ્યું. માત્ર જેને અત્યારે યુવાન કહેવાય એવા તેત્રીસ વર્ષ અને પાંચ મહિના, સાડા પાંચ મહિનાની આયુ છે. એમાં આટલું લખાણ થયું છે. અત્યારે જે ૬૦-૭૦-૮૦ સામાન્ય થઈ ગયા છે. જગતને કેટલું મળત ! વિચારવા જેવો વિષય છે.

સૌથી (પ્રથમ) વિચાર તો એ આવે છે કે '૧૯૪૭ સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે.' અને ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ, લગભગ દસ વર્ષ અને સાડા પાંચ મહિના, છ મહિના પણ પૂરા નથી, એટલી સ્થિતિમાં જેમણે માત્ર એક ભવ રહી ગયો એટલું સાધન સાધ્યું. ગૃહસ્થ અવસ્થામાં વેપાર ધંધો સંભાળતા સંભાળતા. એ જમાનામાં પણ નાનો વેપાર નથી ચાલ્યો એમનો. દેશ-વિદેશ સાથે એમને (વેપાર ચાલતો હતો).

'ઈડર'માં એક પત્ર જોયો કે જેમાં 'ફ્રાન્સ' સાથે એમનો વેપાર હતો. એક ભાગીદાર વચમાં 'પેરિસ' ગયા હતા. પત્ર આમાં નથી પ્રસિદ્ધ થયો. પણ એમાં એમ લખ્યું છે. એમાં બધી વેપારની જ વાતો હતી. કોઈ પારમાર્થિક વાત નહોતી એટલે એ કારણે પણ કદાચ નહિ પ્રસિદ્ધ થયો હોય. પણ એમ લખ્યું છે કે અત્યારે 'મુંબઈ'ની બજારમાં આપણી પેઢી માટે એવી ચર્ચા થાય છે કે 'રેવાશંકર જગજીવન'વાળાએ 'પેરિસ'માં એક બ્રાન્ચ ખોલી છે, શાખા ખોલી છે. પણ ખરેખર એવું નથી. આપણો માલ આપણે ત્યાં વેચવા માટે તમારે જાવું પડ્યું છે. એક ભાગીદાર ત્યાં 'પેરિસ'માં ગયા છે. 'રંગુન', 'ચીન', 'ફ્રાન્સ',

'અરબસ્તાન' આ બધા દેશો સાથે વેપાર ચાલ્યો છે.

એટલા મોટા Volumeમાં વેપાર હશે કે એમની અધ્યાત્મદશા અસાધારણ અધ્યાત્મદશાને એ પોસાયું નથી. માથું ધડ ઉપર ન રહે. ભલભલાનું માથું ધડ ઉપર ન રહે એટલે કે દશાથી ચ્યુત થઈ જવાય. કેમકે તેજી-મંદી અનેક જાતના વેપાર. કાપડનો પણ વેપાર કરેલો છે. Export ઘણું કરતા હતા. ઘણા Department ચાલતા હશે. એ સંભાળતા સંભાળતા પણ આત્માને સૌથી વધારે સંભાળ્યો છે. કેટલો વધારે સંભાળ્યો છે ? કે એક દસકામાં જેણે અનંત ભવનો છેદ કરીને એક જ ભવ (બાકી રહ્યો). 'ધારીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ.' નિર્મળ જ્ઞાનમાં ભાસી ગયું એ વ્યક્ત કરી નાખ્યું છે.

પૂજ્ય 'ગુરુદેવ કાનજીસ્વામી'ને કોઈએ શંકાથી પ્રશ્ન પૂછેલો કે, આ 'શ્રીમદ્જી'એ એમ લખ્યું છે કે હું એક દેહ ધારીને મોક્ષમાં જઈશ. સ્વદેશ એટલે નિર્વાણપદને પામીશ. તો એ વાત સાચી હશે કાંઈ ? વેપાર કરતા કરતા ગૃહસ્થદશામાં એક દેહ રહેશે પછી નિર્વાણ થઈ જશે એવું મતિ-શ્રુતજ્ઞાનમાં તો કેટલુંક જણાય ? એમ કહે. અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન તો બહુ વિશિષ્ટ પ્રકારના જ્ઞાન છે. આ તો મતિ-શ્રુતજ્ઞાન તો અજ્ઞાનીને હોય, જ્ઞાનીને હોય. એક વિશેષણમાં કે આને મિથ્યા છે અને આને સમ્યક્ છે, પણ છે મતિ-શ્રુત. ઉઘાડ તો મતિશ્રુતનો છે.

એમણે જવાબ આપ્યો હતો, મારી ઉપસ્થિતિ હતી કે, જ્ઞાનીઓને આવી કોઈ વાત નિર્મળ સમ્યગ્જ્ઞાનમાં જ્યારે ભાસે, પ્રતિભાસે ત્યારે એ કેવળજ્ઞાન જેટલી અફર હોય તો બહાર પાડે, નહિતર બહાર ન પાડે. આવો જવાબ આપ્યો હતો. કેવળજ્ઞાનવત્ શ્રુતજ્ઞાનનો ત્યાં ભાસ છે, પ્રતિભાસ છે. એટલે એમાં શંકાનું કોઈ સ્થાન નથી. એમાં કોઈ સંશય કરવાનો અવકાશ નથી. કેમકે કેવળજ્ઞાનવત્ ભાસે છે. એ જ્ઞાનમાં ભાસેલું કદિ ફરતું નથી. અને એ તો બીજાનું ભાસી જાય એટલું શ્રુતજ્ઞાન તો નિર્મળ જ્ઞાન હોય છે. સ્વયંનું ભાસે એ તો અનુભવસિદ્ધ થઈને એમને ભાસે છે, વેદનપૂર્વક ભાસે છે. એમાં તો પુરુષાર્થની ગતિ અનુભવગોચર છે. એમાં તો કાંઈ શંકા કરવાનો પ્રશ્ન જ રહેતો નથી.

આગળ છેલ્લે એક લીટી લખે છે કે કળિયુગ છે માટે ક્ષણવાર પણ

વસ્તુ વિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. ભલે વિચાર અને વિકલ્પ પોતાનો છે પણ જિનેશ્વર આમ કહે છે, જ્ઞાનીઓ આમ કહે છે, મહાત્માઓ આમ કહે છે. એ કહેવાની, વિનયથી કહેવાની, વિનમ્રતાથી કહેવાની એક પદ્ધતિ છે કે આ કાળમાં વસ્તુ વિચાર એટલે આત્મવિચાર વિના ન રહેવું.

પાત્રતાના વિષયમાં (પત્રાંક) ૧૦૫માં લીધું છે કે એક ક્ષણ પણ ઉપયોગથી ભરનાર. એટલી જાગૃતિ હોય. પાત્રતામાં એટલી જાગૃતિ હોય. જ્ઞાનીઓને તો કેટલી હશે એ અંદાજ મૂકી શકાય એવી વાત છે. એને તો હજી પાત્ર કહ્યો છે. ઉપયોગથી એક ક્ષણ પણ (ભરનાર). એટલી જાગૃતિ એ મહાત્માઓની શિક્ષા છે. તમને બધાને યથાયોગ્ય પહોંચે. અહીંયાં આ પત્ર પૂરો થાય છે.

આ જ પત્રના અનુસંધાનમાં આગળ-પાછળ જે મૂળ વાત ઉપર લક્ષ દેવા યોગ્ય છે, ધ્યાન ખેંચવા યોગ્ય છે એવો વિષય ૧૯૫ નંબરના પત્રમાં છે અને એ જ વિષય ૮૬ નંબરના પત્રમાં છે. બંને જગ્યાએ એક જ વિષય આવ્યો છે, જે ૨૫૪ના પ્રારંભમાં વાત ચાલી છે. જોકે ૬૦૯ના પ્રારંભમાં પણ એ વાત ચાલી છે અને 'આત્મસિદ્ધિ'માં પણ માત્ર મોક્ષ અભિલાષ. વાત ચાલી છે કોની ? વાત તો આત્માર્થીની ચાલી છે કે આત્માર્થી કેવા હોય ? 'ભવે ખેદ પ્રાણી દયા ત્યાં આત્માર્થ નિવાસ.' ત્યાં એક માત્ર મોક્ષ અભિલાષ (છે).

પ્રશ્ન ચાલ્યો હતો ને ? મોક્ષના સ્વરૂપની ખબર નથી. એનો ઉત્તર છે, હોં ! Actual તો આપના પ્રશ્નનો જ ઉત્તર છે. ભાઈ! આ બે પત્રમાં તો. '**માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે,...**' એ રીત શું હશે ? આત્મ કલ્યાણની રીત શું હશે ? રીત કહો, માર્ગ કહો, વિધિ કહો, ઉપાય કહો, બધુ એકાર્થ છે. એણે બધા વિકલ્પો મૂકીને ધ્યાનના, યોગના, બીજા, ત્રીજા એ અનેક પ્રકારના લલચામણા પ્રયોગોના વિષયો સામે આવે છે. શોધ કરનારને તો અનેક માણસો મળે છે અને ક્યાં એ અટકે છે, ફસાય છે કે આગળ વધે છે (એને માટે) એકમાત્ર આ એક જ પત્રમાં બહુ સુંદર પ્રકાશ પાડ્યો છે. એક પત્રમાં શું, એક જ વાક્યમાં બહુ સુંદર પ્રકાશ પાડ્યો છે.

**'માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકી**

**દઈને....**' બધા વિકલ્પો એટલે જુદી જુદી રીતો અજમાવવી અને જુદી જુદી રીતે કલ્યાણ કરવાનો વિચાર કરવો એના બદલે. '**આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે.**' ક્યો ? અવતરણ ચિહ્નમાં લખે છે એક જ વિકલ્પને એટલે એક જ વાક્ય છે. '**અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી** ?' આનું નામ મોક્ષ છે લ્યો ! આ નાસ્તિથી મોક્ષની પરિભાષા છે.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' તે અસ્તિથી પરિભાષા છે. અને પરિભ્રમણનો નાશ ઇચ્છવો, જન્મ-મરણ ન જોઈએ એટલે દુઃખ ન જોઈએ. કેમકે જન્મવાના દુઃખ પણ થોડા નથી અને મરવાના દુઃખ પણ થોડા નથી. નજરે જોઈ ન શકાય એવા મરવાના દુઃખ તો જોનારને દુઃખ થઈ જાય. મરનારને તો કેટલું થતું હશે એ તો એ વેદે અને એ જાણે. કેમકે એની કોઈ પહોંચ ફાટતી નથી. પણ અનુભવ તો એ જીવને અનુભવવો જ પડે છે. એટલે કહે છે કે, '**અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય** ?' બસ ! '**આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે.**' કાંઈ બાકી રાખ્યું ? એક જ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે. અત્યારે જે વાતચીતમાં અનંત શબ્દ સાધારણ થઈ ગયો છે એવી વાત નથી, હોં ! આ માત્ર વાત નથી. જે 'કૃપાળુદેવ'ના જ્ઞાનમાં ભાસે છે એ જ કહે છે. અને એક આ સમ્યગ્જ્ઞાનનો ધર્મ છે કે ઓછું-અદકું કહે નહિ. ન વધારીને કહે, ન ઘટાડીને કહે. જેટલું ભાસે એટલું જ કહે. એમાં માપસર એટલે તો એ જ્ઞાનને પ્રમાણજ્ઞાન એવું નામ આપવામાં આવે છે. સમ્યગ્જ્ઞાન છે તે પ્રમાણજ્ઞાન છે.

'**આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે અને એ વાક્યની કહેલી ચિંતના કર્યા વિના...**' આ એટલા(માટે) એટલી વધારે વાત લખે છે કે સામાન્ય મુમુક્ષુ પણ એમ કહે છે કે જન્મ મરણનો નાશ કરવો છે એટલે તો અમારો સંપ્રદાય છોડીને 'કૃપાળુદેવ' પાસે આવ્યા છીએ. સામાન્ય રીતે સંપ્રદાયમાંથી લોકો નથી છૂટી શકતા. સંપ્રદાયનું જે કાંઈ વાતાવરણ છે એમાંથી છૂટવામાં લોકસંજ્ઞાવાળાને વધારે તકલીફ પડે છે. જેને લોકસંજ્ઞા તીવ્ર ન હોય એને કોઈ લોકોના Certificate નો વિચાર અને અભિપ્રાય નથી રહેતો. એટલે એ તો કહે છે કે જેને જે ગણવું

હોય એ ગણે. એમ કહેશે કે અપાસરામાં નથી આવતા એ જ ને. દેરાસર નથી આવતા. કાંઈ નહિ. આ લોકો 'વવાણિયા' જવા મંડ્યા કે 'અગાસ' જવા માંડ્યા કે જ્ઞાનમંદિરમાં જવા માંડ્યા એમ કહેશે. એટલું જ ને. ભલે ને જેને જે કહેવું હોય એ કહે. અને અમસ્તું પણ જમના મારથી કોણ મુકાવા આવવાનું છે ? જેની શરમ ભરી હોય એ કોઈ ત્યાં નહિ આવે હવે. કે ભાઈ આની શરમ રાખી હતી આપણે. વડીલ હતા આપણા. અને શરમે-શરમે આપણે નહોતા છોડી શકતા. ત્યાં કોઈ છોડાવવા આવતું નથી. દુઃખમાંથી છોડાવવા કોઈ જગતના, સમાજના લોકો આવી શકતા નથી. એટલે એ તો મુમુક્ષુજીવને એક સામાન્ય હિંમત કરવાની છે. કોઈ વિશેષ પુરુષાર્થનો એ વિષય નથી. એ તો એક થોડી હિંમત કરે તો એટલી લોકસંજ્ઞા તો છૂટી જાય કે સંપ્રદાયના ટોળામાંથી અલગ થઈ જાય. જન્મ-મરણ (મટાડવા) માટે અહીંયાં સંપ્રદાય છોડીને આવ્યા એટલું આમાં ચાલતું નથી.

મોક્ષની ઈચ્છા નહિ પણ દૃઢ મોક્ષેચ્છા. 'કૃપાળુદેવ'નો એ શબ્દ છે-દૃઢ મોક્ષેચ્છા. દૃઢ મોક્ષેચ્છા એટલે શું ? એનું વર્ણન આ એક Paragraph માં છે. તેની '**ચિંતના કર્યા વિના, તેના માટે દૃઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી;...**' આ એક તપાસવાનો વિષય છે. મોક્ષ તો શું કરવા... બધા ધર્મ કરે એ બધા મોક્ષ માટે જ કરે ને. આપણે મોક્ષ કરવા માટે (તો બધું કરીએ છીએ). આપણને મોક્ષ સિવાય એથી વધારે કઈ ચીજ મોટી સમજમાં આવી છે. મોક્ષ માટે જ કરીએ એ તો સીધી વાત છે. તો કહે છે, એમ નથી ચાલતું.

ઉપરની ઉપરની ઈચ્છા અને ઉપર ઉપરની સામાન્ય સાધારણ ભાવના તો અનંત વાર કરી છે પણ આમાં એનાથી કામ થતું નથી. કેમકે અસત્સંગ ઘણો છે. એક સત્સંગને છોડીને જેટલો કાંઈ સંગ થાય છે તે બધો અસત્‌નો સંગ થાય છે. આત્મામાં નથી એનો સંગ થાય છે. બાહ્ય વિષયો અને બાહ્ય મનુષ્યો, સમાજ બધી જ જગ્યાએ જે સંગ છે એ અસત્સંગ છે. ક્યાંય સત્સંગ નથી. સત્‌ની વાર્તા ક્યાંય જગતમાં નથી, સત્‌નો વિષય ક્યાંય જગતમાં નથી. માટે તે બધો અસત્સંગ છે. અને આ કાળમાં તો અસત્સંગનો ઘેરાવો છે. જીવને ચારે બાજુથી

અસત્સંગે ઘેરો ઘાલ્યો છે એમ કહીએ તો બિલકુલ ખોટું નથી. અતિશયોક્તિ નથી. એટલે સામાન્ય ઈચ્છા તો ક્યાં ધોવાઈ જાય છે એની ખબર નથી હોતી. એ એક બફમમાં રહી જાય છે ભ્રમમાં ને ભ્રમમાં કે મને તો મોક્ષની ઈચ્છા છે ને એટલે હું સત્સંગમાં જાઉં છું, સ્વાધ્યાય કરું છું, સત્શાસ્ત્રો વાંચું છું, સત્ સાહિત્યનું અધ્યયન કરું છું.

એટલે એક બહુ માર્મિક વાક્યનો અહીંયાં પ્રયોગ કર્યો છે કે, '**દઢ થઈ ઝૂર્યા વિના...**' ઝૂરે. જેમ કોઈ પ્રિયજનના વિયોગથી ઝૂરે છે. અરે..! એક દીકરીને સાસરે વળાવે છે તો માણસ રડે છે. નહિતર તો એનો Preplan છે. એ કાંઈ એમ ને એમ ઓચિંતું તો થયું નથી હોતું. મૂરતિયો ગોતે છે, સગપણ કરે છે. સગપણને Celebrate કરે છે અને ધામધુમથી લગ્ન કરે છે. પણ વળાવવાની ક્ષણે તો કાંઈ હૃદય હાથમાં રહે નહિ કોઈનું. એ પરિસ્થિતિ ઊભી થાય છે. ગામમાં ને ગામમાં પરણાવી હોય તોય, હોં ! દેશ-પરદેશ મોકલવાની હોય તો હજી બીજી વાત છે. એક પ્રિયજનનો વિયોગ છે. ભલે એ વિયોગનો પ્રસંગ છે. બીજે જ દિવસે ઘરે જમવા આવવાના હોય, દીકરી-જમાઈ ગામમાં ને ગામમાં હોય, તોપણ એ વખતે તો જુદી જ પરિસ્થિતિ થાય છે.

એમ અહીંયાં એમ કહે છે કે તારા પરમાત્માથી તારો વિયોગ અને તને એનું કાંઈ નહિ ? આ તે કઈ જાતની તારી પરિસ્થિતિ છે એ સમજાતી નથી. જે પરમ તત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ છે એ સાક્ષાત્ પરમાત્માનો વિયોગ અને એ તને સાલતો નથી ? એ તને રડાવતો નથી ? જેટલા જ્ઞાનીઓ થયા છે એ આ દશામાંથી પસાર થયા પછી થયા છે. જે દશા 'કૃપાળુદેવે' લખી છે એ અદ્ધરથી, કલ્પનાથી, વિચારથી નથી લખી, સ્વયંનો અનુભવ લખેલો છે. સિવાય બીજી કોઈ વાત નથી. પણ વાતે વાતે એમ કાંઈ કહેવા ન બેસાય કે આ મારો અનુભવ છે... આ મારો અનુભવ છે. પણ આ તમામ જ્ઞાનીઓનો અનુભવ છે કે દઢ મોક્ષેચ્છામાં સ્વરૂપ પ્રાપ્ત ન થાય તો એની વેદનમાં ઝૂર્યા વિના માર્ગનો તો પત્તો લાગતો નથી.

'કૃપાળુદેવ' એમ કહે છે કે એ દિશાનો અંશ પણ દેખાતો નથી કે દિશા આ બાજુની, અંતરમાં આ બાજુની દિશા છે. એનો પત્તો નથી લાગતો. એટલું વજન છે. એ વગર શરૂઆત થતી નથી. દઢ મોક્ષેચ્છા

વિના જેટલું કાંઈ થાય તે બાહ્ય ક્રિયા અને પરલક્ષી જ્ઞાન છે. અહીંથી સ્વલક્ષી જ્ઞાનની શરૂઆત થાય છે. કેમકે લક્ષ છૂટતું નથી. જે કાંઈ ધ્યેય છે છૂટવાનું, એનાથી લક્ષ નથી છૂટતું માટે તે સ્વલક્ષી કહેવાય છે. પર્યાયે-પર્યાયે, પ્રસંગે-પ્રસંગે એના લક્ષ બહાર એ વાત જાય નહિ. કેમકે ત્યારે તો એને ઝૂરવાની વેદના આવી છે.

'**પણ અલ્પ ભાન થતું નથી; પૂર્વે થયું નથી;...**' કોઈને અધ્યાહાર છે. '**અને ભવિષ્યકાળે પણ નહીં થશે.**' હવે આટલી બધી તો વજનદાર વાત કરી છે. આપણું ધ્યાન ન જાય તો શું થાય ? કેટલું બધું વજન આપ્યું છે કે પ્રારંભ આ સિવાય બીજી રીતે થતો નથી, શરૂઆત થતી જ નથી. '**અમે તો એમ જાણ્યું છે.**' લ્યો ! કહી દીધું છે. '**અમે તો એમ જાણ્યું છે.**' એમ અનુભવ્યું છે એને કહે છે કે '**અમે તો એમ જાણ્યું છે. માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.**' હવે એ પહેલા બીજું જાણવું છે અને બીજું કરવું છે. આ ક્રમ વિપર્યાસ છે. એક પણ વિપર્યાસ રહે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થાય, આત્માની અવિપરીત દશા થાય એવું કદિ બને નહિ. એકેય વિપર્યાસ ન રહે.

હવે પહેલો વિપર્યાસ તો એ હોય છે કે ક્રમની જ ખબર નથી કે ક્યા ક્રમે શરૂઆત થાય છે અને ક્રમશઃ કેવી રીતે મુમુક્ષુતામાં આગળ વધાય છે. એ ક્રમની ખબર નથી, એ ક્રમનો વિચાર પણ નથી. એ અંગેના એ View point થી-એ દૃષ્ટિકોણથી વિચારણા પણ ન હોય અને ગમે તે સાધન અપનાવી લે કે ગમે તે સાધન માટે દોડા કરે તો એથી કાંઈ આત્માનું કલ્યાણ ન થાય. આ તો Science છે-વિજ્ઞાન છે. જે રીતે કામ થાય તે જ રીતે કામ થાય, બીજી રીતે કામ ન થાય. એટલે એમ કહે છે.

... એમ કરતાં કરતાં ક્યાંક વળી મેળ ખાઈ જાય છે. પણ જે માર્ગપ્રાપ્ત સત્પુરુષ છે અને એ માર્ગપ્રાપ્ત છે, જેમના સ્વાનુભવ વિષે શંકા ઉઠાવી શકાય એવી જગ્યા નથી. એવી સ્પષ્ટ જ્યાં પરિસ્થિતિ છે ત્યાં પછી બીજા પાસે રસ્તો ગોતવો, બીજા પાસે રસ્તો ગોતવા જાવું એ ભૂલાવામાં પડવાની વધારે પરિસ્થિતિ ઉભી થશે. ક્યાં ભૂલશે એ પોતાને ખબર નહિ પડે પણ ભૂલવાની ત્યાં ઘણી પરિસ્થિતિ છે.

પડવાના હજાર ઠેકાણા છે, ચડવાનો એક જ રસ્તો છે.

આવી ચોખ્ખી વાત લખી છે. કેટલા વજનદાર શબ્દો છે ! ભલે એક Post card ની અંદર આટલી Matter સમાવેશ કરી હશે અને તે દિ' તો એક પૈસાનો Post card હતો. અમે જોયા. 'ઈડર'ની અંદર ઘણા Post card (છે). ૩૦૦ પત્રો છે 'કૃપાળુદેવ'ના. મૂળ પત્રો છે ત્યાં. 'વન ક્વાર્ટર આના' Stamp છે એડવર્ડનો, કિંગ એડવર્ડનો. વન ક્વાર્ટર આના. એક પૈસાનું Post card તે દિ' હતું. 'કૃપાળુદેવ' જે દિવસે લખતા ત્યારે. એક પૈસાના Post card માં માર્ગનું મૂળ ક્યાં છે એ બતાવ્યું છે. અત્યારે કોઈ Technical advise લેવા જાવ તો ખંખેરી નાખે. એક Doctor ની સલાહ લેવા જાવ તો એમ કહે કે પંદર દિવસ મહિના પછી મારી Appointment મળશે અને Advance માં આટલા મૂકી દયો. પછી પૂરા પૈસા એ વખતે લઈ લેશું. Advise શરૂ કર્યા પહેલા. અને નાની પાલખીવાળા હોય તો Per minute. એક કલાકનો આટલો Charge અને Fraction of the hours બીજા કલાકનો પૂરો Charge. એક કલાકને દસ minute થાય તો બે કલાકના પૈસા. એક કલાકના દસ હજાર. તો એક કલાક અને દસ minuteના વીસ હજાર. Guerantee કોઈ નહિ. તમારા કામની કોઈ Guerantee નહી. મારી સમજણ પ્રમાણે તમને આટલી સલાહ આપું છું. બસ ! તમે તમારું જાણો પછી. Economic line ઉપર એટલી... Economist છે ને એ તો ? એ તો World નો Economist ગણાય છે. અને એવા તો ૫૬ જણા હશે હજી આખા World ની અંદર. આ તો World માં એકાદ જ હોય છે આવા તો. અને એમની સલાહ અનંત ભવના દુઃખ મટાડવા માટેની એમની સલાહ (છે).

જ્ઞાનીપુરુષ તે છે કે જે અંતરંગથી નિઃસ્પૃહ છે. જે અંતરંગથી નિઃસ્પૃહ છે એમ કહે છે. હું નિઃસ્પૃહ છું અને કોઈની પાસેથી કાંઇ લેતો નથી એનો આંડબર નથી બહારમાં. એનું અંતરંગ એ છે. નિશદિન જેનો આત્મામાં ઉપયોગ છે અને જે અંતરંગથી નિઃસ્પૃહ છે. કેમકે આ અધ્યાત્મ વિદ્યા અધ્યાત્મિક પુરુષો ક્યારેય વેચતા નથી. એ તો લૌકિક વિદ્યાનું ખરીદ વેચાણ હોય. અધ્યાત્મ વિદ્યાનું મૂલ્ય જ કોઈ થઈ શકે એવી પરિસ્થિતિ નથી. કોની સામે વેચે ? શું લઈને વેચે ? એ તો કહો.

એવી ચીજ નથી કોઈ સામે. અને પોતે નિઃસ્પૃહ છે. એકમાત્ર નિષ્કારણપણે જગતના જીવોનું કલ્યાણ થાય. કોઈપણ જીવનું કલ્યાણ થાય. નાત-જાતના ભેદ વગર જીવમાત્રનું કલ્યાણ થાય.

(પત્રાંક) ૪૩૦માં લખ્યું છે ને ? સત્પુરુષનો સંપ્રદાય શબ્દ વાપર્યો છે. સત્પુરુષનો એક નવો સંપ્રદાય. લોકસંજ્ઞા જેવો શાસ્ત્રસંજ્ઞા એક શબ્દ વાપર્યો છે. એની ભાષા જ સાવ સ્વતંત્ર છે. પૂછયું છે 'ધારશીભાઈ' કે કોઈને કે મારી વાત સાંભળ્યા પછી શાસ્ત્રસંજ્ઞા તો નહિ થાય ને ? શાસ્ત્રસંજ્ઞાનો અર્થ શું છે ? કે 'કૃપાળુદેવ' તો એમ કહે છે પણ શાસ્ત્રમાં એ વાતનો ક્યાંય આધાર છે ? એવી બુદ્ધિ પાછળથી થાય શાસ્ત્રનો આધાર ગોતવાની, એને શાસ્ત્રસંજ્ઞા કહી છે. એના શબ્દો અને એના વિચારો બિલકુલ મૌલિક છે.

આ જ્ઞાનીઓનું હૃદય છે **'કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત...'** થાય નહિ, **'પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય...'** Indirect. Direct નહિ. **'એમ નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે,...'** આ માર્ગ તો 'આદિનાથ' ભગવાનથી ચાલે છે. **'કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે...'** નિષ્કારણકરુણાશીલ એવું અમારું હૃદય રડે છે. ૬૮૦ (પત્ર). ચૈત્ર સુદ તેરશ છે અને ભગવાન મહાવીરની જય, મહાવીર, જય મહાવીર કરતા કોઈ નિકળ્યા હશે. અરે..રે..! ભૂતકાળના મહાવીરને ક્યાં શોધે છે ? ભાગ્યહીન જીવો, ભારતના ભાગ્યહીન જીવો ભૂતકાળના... ભ-ભનું Aletration કર્યું છે. વર્તમાનના મહાવીરને ચૂકીને ભૂતકાળના મહાવીરને શોધવા ક્યાં આથડે છે બિચારા ? ક્યાં રખડે છે બિચારા ? આ કાળના અમે બીજા 'શ્રીરામ' છીએ. આ કાળના અમે પચ્ચીસમાં તીર્થંકર છીએ, આ કાળના અમે મહાવીર છીએ. અમારા શરણે આવો. લખ્યું છે, આ અભિમાનથી નથી લખ્યું. આ નિષ્કારણ કરુણાશીલ એવું અમારું જે હૃદય છે એની વેદનામાંથી નીકળેલા આ વચનો છે.

**'સત્પુરુષના સંપ્રદાયની સનાતન...'** એટલે ત્રણે કાળે **'એવી કરુણાવસ્થા હોય છે કે, સમયમાત્રના અનવકાશે...'** એક સમય મોડું ન કરે પછી એમાં. કે આજ નહિ હવે કાલે કરશું એ તો હવે એનું

આપણે ભલું કરવું છે તો કાલે વાત હવે. એમ નહિ. '**એક સમયમાત્રના અનવકાશે આખો લોક...**' એક જીવ નહિ. આખા જગતના બધા જ પ્રાણીઓ. '**આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો, આત્મસ્વરૂપ પ્રત્યે હો; આત્મસમાધિ પ્રત્યે હો, અન્ય અવસ્થા પ્રત્યે ન હો, અન્ય સ્વરૂપ પ્રત્યે ન હો, અન્ય આધિ પ્રત્યે ન હો;...**' આવી એક ભાવના હોય છે.

'**જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો, અનવકાશપણે સર્વ જીવ તે જ્ઞાન પ્રત્યે રુચિપણે હો, એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે.**' આ નવો સંપ્રદાય છે. ચાલે છે એ નથી. ગજબની વાતો લખી છે ! એમનું હૃદય જ્યાં જ્યાં નીકળ્યું છે ત્યાં ત્યાં ગજબની વાતો એમણે કરી છે અને તે અર્થે એમને નમસ્કાર હો ! (અહીં સુધી રાખીએ).

**જગતવાસી સંસારી જીવની વિષયતૃષ્ણા અનંત છે, તેને વ્યસનની જેમ તલપ લાગેલી જ રહે છે – એવી સ્થિતિમાં, પૂર્વકર્મ અનુસાર સંયોગીક ફેરફાર થતાં જીવ સંયોગના રસે ચડી જાય છે, અનુકૂળતામાં પ્રાયઃ વિશેષ સંયોગનો રસ ચડી જાય છે(કર્તાબુદ્ધિને લીધે) – તો કોઈવાર પ્રતિકૂળતામાં વધુ ખેદાઈને રસ ભોગવે છે. (પરંતુ પોતાનું ધાર્યું કાર્ય અહીં થતું નથી – તેવા અનુભવને વિચારવાનો અહીં અવસર / પ્રસંગ છે. જો વિચારવાન હોય તો .... જ્યારે અનુકૂળતામાં આવા વિચારની સંભાવના નથી રહેતી). આમ પર-રસનું ઝેરની માત્રા વધતી જાય છે. તેથી જ પરિભ્રમણ કરતો જીવ ક્રમશઃ અધોગતિને પ્રાપ્ત કરે છે. ત્યાં સત્પુરુષનું શરણ જ તેને બચાવે છે, કે જે પુરુષ આત્મશાંતિ દ્વારા વિષય-દાહને શાંત કરવાના ઉપાયમાં જીવને યોજે છે. ('અનુભવસંજીવની'-૧૬૬)**

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૨૫૪. મુમુક્ષુતાનું સ્વરૂપ. મુમુક્ષુતા ઉત્પન્ન કેમ થાય એ વિષય આ પત્રનો છે. મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે. અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે. જે કોઈ મુમુક્ષુ નિષ્પક્ષપણે, મધ્યસ્થપણે દોષના અભાવ કરવાના દષ્ટિકોણથી, પોતાના દોષનો અભાવ કરવો છે એવો હેતુ ધારણ કરીને પોતાના દોષનું અવલોકન કરે તો અવશ્ય સ્વચ્છંદનો નાશ થાય છે.

સવારે એ વિષય ચાલ્યો હતો કે પોતાના દોષના વિચાર કરવા અને પોતાના દોષનું અવલોકન કરવું, એ બંને જુદી જુદી વાત છે. જે દોષ થયા પછી તેનો વિચાર આવે અને મુમુક્ષુતામાં એનો ખેદ પણ થાય. એ પ્રકારના પરિણામ સંભવિત છે. તેનાથી એટલો લાભ નથી થતો જેટલો લાભ પોતાના ચાલતા દોષના અવલોકનથી થાય છે. પોતાના દોષ જેને ખ્યાલમાં આવે છે, વિચારમાં આવે છે અને તેથી પોતાને ખેદ પણ થાય છે. એવો જે પ્રકાર છે એ પ્રકાર પણ વિચારની ભૂમિકામાં ચાલે છે. પણ જેને જાગૃતિ આવી હોય, મુમુક્ષુદશાની જેને જાગૃતિ કહીએ એ જાગૃતિના Stage માં આવે એવા મુમુક્ષુને પોતાના ચાલતા દોષ તે જ વખતે અવલોકન કરવાનું બને છે. અને એવું અવલોકન થતાં તત્ક્ષણ તે દોષનો રસ તૂટી જાય છે, તે દોષ સંબંધીનું જોર તૂટી જાય છે અને તે દોષ એકદમ પાતળો પડી જાય છે.

આ જે પ્રકાર છે એમાં દોષને જોનાર એવું જે જ્ઞાન એ જ્ઞાનની જાગૃતિનો પ્રકાર છે. જે કોઈ મુમુક્ષુ એ પ્રકારની જાગૃતિમાં આવે છે તેને પોતાના ચાલતા પરિણમનમાં દોષ સંબંધી અને નિર્દોષતા સંબંધી અનેક પડખાંઓ સમજમાં આવે છે. અનેક સૂક્ષ્મ વિષયો એને સમજવામાં આવે છે કે જે સૂક્ષ્મ વિષયો માત્ર વિચારની ભૂમિકામાં સમજવામાં નથી આવતા. એટલા સૂક્ષ્મ વિષયો સમજવામાં આવે છે.

થોડો વિશેષ વિચાર કરીએ એ વિષયમાં તો, કોઈપણ પ્રકારના વિભાવિક પરિણામમાં જીવને આગળ વધવાનું કારણ કેમ બન્યું ? એ પરિણામની અંદર રસ અને ચિકાશ કેમ થયા ? જે પરિણામ થયા એ પરિણામનું મૂલ્યાંકન કેટલું ? એનું કેટલું મૂલ્ય સમજીને એ રસ ઉત્પન્ન થયો ? એવા સૂક્ષ્મ પડખાંઓ અવલોકનના કાળે સમજવા મળે છે. અને તેથી કરીને જે-તે પરિણામો અને એ પરિણામના વિષયભૂત પદાર્થોનું મૂલ્ય નહિ આંકવા યોગ્ય હતું અને આંક્યું છે, એને વજન નહોતું આપવા જેવું અને વજન અપાયું છે, એવું સ્પષ્ટપણે પોતાના ખ્યાલમાં આવે છે, પોતાની સમજમાં આવે છે. અને આગળ ઉપર એ પ્રકારમાં આવતા પહેલાં જ જીવ ચેતી જાય છે. એવી પણ એક પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. કેમ ? કે એ ચાલતા દોષની અંદર એટલો એ વિષયના ઊંડાણમાં જીવ જાય છે કે ફરીને એ સ્થિતિમાં આવતા પહેલા જ એને જાગૃતિ આવી જાય છે અને એમાં પ્રવેશ ન કરે અથવા બહુ જ મંદ રસથી પ્રવેશ કરે.

બહુ શરૂઆતમાં 'કૃપાળુદેવ'ના કેટલાક વચનામૃતો છે એમાં એક બહુ કિંમતી વાત એ આવી છે કે કોઈપણ ઉદયના પ્રસંગમાં મંદ રસથી પ્રવેશ કરવો, મંદ રસથી પરિણમવું તે જ્ઞાનીના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. એટલે કે એ જ્ઞાની થવા પહેલાનું Pre-stage છે. પ્રવેશનું દ્વાર છે એમ કહ્યું એનો અર્થ શું થાય છે ? ઉદય તો પૂર્વે પોતે નિબંધન કરેલા કર્મનો છે. અથવા પોતે જે કર્મ નિબંધન કર્યું છે ત્યારે પોતે દોષ કર્યો છે માટે તે કર્મનું નિબંધન થયું છે. અપરાધ તો પોતાનો છે. એ ભૂતકાળના અપરાધનું પુનરાવર્તન ન થાય એ વર્તમાન પુરુષાર્થ અને વર્તમાન જાગૃતિનું કાર્ય છે. અને એ મુમુક્ષુતાની ભૂમિકામાં મુમુક્ષુપણામાં એ કાર્ય થઈ શકે છે. જો જીવ જાગૃત હોય તો રસ મંદ થાય તે ઉદયમાં પરિણમવામાં અને એ મંદ રસથી પરિણમતા.. પરિણમતા.. જ્ઞાનીના માર્ગમાં એટલે જ્ઞાનમાર્ગમાં પ્રવેશ થવાનું શક્ય બને છે. તીવ્ર રસવાળા રાગાદિ પરિણામમાંથી પાછા વળવું સંભવિત નથી.

વાહનનો Accident કેમ થાય છે ? મોટા ભાગે વધારે Speed, તીવ્ર ગતિ એ Accident નું કારણ થાય છે. કેમકે તીવ્ર ગતિના કાળમાં ગતિ ઉપરનો Control રાખી શકાતો નથી. અથવા તીવ્ર ગતિના

સમયમાં Break મારવી પણ એક જોખમ થઈ પડે છે. આ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. એમ જીવના પરિણામમાં પણ રસની ગતિ તીવ્ર હોય તો જીવ પાછો ન વળી શકે. આ તો સર્વસાધારણ બધા જ જીવોને અનુભવમાં આવે એવી વાત છે, અનુભવગોચર વાત છે. એટલા માટે જ્ઞાનીપુરુષોએ એ વાત ઉપર લાલબત્તી મૂકી છે. એ જગ્યાએ લાલબત્તી મૂકી છે કે કોઈપણ ઉદયમાં પરિણમવામાં મંદ રસે કરીને પરિણમવું એ જ જ્ઞાનીના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. અને એ મંદ રસ થાય અને તીવ્ર રસ ન થાય એનો એકમાત્ર કોઈ ઉપાય હોય તો તે અવલોકન કરવું એ જ છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

અહીંયાં તો 'કૃપાળુદેવ' સ્પષ્ટ કહે છે કે, એ મુમુક્ષુતા ઉત્પન્ન થવાની આ જ વિધિ છે, આ જ સ્વરૂપ છે, આ જ લક્ષણ છે કે મધ્યસ્થ થઈને એનું અવલોકન કર, એ દોષને તું જો અને એમ જોતાં તને અવશ્ય સ્વચ્છંદનો નાશ થશે. સ્વચ્છંદનો નાશ થશે એટલે દોષની જે નિરર્ગળ પ્રવૃત્તિ છે-આગળિયા વિનાની Control બહારની જે પ્રવૃત્તિ છે એ પ્રવૃત્તિ Control માં આવશે.

સામાન્ય રીતે મનના જે પરિણામ છે એ પોતાના Control બહાર પ્રવર્તી રહ્યા છે એવો દરેક મનુષ્યને અનુભવ છે. પણ એ અનુભવ ત્યાં સુધી છે કે જ્યાં સુધી જીવ અવલોકનમાં નથી આવતો ત્યાં સુધી. જે જીવ પોતાના દોષના જોવાના અવલોકનમાં આવે છે તે જીવને અવશ્ય મન ઉપરનો કાબૂ આવી જાય છે અથવા એનું મન વશ થાય છે. નહિતર મન વશ રહી શકે એ પરિસ્થિતિ સામાન્ય મનુષ્યોને હોતી નથી. આ એક પ્રયોગની ચમત્કારિક સિદ્ધિ છે. આ સિદ્ધિ માત્ર વિચારથી નથી થતી, પ્રયોગથી અવલોકનથી જ થાય છે. અને આ પ્રયોગમાં જે કાંઈ પુરુષાર્થ છે એ પુરુષાર્થ અહીંથી શરૂ થાય છે. આ પહેલા મુમુક્ષુના Stage માં કોઈ પુરુષાર્થનો તબક્કો નથી.

એમ કરતાં કરતાં '**સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે,...**' એટલે સ્વચ્છંદ ઓછા-વત્તા પ્રમાણમાં પણ દબાયો છે. '**ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.**' આત્મસ્વરૂપનો બોધ થવા માટેના યોગ્ય પરિણામ થવા એને બોધબીજ યોગ્ય ભૂમિકા કહેવામાં આવે છે. અથવા જેવું આત્મ સ્વરૂપ છે એવા આત્મ સ્વરૂપના

સંસ્કારરૂપી બીજ જેમાં પડે એવા પરિણામ થવા તેને બોધબીજ યોગ્ય ભૂમિકા કહીએ. વાત તો એક દૃષ્ટિએ બહુ અઘરી નથી અને એક દૃષ્ટિએ ઘણી અઘરી છે. બંને દૃષ્ટિ છે આની અંદર. જે અઘરી નથી એ એટલી જ દૃષ્ટિ છે કે જ્ઞાનથી પોતાના જ્ઞાન સ્વરૂપને ઓળખવું છે. જ્ઞાન વડે પોતાના જ્ઞાનમાં, પોતાના જ્ઞાનના આધારે પોતાનું જ્ઞાનસ્વરૂપ કેવું છે એ ભાસ્યમાન થાય તો ત્યાં બોધબીજ ઉત્પન્ન થાય છે. ભાસવું જોઈએ. આટલું જ કાર્ય છે. પણ કષાયરસથી જેનું જ્ઞાનદર્પણ મલિન છે, જેમ દર્પણ મલિન હોય તો એની અંદર મુખાકૃતિનું પ્રતિબિંબ નથી પડતું, એમ પોતાના જ સ્વભાવનું, પોતાના જ જ્ઞાનમાં ભાસવું ન થાય એનું કારણ શું ?

આપણે બધા બુદ્ધિજીવી માણસો છીએ. બુદ્ધિજીવી માણસો એટલે ? બુદ્ધિના વ્યવસાયથી આપણી આજીવિકા અથવા જીવન ચલાવીએ છીએ. બરાબર છે ? એટલે બુદ્ધિ નથી આપણામાં એમ તો કહી શકાય નહિ. હવે મહાપુરુષો અથવા શ્રીગુરુ જ્યારે આત્મસ્વરૂપ કહે છે, વાણી દ્વારા સમજાવે છે ત્યારે સમજી નથી શકતા એવું કાંઈ નથી. બરાબર છે ? બુદ્ધિજીવી માણસો છીએ. બુદ્ધિનો ઉઘાડ છે. બુદ્ધિમાં એટલી શક્તિ છે. જેણે આપણે શાસ્ત્રભાષામાં ક્ષયોપશમ શક્તિ કહીએ છીએ. જ્ઞાનના ક્ષયોપશમની શક્તિ. એમાં જેનું જ્ઞાન કષાયરસથી રંજિત છે, રંગાઈ ગયેલું છે એ જ્ઞાનમાં નિર્મળતા નથી. ભલે બુદ્ધિ ગમે તેટલી દેખાતી હોય તોપણ એ મેલી બુદ્ધિ છે. બુદ્ધિવાળા જ Atombomb બનાવે છે. અસ્ત્ર-શસ્ત્રોના કારખાના પણ બુદ્ધિવાળા જ બનાવે છે. અને જગતના વ્યવહારની આંટીઘૂંટી-દાવપેચ-કાવાદાવા જેને કહેવામાં આવે છે, એ પણ બુદ્ધિનો જ વિષય છે. પણ એ બધી બુદ્ધિની મલિનતા છે. બુદ્ધિની મલિનતામાં નિર્મળ અને પવિત્ર અકષાય સ્વભાવ પ્રતિભાસે નહિ એ સહજપણે સમજાય એવી વાત છે. એક તો એ પ્રકાર છે.

કોઈ એમ કહે કે, અમે તો ઘણા વર્ષોથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ. વળી વ્રતાદિ, નિયમ, સંયમ પણ એટલા પાળીએ છીએ. ખાવું-પીવું, રહેણી-કરણી બધું સાદગીવાળું અમારું જીવન છે. પછી કષાયરસથી રંગાયેલી અમારી બુદ્ધિ કેમ હોય ? ક્યાંથી હોય ? ન હોઈ

શકે અને તેથી અમને તો આત્મસ્વરૂપ ભાસવું જોઈએ.

એક બીજો પણ જ્ઞાનનો એક એવો દોષ છે કે જે સામાન્ય રીતે મુમુક્ષુને સમજાતો નથી, સમજવામાં આવતો નથી. અને એ દોષ એવો છે કે જેને શાસ્ત્રકાર 'પરલક્ષી જ્ઞાન' કહે છે. પરલક્ષી જ્ઞાનના ઉઘાડમાં અંગ પૂર્વનું જ્ઞાન હોય, અગિયાર અંગ અને નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોઈ શકે. એટલું વિશાળ જ્ઞાન હોય તોપણ એમાં આત્મસ્વરૂપ પ્રતિભાસે નહિ. એમાં દિશાનો Problem છે. એમાં જ્ઞાન એટલું મલિન નથી. તેમ ઉઘાડની પણ કોઈ સમસ્યા નથી. જ્ઞાનનો ઉઘાડ ઘણો સારો છે. ઉઘાડ શક્તિ એટલે ક્ષયોપશમ શક્તિ ઘણી વિશેષ છે. તેમ છતાં પણ આત્મસ્વરૂપ છે એ અંતઃતત્ત્વ સ્વરૂપ છે, આત્માનું એ અંતરંગ છે. અને જ્ઞાનનો ઉઘાડ બહિર્લક્ષી-પરલક્ષી આ બાજુનો છે, આ બાજુનો નથી. ઊલટી દિશા છે.

ઘણીવાર કોઈ એવો પ્રશ્ન પૂછે છે કે, જ્ઞાનીઓ એમ કહે છે કે આત્મા તો આનંદનો દરિયો છે. અરે..! દરિયાની ઉપમા પણ જેને ઓછી પડે. કેમકે દરિયાને નીચે તળિયું છે. પાંચ-છ માઈલ જાવ તો નીચે તળિયું આવે છે. જ્યારે આત્માના આનંદને, જ્ઞાનના સમુદ્રને કોઈ માપ જ નથી. તળિયા વિનાનો દરિયો છે એ. Bottomless જેને કહીએ. હદ જ નથી. બેહદ જ્ઞાન અને બેહદ આનંદનો જે સમુદ્ર છે. આટલો મોટો સમુદ્ર આત્મામાં ભર્યો હોવા છતાં અમને કેમ આનંદનો છાંટો પણ દેખાતો નથી ? આ એક પ્રશ્ન ઊઠે છે. પણ ગમે એટલો મોટો સમુદ્ર હોય અને ભલે સમુદ્રના કિનારે ઊભો હોય માણસ પણ પીઠ દઈને ઊભો હોય તો એને સમુદ્ર ક્યાંથી દેખાય ? દિશા ફેર છે. સમસ્યા દિશાની છે. એનુ મુખ ઊલટું હોય તો સમુદ્રમાં ગમે તેટલું પાણી હોય તોપણ એને પાણીનું એક બિંદુ નજરમાં નથી આવતું.

એમ ગમે તેટલું શાસ્ત્રજ્ઞાન હોય તોપણ જે એકાંતે પરલક્ષી શાસ્ત્રજ્ઞાન છે એ શાસ્ત્રજ્ઞાનમાં પોતાનું જ્ઞાનસ્વરૂપ પ્રતિભાસતું નથી. એટલે ત્યાં બોધબીજ યોગ્ય ભૂમિકા થતી નથી. આ એક સ્વલક્ષી જ્ઞાનનો, અંતર્લક્ષી જ્ઞાનનો વિષય છે. કેમકે આત્મા પોતે અંતઃતત્ત્વ સ્વરૂપ છે અથવા આત્માનું મૂળ સ્વરૂપ છે તે આત્માનું અંતરંગ છે, બહિરંગ નથી.

એટલે જ્યાં સ્વચ્છંદ દબાયો છે એમાં બંને પ્રકાર લેવા કે જેના કષાયરસ ફિક્કા પડી ગયા છે અને જેનું અંતર્લક્ષ છે, અંતર સંશોધન છે, અંતરમાં આત્મા શોધવાની જેની જિજ્ઞાસા અને વૃત્તિ છે, ભાવના છે એવા જીવને બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે. આટલું બોધબીજ યોગ્ય જે ભૂમિકા છે એ મુમુક્ષુને માટે પ્રયોજનભૂત વિષય છે.

કરણાનુયોગના દૃષ્ટિકોણથી આ જ ભૂમિકાનો જો વિચાર કરવામાં આવે તો અહીંયાં દર્શનમોહનો અનુભાગ ઘટે છે. આ કરણાનુયોગની પરિભાષા છે. અનુભાગ એટલે રસ. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ એવા એક પરિણામની અંદર જે ચાર પડખાં દ્રવ્યકર્મના ઉત્પન્ન થાય છે કે જેનું નિમિત્ત ભાવકર્મમાં હોય છે. એમાં જે દર્શનમોહનો ભાવ છે અથવા મિથ્યાત્વ મોહનીયનો જે ભાવ છે એનો અનુભાગ એટલે રસ ઘટે છે.

'કૃપાળુદેવ'ના વચનામૃતનો ઊંડાણથી જો અભ્યાસ કરવામાં આવે અથવા ઊંડાણથી એનો વિચાર કરવામાં આવે, ઊંડાણથી સમજવામાં આવે તો અનેક જગ્યાએ એ વાત નીકળે છે કે મુમુક્ષુજીવનો દર્શનમોહનો અનુભાગ ઘટે એવું જે મુમુક્ષુની ભૂમિકાનું પ્રયોજનભૂત કાર્ય (છે), એ કાર્ય ઉપર એમણે ઘણો પ્રકાશ પાડ્યો છે. ઘણી વાતો લખી છે, ઘણી વાતોનો ઉપદેશ આપ્યો છે. અને મુખ્ય વિષય એમના ઉપદેશનો એ રહ્યો છે. એમ અનેક જગ્યાએથી નીકળે છે.

આ જગ્યાએ પણ એ વાત છે કે જ્યાં '**સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.**' એટલે દર્શનમોહનો નાશ થશે ત્યારે આત્મબોધ પ્રગટ થશે. અને આત્મબોધ પ્રગટ થવા પહેલાનું જે Stage છે, આગળની જે ભૂમિકા છે એમાં દર્શનમોહનો અનુભાગ મંદ થાય તો જ એની શક્તિ ઘટે.

આ એક અનાદિઅનંત સિદ્ધાંત છે કે કોઈપણ સંસારીજીવને પ્રથમમાં પ્રથમ જે સમ્યગ્દર્શન થાય છે તે ઉપશમ સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનના આગમભાષામાં ત્રણ ભેદ છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એ આગમભાષાથી ત્રણ ભેદ એના છે. કરણાનુયોગના આગમની આ ભાષા છે. એમાં બધા જ જીવોને પ્રથમમાં પ્રથમ

સમ્યગ્દર્શન થાય તે ઉપશમ સમ્યગ્દર્શન થાય. ઉપશમનો અર્થ શું ? ઉપશમવું એટલે દબાવું. ત્યાં દર્શનમોહનો ઉદય નથી એટલે એને ઉદયનો અભાવ અવશ્ય કહેવામાં આવે છે અથવા દર્શનમોહનો અભાવ અને નાશ એમ કહેવામાં આવે છે. તોપણ એટલું તો સમજવા યોગ્ય છે કે ત્યાં તે દર્શનમોહ દબાયેલો પડ્યો છે હજી. જે ક્ષાયિક સમ્યગ્દર્શનમાં દર્શનમોહનો અભાવ થાય, મૂળમાંથી નાશ થાય એ પ્રકાર પ્રથમમાં પ્રથમ કોઈપણ સમ્યગ્દૃષ્ટિને બનતું નથી. દબાયા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી. અને પ્રથમમાં પ્રથમ મોહ દબાવો જરૂરી છે. એ સૌથી મોટો દુશ્મન છે.

અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર હોય તો દર્શનમોહ છે. દર્શનમોહના અભાવમાં બધી જ પ્રકૃતિ લુલી, લંગડી, પાંગળી થઈ જાય છે. પછી ભલે એ પ્રકૃતિ ૧૪૭માંથી ૧૪૬ રહી હોય તો પછી બધી પરિસ્થિતિ તદ્દન નબળી છે. સૌથી કોઈ અનંત સંસારનું કારણ હોય તો તે દર્શનમોહ છે અથવા મિથ્યાત્વમોહ છે. અને એની તાકાત, એની શક્તિ એટલી છે કે 'કૃપાળુદેવ' લખે છે કે ભુજાએ કરીને સમુદ્ર તરવો સહેલો છે પણ દર્શનમોહ રૂપી સમુદ્રને તરવો સહેલો નથી. એટલી બધી એની તાકાત છે. તો એ સીધો તો મરતો નથી, સીધો કોઈને જાતો નથી. કોઈપણ જીવ હોય.

આ તો સિદ્ધાંતિક વાત છે કે પ્રથમમાં પ્રથમ દર્શનમોહ ઉપશમે છે એટલે દબાય છે. અને દબાય કોણ ? કે નબળો પડે તે જ દબાય. સબળો હોય એ કોઈ દિવસ દબાય નહિ. આ તો એકદમ Practical વાત છે, વ્યવહારુ વાત છે કે કોઈ સબળો કદિ દબાય નહિ. નબળો હોય તે જ દબાય. અને એ નબળા પાડવાની શિક્ષા-દીક્ષા 'કૃપાળુદેવ'ના વચનોમાં ઠામ ઠામ જોવા મળે છે. એકે એક પત્રમાં લગભગ એ વાત જોવા મળે છે.

આપણે જે પહેલે દિવસે વાત થઈ. ભાઈએ જમતા જમતા એક પ્રશ્ન પૂછ્યો હતો કે, 'કૃપાળુદેવ'ના સમગ્ર વચનોનો સાર-Cream શું છે ? તર જેને કહીએ આપણે. તો એ સાર એ છે, બહુ સંક્ષેપમાં લઈએ કે કોઈ પ્રગટ વિદ્યમાન સત્પુરુષ મળે તો એના ચરણમાં બેસી જાવું એ છે. જેમકે પાત્રતાના લક્ષણો ૧૦૫ નંબરના આંકમાં છે. દસ લક્ષણો. એમાં

પહેલું લક્ષણ અને મુખ્ય લક્ષણ એ લીધું છે. ભગવાન 'મહાવીર'ના બોધને પાત્ર કોણ ? અર્થાત્ સમ્યગ્દર્શનને પાત્ર કોણ ? કે સત્પુરુષના ચરણનો ઇચ્છુક. આટલા શબ્દો પડેલા છે–સત્પુરુષના ચરણનો ઇચ્છુક. પાત્રતાના દસ લક્ષણોમાંથી આ બાકીના નવ આ એકમાં સમાય જાય છે એમ કહી દીધું. પહેલું છે એ જ મુખ્ય છે.

હવે વાત તો બહુ નાની ગણાય કે સત્પુરુષના ચરણના ઇચ્છુક તો મુમુક્ષુ હોય જ. પણ એમાં કઈ મોટી વાત એ વાતના ગર્ભમાં રહેલી છે એ જો વિચારવામાં આવે તો એ છે કે સત્પુરુષ કોણ છે ? કે જેણે દર્શનમોહનો અભાવ કર્યો છે તે. બરાબર ? મોહરહિત પુરુષને ઓળખીને. જેને ઓળખતાં મોહરહિત પુરુષનું બહુમાન આવે એ બહુમાન કરનાર પરિણામ છે અથવા એ બહુમાન કરનારાના જે પરિણામ છે એમાં દર્શનમોહનો અનુભાગ ઘટે છે. આ સીધું ગણિત છે આની અંદર. જેમ એક ને એક બે થાય, પોણા બે કે સવા બે ન થાય એવું સીધું આ ગણિત છે. શા માટે આ વાત ઉપર 'કૃપાળુદેવ'નું વજન છે. સૌથી મુખ્ય લક્ષણ કેમ બાધ્યું ? અરે..! આ પત્રમાં પણ એ જ વાત કરશે. જે ત્રણ... વજન છે.

ઉપરછલ્લી જુઓ તો એ વાતમાં જાણે કાંઈ માલ ન હોય એવું લાગે. ઉપરછલ્લી દૃષ્ટિથી એમાં કાંઈ એવી મોટી વાત ન લાગે પણ બહુ મોટી વાત એની અંદર રહેલી છે. કે દર્શનમોહ જેવો જબરદસ્ત શક્તિશાળી દુશ્મન એની તાકાત તોડવી હોય, એની શક્તિને તોડી નાખવી હોય, એના અનુભાગને ઘટાડી દેવો હોય તો એ સત્પુરુષને ઓળખીને એનું બહુમાન કરવું, એનું બહુમાન સહેજે થવું. ઓળખતા બહુમાન થયા વિના રહે નહિ. હીરો ઓળખાય તો હીરાની કિંમત જણાયા વિના રહે નહિ. એટલે તરત જ એ અનુભાગ ઘટે છે.

દર્શનમોહના અનુભાગ ઘટવાના જેટલા કોઈ ઉપાયો છે, જેટલા કોઈ પ્રકારના મુમુક્ષુની ભૂમિકાના પરિણામો છે, એ બધા પરિણામોમાં સહેલામાં સહેલો અને સુગમમાં સુગમ આ ઉપાય છે પાછો. આથી સહેલો કોઈ ઉપાય નથી. આથી પછી બધા અઘરા ઉપાય છે. સરળ અને સુગમ સહેલો ઉપાય હોય તો આ એક છે કે એક સત્પુરુષને શોધ. બીજું કાંઈ શોધમાં. અને પછી સમ્યગ્દર્શન નહિ, પછી મોક્ષ ન મળે તો

મારી પાસેથી લેજે. Guerantee આપી છે એમણે. એનો અર્થ કે તને મોક્ષ નહિ મળે એ વાતમાં કાંઈ માલ નથી. મોક્ષ મળવાનો, મળવાનો ને મળવાનો જ. ૧૯૪મા પત્રમાં તો પોતાનો અનુભવ છે એ વાતમાં. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી. આટલા શબ્દો પડ્યા છે. પોતાને જાતિસ્મરણજ્ઞાન છે. ભૂતકાળમાં કોઈ સત્પુરુષના ચરણારવિંદ સેવ્યા છે અને તેથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. એ વાતની એમણે જાહેરાત કરી છે ૧૯૪ નંબરના પત્રમાં. ૨૪મા વર્ષનો જ પત્ર છે. ૧૯૪૭ સમકિત શુદ્ધ પ્રકાશ્યું. પછી જ આ વાત કરી છે એમણે. પાછી એ પહેલા કરેલી છે એમ નથી. ત્યાર પછી આ વાત કરી છે ૧૯૪ નંબરના પત્રમાં.

આ ભવમાં તો સ્પષ્ટ છે કે કોઈ ગુરુ એમને મળ્યા નથી. આ ભવમાં કોઈ મહાપુરુષ એમને મળ્યા નથી. સ્વયં જ પોતાના આત્મામાંથી જ્ઞાનની ઉત્પત્તિ થઈ છે એનું કારણ શું ? કે એનું કારણ એ છે કે ભૂતકાળમાં સત્પુરુષના ચરણ સેવ્યા છે અને જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી. ભૂતકાળ નાખ્યો છે. જ્ઞાનપ્રાપ્તિ અમને તેથી થઈ હતી. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવામાં આવે તો આ એક જ છે. એમ કરીને તમામ શાસ્ત્રનો Total મારી દીધો છે ૧૯૪માં તો. અને એ વાતનું વજન એમના અનેક પત્રોમાં સ્પષ્ટપણે જોવામાં આવે છે. એનું કારણ મુમુક્ષુનું હિત જોયું છે એમણે.

સત્પુરુષ થઈને સત્પુરુષના ચરણમાં બેસવાની કોઈને વાત કરવી એ સહેલી નથી, હોં ! આ જગતના જીવો અર્થનો અનર્થ કરવામાં ઘણા નિપુણ અને કુશળ છે, હોશિયાર છે. જોયું ! પોતે સત્પુરુષ તરીકે પોતાને કહે છે અને ભક્તિ કરવાનો ઉપદેશ આપે છે કે મારા ચરણમાં તું બેસી જા. અને આવું તો બધા કહે છે. 'ગીતા'ની અંદર 'શ્રીકૃષ્ણ'ના મુખેથી આ વાત બોલાવી છે. 'તમ મામેકમ શરણ વ્રજ અહં ત્વમ્ સર્વ પાપેભ્યો મોક્ષ એશ્યામી મહાસુચક' તું ચિંતા કરીશ નહિ, હું તને મોક્ષમાં પહોંચાડી દઈશ. તું મારા ચરણમાં આવી જા. આ 'શ્રીકૃષ્ણ'ના મુખેથી (વાત કહેવડાવી છે). બધા સંપ્રદાયમાં એ વાત છે કે તું મારા ચરણમાં આવી જા. પણ એનો અર્થ શું ? એનું તાત્પર્ય શું ? એનું રહસ્ય શું ? શબ્દાર્થ નથી જોવો પણ એનો રહસ્યાર્થ શું છે ?

રહસ્ય એ છે કે જો ખરેખર દર્શનમોહ રહિત પુરુષની ઓળખાણ

થાય તો બહુમાન આવ્યા વિના રહે નહિ અને એ બહુમાન આવે એમાં દર્શનમોહ દબાયા વિના રહે નહિ. દર્શનમોહનો અનુભાગ ઘટેલો હોય તેવી જ સ્થિતિમાં બોધબીજ યોગ્ય ભૂમિકા હોય છે. એ સિવાય બીજી કોઈ બોધબીજ યોગ્ય ભૂમિકા નથી, એ સિદ્ધાંતિક વાત છે. અને ત્યારે જ જ્ઞાનમાં એટલી નિર્મળતા હોય છે કે તે જ્ઞાન, જે જ્ઞાનમાં પોતાનું જ્ઞાનસ્વરૂપી, જ્ઞાનસ્વભાવી પોતાનું સ્વરૂપ પ્રતિભાસે, એ જ્ઞાન તેની ભૂમિકાની નિર્મળતામાં આવ્યા વિના એમાં પોતાના સ્વભાવનું પ્રતિબિંબ ઉઠતું નથી, આવતું નથી. આ એક સીધી સાદિ વાત છે. એટલે એ ભૂમિકામાં આવનાર જીવને પણ હજી ત્રણ જગ્યાએથી પસાર થવાનું છે.

**'સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.'** શું કહે છે પોતાના અનુભવ જ્ઞાનથી ? જાણીએ છીએ એટલે અમારું અનુભવજ્ઞાન આમ બોલે છે. આ એક વિશેષતા છે કે મુમુક્ષુપણાની ભૂમિકાની બહુ જ મહત્વની વાતો એમના જ્ઞાનમાં એટલી બધી સ્પષ્ટ છે કે જે સંબંધી એમને કહેવું છે એ એકદમ જેના માટે વિચાર કરીને કહેવું પડે એવી આવશ્યકતા નથી. અનુભવજ્ઞાન છે ને ? વિચાર કરીને ન કહેવું પડે. Professor સાહેબ હોય તો થોડું તૈયાર થઈને આવવું પડે ને ? જે Subject ઉપર Lacture આપવું હોય એને તૈયાર થઈને આવવું પડે. ભલે એ પોતે ભણી ગયા હોય, Degree મેળવેલી હોય તોપણ.

જ્ઞાનીઓની એ સ્થિતિ નથી. કેમકે જ્ઞાન શાસ્ત્રમાંથી નથી આવતું પણ જ્ઞાન આત્મામાંથી આવે છે. એવો એમનો એક પોતાના અનંત જ્ઞાનના ભંડારમાંથી જ્ઞાનનો પ્રવાહ છૂટે છે. એ જ્ઞાનને કોઈ વિચારની, કોઈ શાસ્ત્રની, કોઈ બહારના સાધનની મદદની જરૂર એને નથી રહેતી. કેમકે પોતે જ શક્તિનું સ્વરૂપ છે. શક્તિને કોની જરૂર હોય. જ્ઞાન તો આત્માની શક્તિ છે અને શક્તિને કોઈની અપેક્ષા હોય તો એને શક્તિ એવું નામ આપવું બેકાર છે. કેમ આપી શકાય ? એને શક્તિ એવું નામ કેમ આપી શકાય ? પોતે જ શક્તિસ્વરૂપ છે. એટલે મોક્ષમાર્ગની પ્રાપ્તિ, માર્ગ પ્રાપ્તિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી જે મોક્ષમાર્ગ છે, એની પ્રાપ્તિને રોકનારા ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે એમ અનુભવથી

પોતે કહે છે.

એમાં પ્રથમ કારણ છે '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ દૈન્યતાની ઓછાઈ અને પદાર્થનો...**' એટલે આત્મસ્વરૂપનો '**અનિર્ણય.**' '**એ બધાં કારણો ટાળવાનું બીજ...**' એટલે મૂળ. મૂળ પણ પછી આવે છે. એ પહેલા બીજ હોય છે. '**એ બધા કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.**' એટલે ત્રણે કારણો ટાળવા માટે એક મુખ્ય બીજરૂપ ઉપાય છે તે નીચે પોતે એ જ શબ્દ વાપરીને સ્પષ્ટ કરેલું છે કે એ ત્રણેનું બીજ... વચ્ચેનો એક Paragraph છે એમાં છે.

'**આ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.**' ત્યાં પણ બીજ શબ્દ વાપર્યો છે. જે હવે પછી કહેશું એમાં નીચે કહી દીધું છે કે એ '**ત્રણેનું બીજ મહાત્માને વિષે...**' અથવા સત્પુરુષને વિષે, જ્ઞાનીપુરુષને '**વિષે પરમ પ્રેમાર્પણ એ છે.**' પરમ પ્રેમાર્પણ ત્યારે જ થાય છે કે જ્યારે તે પુરુષની ઓળખાણ થાય છે ત્યારે. જ્ઞાનીપુરુષ પણ બીજા મનુષ્ય જેવા મનુષ્ય આકારે જ હોય છે. સામાન્ય મનુષ્યની મનુષ્યદેહની જે બાહ્ય દેખાવની પરિસ્થિતિ છે, તે જ જ્ઞાનીની સ્થિતિ હોય છે. વળી પૂર્વ કર્મનો ચિત્ર-વિચિત્ર ઉદય એમની દશા એક અટપટી દશા છે એવી સ્થિતિ જગતની અંદર બાહ્ય દેખાવ ઊભો કરે છે અને પરિણામે જગત જ્ઞાનીપુરુષને ઓળખી શકતું નથી.

'કૃપાળુદેવ'ના વચનોનો સારાંશ.. સારાંશ તો શું કહેવો, પણ એ વચનોમાંથી કોઈ એક સિદ્ધિ પ્રાપ્ત થાય તો તે છે કે અનંત કાળમાં જીવે સત્પુરુષની ઓળખાણ કરી નથી. અનંત કાળમાં અનંત વાર સત્પુરુષ અવશ્ય મળ્યા છે પણ એકવાર પણ ઓળખાણ કરી નથી. જો એકવાર ઓળખાણ કરે તો એને આ ત્રણે કારણો ટાળવાનું બીજ એના પરિણમનની અંદર, એના આત્માની અંદર રોપાય જાય છે અને આગળનો રસ્તો સુગમ થઈ જાય છે, સહેલો થઈ જાય છે. એટલે એ એક વાત બહુ મોટી સિદ્ધિની વાત છે.

જેને જન્મ-મરણ ટાળવા છે, જેને સંસારનું પરિભ્રમણ ટાળવું છે એને સત્પુરુષને ઓળખવા માટે તીવ્ર વૃત્તિ રાખવી, તીવ્ર જિજ્ઞાસા રાખવી, તીવ્રતા રાખવી. એમણે ઓળખાણમાં કહ્યું છે કે '**પહેલું અને**

**ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.**' એટલે આ સત્પુરુષના પરમ વિનયમાં ઓછપ છે એની હાનિ કરવી '**અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.**' કોઈ એમ કહે કે ઓળખવું તો છે પણ ઓળખાતું નથી. કરવું શું ?

એનો પણ રસ્તો બતાવ્યો છે કે '**ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે.**' ઓળખવાની પરમ તીવ્રતા રાખવી એટલો જ Process છે એની અંદર, આથી વધારે કોઈ વાત નથી. તો અવશ્ય ઓળખાશે. એ પરમ તીવ્રતા તે ઉત્કૃષ્ટ મુમુક્ષુતા છે અને એ '**મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે.**' એ વાત એમણે નીચે કરી છે. પણ એ બધા કારણો ટાળવાનું આ જે બીજ છે એ પહેલા જીવ બીજી રીતે આગળ વધી જાય અને જ્ઞાન પ્રાપ્તિ કરી લે કે મોક્ષમાર્ગમાં આવી જાય, ન ભૂતો ન ભવિષ્યતિ.

સમ્યગ્દર્શન પહેલા પાંચ લબ્ધિ થાય છે. એમાં એક દેશનાલબ્ધિ છે. એ દેશનાલબ્ધિનો સિદ્ધાંત જ એવો છે કે પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષની દેશનાની પ્રાપ્તિ થાય તેને જ દેશનાલબ્ધિ કહે છે. કોઈ સીધું પુસ્તક કે શાસ્ત્ર વાંચી લે એને દેશનાલબ્ધિ મળતી નથી, દેશનાની પ્રાપ્તિ થતી નથી. આ એક કરણાનુયોગના શાસ્ત્રમાં દેશનાલબ્ધિનો સિદ્ધાંત મૂકેલો છે. જે કોઈપણ જીવ માટે અનાદિઅનંત છે. પણ સત્પુરુષને ઓળખ્યા વિના દેશનાલબ્ધિની પ્રાપ્તિ થતી નથી. આ એક બહુ મહત્વપૂર્ણ વિષય છે. તે પહેલા, એ વિષયને ચર્ચતા પહેલા આ કારણોને વિશેષપણે પોતે કહે છે.

'**આ લોકની અલ્પ પણ સુખેચ્છા, એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે.**' અથવા સામાન્ય મુમુક્ષુને અને મધ્યમ કોટીના મુમુક્ષુને લગભગ આ લોકની અલ્પ પણ સુખેચ્છા એવો એક દોષ રહે છે. એટલે શું ? કે સુખ આત્મામાં હોવા છતાં અને સુખ જડ પદાર્થોમાં નહિ હોવા છતાં અનાદિનો જે વિપરીત અભિનિવેશ છે અથવા વિપરીત અભિપ્રાય છે એમાં એ વાત પડી છે કે સુખ બાહ્ય પદાર્થોમાં છે અને સુખ આત્મામાં નથી. એવો એક વિપરીત નિર્ણય અનાદિથી વર્તે છે. એ નિર્ણય ઊલટો છે. અને એ નિર્ણય તીવ્ર મુમુક્ષુતાની ભૂમિકામાં જ ઊલટો મટીને સુલટો થાય છે. ત્યાં સુધી

નિર્ણય ઊલટો હોવાને લીધે મુમુક્ષુતા હોય, જઘન્ય મુમુક્ષુતા હોય, મધ્યમ કોટીની મુમુક્ષુતા હોય તોપણ જગતના પદાર્થોમાંથી સુખ લેવાનો અભિપ્રાય, અલ્પ પણ અભિપ્રાય ઊંડે-ઊંડે રહી જાય છે.

એવું બનવાની શક્યતા છે કે બહારમાં વૈરાગ્ય હોય અને એ વૈરાગ્યને અનુસાર જીવન સાદગીવાળું હોય, સાદાઈવાળું જીવન હોય તોપણ અહીંયાં વિષય અભિપ્રાયનો ચાલે છે. વિષય આચરણનો નથી પણ વિષય અભિપ્રાયનો છે આ. આચરણની અંદર વૈરાગ્ય હોઈ શકે પણ જો અભિપ્રાયની અંદર દોષ હોય તો એ વૈરાગ્ય ટકી નહિ શકે, એ વૈરાગ્ય નભી નહિ શકે. કદાચ કોઈ જીવને તે જીવનપર્યંત ટકી જશે તોપણ ભવાંતર થતા ભાવાંતર થઈ જાય છે. બીજા ભવમાં એને ખબર નથી હોતી. જે કાંઈ વૈરાગ્યના પરિણામને લઈને પુણ્યાનુબંધ થયો હોય છે એ પુણ્યના ફળમાં ભૌતિક પદાર્થોનો સંયોગ, પુણ્યના સંયોગો વિશેષે કરીને મળે છે અને આગળના ભવની સ્મૃતિ નહિ હોવાને લીધે, સ્મરણ નહિ રહેતું હોવાથી, વિસ્મરણ થયું હોવાથી ઉપલબ્ધ ભૌતિક પદાર્થોની અંદર જીવના પરિણામ તીવ્ર રસવાળા થઈ જાય છે. એટલે પહેલા જે કાંઈ આગળના ભવમાં વૈરાગ્યની ઉપાસના કરી એ બધી બીજા ભવમાં ચોપટ થઈ જાય છે, ખલાસ થઈ જાય છે. કોઈને તો તે જ ભવમાં જાય છે, કોઈને બીજા ભવમાં પણ ચાલ્યું જાય છે. એટલે મૂળમાંથી આ વિષય ગ્રહણ થાય અથવા મૂળમાંથી આ ફેરફાર થાય તો આવી જાતનું કરેલું નકામું ન જાય એવી પરિસ્થિતિ ઊભી થવી જોઈએ કે કરવી જોઈએ. એટલા માટે આ વાત ચાલે છે.

'**આ લોકની અલ્પ પણ સુખેચ્છા...**' એ તીવ્ર મુમુક્ષુતામાં પદાર્થદર્શન થાય તો જ ટળે છે નહિતર નિર્ણય બદલાતો નથી. એ વાત નીચેના વચનામૃતમાંથી નીકળે છે. '**એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે.**' જ્યારે તીવ્ર મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે '**તે હોવાના કારણો...**' એટલે કે અલ્પ પણ સુખેચ્છા હોવાના કારણો શું છે ? કે '**નિઃશંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી,...**' સત્ એટલે સત્તાનું ગ્રહણ નિઃશંકપણે થાય, સત્તાનું ગ્રહણ થતાં જે નિઃશંકતા આવે ત્યારે મારો આત્મા નિઃશંકપણે સત્ છે એવી એક નિઃશંકતા સત્ સંબંધીની આવે. સત્ એટલે હોવાપણું. મારી હયાતી, મારું હોવાપણું,

મારી સત્તા શાશ્વત અવ્યાબાધ સ્વરૂપ છે એવું જ્યાં સુધી તીવ્ર મુમુક્ષુતામાં નિર્ણયની ભૂમિકામાં દઢ નથી થતું, નિઃશંક નથી થતું અથવા એનો બીજો અર્થ કરે છે તે સત્ એટલે આત્મા. '**અથવા તે પરમાનંદરૂપ જ છે એમ પણ નિશ્ચય નથી.**' નિર્ણય નથી. એટલે એમ કહેવું છે કે જીવની સુખની ઈચ્છાના અભિપ્રાયને સ્વરૂપ નિર્ણય સાથે સીધો સંબંધ છે.

બહુ Practical side થી આ વાતને વિચારીએ તો બધાને Practically આ વાત અનુભવગોચર છે કે જ્યાં જ્યાં આ જીવે સુખનો નિર્ણય કર્યો છે, જે જે વિષયોમાં પોતે સુખનો અભિપ્રાય અથવા બુદ્ધિ નક્કી કરેલી છે ત્યાં જીવનો ઉપયોગ વગર વિચારે ચાલ્યો જાય છે. ત્યાં ઉપયોગ મૂકવા માટે એ ઉપયોગ મૂકવાનો વિચાર નથી કરવો પડતો. અરે..! પોતાને ખબર ન પડે એટલો ઝડપથી ચાલ્યો જાય છે. પછી ખબર પડે છે કે મારો ઉપયોગ ત્યાં ગયો હતો કે જ્યાં મને સુખ લાગે છે. કારણ શું ? આમ થવાનું કારણ શું ?

જીવનો ઉપયોગ પોતાને જીવને ખબર પડે એ પહેલા કોઈપણ જગ્યાએ ચાલ્યો જાય એનું કારણ શું ? એનું વૈજ્ઞાનિક કારણ શું ? એની પાછળનું Science શું છે ? એનું કારણ એ છે કે આ જીવના અભિપ્રાયથી, આ જીવના નિર્ણયથી ત્યાં સુખ છે એવો નિશ્ચય થઈ પડેલો છે. એ નિશ્ચય જ્યાં સુધી નિર્મૂળ ન થાય ત્યાં સુધી એ પરિસ્થિતિમાં કોઈ ફેરફાર કરી શકાય નહિ. ત્યાં સુધી એ પરિસ્થિતિ બદલી શકાય નહિ. અથવા તે પરિસ્થિતિ અનિવાર્યપણે થયા જ કરે. નિવારી જ શકાય નહિ. આ તો બધાનો સામાન્ય અનુભવ છે.

એટલા માટે તીવ્ર મુમુક્ષુતામાં આવીને આત્મા સત્ પરમાનંદસ્વરૂપ છે એવો નિશ્ચય જ્યાં સુધી ન થાય, સ્વરૂપસુખનો નિર્ણય આત્મામાં ન થાય એટલે કે આત્મામાં પોતાનું અનંત સુખ છે એ ભાસે નહિ ત્યાં સુધી અન્ય પદાર્થમાં અનુકૂળતાઓમાં કે અમુક વિષયમાં સુખ છે એ નિર્ણય કોઈ દિવસ બદલાય નહિ. ઊલટો નિર્ણય સુલટો નિર્ણય થયા વિના નાશ પામે નહિ. એટલે ત્યાં સુધી સામાન્ય મુમુક્ષુતા હોય કે મધ્યમ કોટીની મુમુક્ષુતા હોય એ મુમુક્ષુતાની અંદર કષાય મંદ રહેતો હોવાને લીધે અને કષાય સામાન્ય રીતે બીજા જીવોને તીવ્ર થાય છે

એવો તીવ્ર નહિ થતો હોવાને લીધે શાતાનું સુખ અનુભવાય છે. અન્ય વિષયનું સુખ એક બાજુ રહો પણ વૈરાગી હોય એને શાતાનું સુખ અનુભવાય છે અને તેથી '**મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતા...**' મનની શાતા, મનની શાંતિ એ '**બાહ્યશાતાનાં કારણો...**' જે ત્યાગ, વૈરાગ્ય આદિ, સંયમ આદિ એ '**પ્રિય લાગે છે** (!)' અહીંયાં પ્રિય લાગે છે. મુમુક્ષુને આ બાહ્ય શાતાના કારણો પ્રિય લાગે છે. એટલું લખ્યા પછી 'કૃપાળુદેવે' કૌંસની અંદર આશ્ચર્ય ચિહ્ન મૂક્યું છે. Exclamation mark મૂક્યો છે. આશ્ચર્યચિહ્ન. અરે..રે..! મુમુક્ષુને બાહ્ય શાતાના કારણો પ્રિય લાગે ! આ મુમુક્ષુ આત્માનો આનંદ લેવા નીકળ્યો નથી. જો આત્માનો આનંદ લેવા નીકળ્યો હોય તો એને બાહ્ય શાતાના કારણો પ્રિય લાગે નહિ. એટલે ત્યાં આશ્ચર્ય ચિહ્ન મૂક્યું છે. એને મુમુક્ષુ શું કહેવો ? બાહ્ય શાતાના કારણો તો જગતના બધા પ્રાણીઓને સુખરૂપ અને આનંદરૂપ લાગે છે. તો પછી મુમુક્ષુને પણ જો એમ જ થતું હોય તો એને મુમુક્ષુ તરીકે ગણવો શું ? એને કહેવો શું ? એટલા માટે પોતે આશ્ચર્યચિહ્ન મૂક્યું છે.

એવા બાહ્ય શાતાના કારણો પ્રિય લાગતા હોવાથી '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે;...**' જાય નહિ. રહ્યા જ કરે, થયા જ કરે. એવો એક ખ્યાલ હોય કે આમ ન થવું જોઈએ તોપણ થયા જ કરે એવી આ એક પરિસ્થિતિ છે કે જેને સ્વરૂપના નિશ્ચય સાથે સીધો સંબંધ છે. અને તેથી, અને આમ થતું હોવાને લીધે '**જીવની જોગ્યતા રોકાઈ જાય છે.**' મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરવા માટે જે યોગ્યતા થવી જોઈએ, જે યોગ્યતામાં એને આગળ વધવું જોઈએ એ યોગ્યતાનો વિકાસ રુંધાઈ જાય છે અને મુમુક્ષુતા ને મુમુક્ષુતામાં મનુષ્યભવ પૂરો થઈ જાય છે કે જે સામાન્ય મુમુક્ષુતા હોય છે. બીજા ભવમાં ધોવાણ થઈ જતા વાર લાગશે નહિ.

આ પરિસ્થિતિ ન થાય એટલા માટે 'કૃપાળુદેવે' નિષ્કારણ કરુણાથી આ વિષયને અહીંયાં બોધ્યો છે. જરા વિશેષ વિચારણીય વિષય છે. સવારે આપણે ફરીને લઈશું. અથવા કાલે રાત્રે જ્યારે બેસશું ત્યારે આ વિષય ઉપર ફરીને લઈશું. (અહીં સુધી રાખીએ...)

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૩

'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત' પત્રાંક-૨૫૪. સ્વચ્છંદ ઘટ્યા પછી અથવા અમુક અંશે સ્વચ્છંદ ઘટ્યા પછી મોક્ષમાર્ગમાં પ્રવેશ થવામાં ત્રણ બાધક કારણો મુમુક્ષુની ભૂમિકામાં હોય છે. આ જ પત્રમાં નીચેના Paragraph માં એ વિષય સ્પષ્ટ કર્યો છે કે '**આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.**' એટલે સંભવિત કારણ છે.

મોક્ષમાર્ગમાં જેનો પ્રવેશ થાય છે એ મુમુક્ષુ ઉત્કૃષ્ટ પાત્રતામાં અથવા ઉત્કૃષ્ટ મુમુક્ષુતામાં આવેલો હોય તે જ જીવ તે ભૂમિકાથી આગળ વધીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે. મુમુક્ષુ એમ કહેતા, બધા એક જ વર્ગના મુમુક્ષુ છે એવું સમજવા યોગ્ય નથી અને એ તો પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે કે એક જ કોટીના એક જ કક્ષાના બધા મુમુક્ષુઓ હોય એવું તો બનવું સંભવિત નથી. કોઈપણ સમાજમાં. મુમુક્ષુ સમાજ એમ કહેતા બધા એક જ વર્ગના છે એમ માની લેવું એ બરાબર નથી. એમ હોઈ શકે પણ નહિ. વાસ્તવિકપણે એ પરિસ્થિતિ ક્યાંય પણ હોઈ શકે નહિ. પણ મુમુક્ષુતામાં પ્રવેશ કર્યા પછી પણ ત્રણ ભેદ સ્વીકારીએ તોપણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ ગણી શકાય.

૬૭૯મો પત્ર છે એ પત્રમાં એ વાતનો સંકેત મળે છે. જ્ઞાનીની વાણી અને અજ્ઞાનીની વાણીમાં તફાવત હોય છે અને અજ્ઞાની પણ જ્ઞાની જેવી વાણી કહે, કથે તોપણ એ તફાવત કેવી રીતે સમજી શકાય અને સમજી શકે તો કોણ સમજી શકે ? આ વિષય ઉપર પ્રકાશ પાડેલો છે. ૬૭૯માં. ત્યાં એમણે એ વાત કરી છે કે, '**સર્વ જીવોને એટલે સામાન્ય મનુષ્યોને જ્ઞાની અજ્ઞાનીની વાણીનો ભેદ સમજાવો કઠણ છે,...**' કેમકે શાસ્ત્ર પરિભાષા તો જે છે તે બંને બોલવાના છે. '**એ વાત**

**યથાર્થ છે; કેમકે કંઈક શુષ્કજ્ઞાની શીખી લઈને જ્ઞાનીના જેવો ઉપદેશ કરે, એટલે તેમાં વચનનું સમતુલ્યપણું જોયાથી શુષ્કજ્ઞાનીને પણ સામાન્ય મનુષ્યો જ્ઞાની માને,...'** છે. સામાન્ય મનુષ્યો તો જ્ઞાની માની લે છે. અહીંયાં ઉલ્લેખ કર્યો છે કે '**મંદ દશાવાન મુમુક્ષુ જીવો પણ તેવાં વચનથી ભ્રાંતિ પામે; પણ ઉત્કૃષ્ટદશાવાન મુમુક્ષુ પુરુષ શુષ્કજ્ઞાનીની વાણી, જ્ઞાનીની વાણી જેવી શબ્દે જોઈ પ્રાયે ભ્રાંતિ પામવા યોગ્ય નથી, કેમકે શુષ્કજ્ઞાનીની વાણીમાં આશયે જ્ઞાનીની વાણીની તુલના હોતી નથી.**' આગળ પણ એમણે એ જ વાત કરી છે કે જઘન્ય દશાવાન મંદ દશાવાન મુમુક્ષુ તો ન સમજી શકે પણ મધ્યમદશાના મુમુક્ષુ પણ આ તફાવત પારખી શકતા નથી. ફક્ત ઉત્કૃષ્ટદશાના મુમુક્ષુઓ છે તે જ પારખી શકે છે અને એક જ્ઞાની હોય તે પારખી શકે છે. એથી નીચેની ભૂમિકામાં જ્ઞાની અને અજ્ઞાની વચ્ચેનો તફાવત સમજવો, પારખવો એ સંભવિત નથી. એ ચર્ચા એમણે અહીંયાં કરી છે.

આપણે તો જે Point આપણી વર્તમાન ચાલતા વિષયને જે સ્પર્શે છે તે એટલો જ છે કે મુમુક્ષુની ભૂમિકામાં પણ મંદ દશાવાન અને મધ્યમ દશાવાન મુમુક્ષુને તો અનેક પ્રકારના દોષોની સંભવિતતા છે, પણ ઉત્કૃષ્ટદશાવાન મુમુક્ષુ હોય તો એને આ દોષ ટળવાની તૈયારી છે અથવા કોઈ એક ટળેલો છે, કોઈ બે ટળેલા છે. કોઈને એકાદ ત્રીજું ટળતા જ્ઞાનદશામાં આવતા વાર નહિ લાગે. આ પરિસ્થિતિ અહીંયાં વિચારવા યોગ્ય છે કે આ ત્રણ પ્રકારના દોષ તો મધ્યમ કક્ષાના મુમુક્ષુ સુધી પ્રાયઃ બધાને હોય છે.

ઉત્કૃષ્ટદશાવાન મુમુક્ષુને આમાંથી દોષ ઓછા હોય છે. કોઈને બે હોય, કોઈને એક જ હોય. તો કોઈને ત્રણ હોય તોપણ એને ટળવાની તૈયારી હોય. એવી પરિસ્થિતિમાં ઉત્કૃષ્ટદશાવાન હોય છે. એટલી અપેક્ષા રાખીને આ ભૂમિકાનો વિષય અહીંયાં ચાલશે. કારણ કે પહેલો જે દોષ લીધો છે. '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા,...**' એ દોષને ટાળવા માટેનું જે સમાધાન 'કૃપાળુદેવ' આ જગ્યાએ આપે છે, એ સમાધાન ત્રીજા દોષને સ્પર્શતો વિષય છે કે જે પદાર્થના અનિર્ણય સંબંધીનો દોષ છે.

જરા ધ્યાનથી જોઈએ તો એમના જ શબ્દોમાંથી એ વાત સ્પષ્ટ થાય છે. કે '**આ લોકની અલ્પ પણ સુખેચ્છા**' '**એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલા હોય છે.**' એટલે કે મંદ દશાવાન અને મધ્યમ દશાવાન મુમુક્ષુને આ દોષ હોય છે. એટલે કે અભિપ્રાયમાં અનુકૂળતામાં સુખ છે, ક્યાંક પણ મારું સુખ બહાર છે એ પ્રકારનો અભિપ્રાય રહી જાય છે. ભલે આચારની અંદર વૈરાગ્ય દેખાય, સદાચાર દેખાય તોપણ અભિપ્રાયની અંદર આ દોષ રહી જાય છે તેથી તેને અલ્પ સુખેચ્છા કહી છે. તીવ્ર સુખેચ્છાવાળાની તો અહીંયાં ગણતરી જ નથી.

જેને પંચેન્દ્રિયના વિષયમાં કે અનુકૂળતામાં તીવ્ર સુખની ઈચ્છા અથવા તીવ્ર રસવાળા સુખના પરિણામ, અનાદિના અભિપ્રાયપૂર્વક ચાલુ છે, એને તો આ ભૂમિકાનો વિષય લાગુ પડતો નથી. પણ તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થવાની તૈયારી હોય અને મધ્યમ દશામાં આવેલો જીવ હોય એને પણ આ દોષની સંભવિતતા રહેલી છે. તેમ હોવાના કારણો, એવી સુખેચ્છા રહેવાનું કારણ એ છે કે તે 'સત્' છે, '**નિઃશંકપણે તે 'સત્' છે,...**' તે એટલે આત્મા પોતે-પોતાનું સ્વરૂપ, નિઃશંકપણે 'સત્' છે. '**એવું દઢ થયું નથી.**'

'સત્'નો અર્થ કર્યો છે પોતે. 'સત્' એટલે માત્ર અહીંયાં સત્તા એટલો અર્થ અમારે કરવો નથી એટલો ભાવ કેવો નથી 'અથવા' એમ કહીને કહે છે કે તે સત્, સત્ એટલે કે તે સત્ '**પરમાનંદરૂપ જ છે એમ પણ નિશ્ચય નથી.**' સુખ આત્મામાં પૂરેપૂરું ભરેલું છે, એવો જે સ્વરૂપસુખનો નિશ્ચય હોય તો જ કોઈપણ પુદ્‌ગલ પદાર્થની પર્યાયમાં કોઈપણ પર્યાય હોય, કોઈ પણ આકારે હોય, એમાં સુખ (છે) એવો જે જીવનો નિશ્ચય એ બદલે. નિશ્ચયના વિષયમાં, શ્રદ્ધાના વિષયમાં, અભિપ્રાયના વિષયમાં, રુચિના વિષયમાં એકસાથે પરસ્પર બે વિરૂદ્ધ વિષયનો સમાવેશ થઈ શકતો નથી, આ સૈદ્ધાંતિક વાત છે. રુચિ બે પરસ્પર વિરૂદ્ધ વિષયની ન હોય. અભિપ્રાય અથવા મત પરસ્પર વિરૂદ્ધ વિષયમાં એકસાથે ન હોય શકે. બેમાંથી એક જ જગ્યાએ હોય. એમ સુખનો નિશ્ચય પણ કાં તો આત્મામાં સુખ છે એમ હોઈ શકે, નહીતર અનાદિથી જીવને દરેક અવસ્થામાં ચાલુ જ રહેલો છે. જ્યાં સુધી ન

બદલાય, ન ટળે, ત્યાં સુધી.

એટલે આ લોકની અલ્પ પણ સુખેચ્છા એટલે આ લોકના કોઈપણ પદાર્થની અલ્પ પણ સુખેચ્છા, એ સ્વરૂપ નિશ્ચય વિના ટળતી નથી, બદલાતી નથી. જેનો નિશ્ચય બદલાણો હોય એને જ એમ નથી એમ કહી શકાય. જ્યાં સુધી નિશ્ચય અનાદિનો પરમાં, રાગમાં કે રાગના વિષયમાં સુખ છે, એવો નિશ્ચય જ્યાં સુધી પડ્યો છે, ચાલુ રહ્યો છે ત્યાં સુધી આત્મામાં સુખ એને ભાસ્યું નથી. આત્મામાં સુખ લાગ્યું નથી, આત્મામાં સુખ છે એવો નિશ્ચય નથી, આત્મામાં સુખ છે એવો પ્રતિભાસ નથી, આત્મામાં સુખ છે એવો વિચાર હોવા છતાં એનું લક્ષ નથી.

'આત્મસિદ્ધિ' શાસ્ત્રમાં, શાસ્ત્રો શા માટે કહ્યા છે એનો એક હેતુ પ્રસિદ્ધ કરેલો છે. બહુ ઊંડાણથી એ વાત મુકાયેલી છે કે 'જિનપદ-નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ; લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.' નિજપદનું લક્ષ. જિનપદ છે એવું જે નિજપદ છે, જિનપદની બરાબર નિજપદ છે-એવું જ નિજપદ છે એવો લક્ષ થાય, એવો નિશ્ચય થાય. એવો અભિપ્રાય બંધાય, એવો પ્રતિભાસ થાય, એવા અસ્તિત્વનું ગ્રહણ થાય-આ બધો એકાર્થ છે, એના માટે તમામ શાસ્ત્રો કહ્યા છે. એટલે કે શાસ્ત્રનું અધ્યયન કરનાર મુમુક્ષુને સ્વરૂપ લક્ષ સુધી પહોંચવું જોઈએ. કેમકે શાસ્ત્રરચનાનો હેતુ સ્વરૂપ લક્ષ કરાવવાનો છે એમ 'કૃપાળુદેવ' પ્રતિપાદન કરે છે.

આ સ્વરૂપ લક્ષ કહો કે સ્વરૂપ નિશ્ચય કહો, એક જ Stage નો વિષય છે કે જ્યાં સ્વરૂપ નિશ્ચય થાય છે, ત્યાં જ સ્વરૂપ લક્ષ બંધાય છે. જ્યાં સુધી સ્વરૂપ નિશ્ચય ન થાય ત્યાં સુધી સ્વરૂપ લક્ષે કોઈ કાર્ય થતું નથી. ગમે તે ધાર્મિક પ્રક્રિયા કરવામાં આવતી હોય (તે) બધી જ બાહ્ય ક્રિયા છે. શાસ્ત્ર વાંચન પણ બાહ્ય ક્રિયા જ છે. કેમકે એમાં પણ જીવ મુખ્યપણે રાગની જ પ્રવૃત્તિ કરે છે, જ્ઞાનની પ્રવૃત્તિ ગૌણ રહેતી હોય છે. સ્થૂળ વિચારથી એમ કહી શકાય કે શાસ્ત્ર સ્વાધ્યાય અને શાસ્ત્ર અધ્યયન તે જ્ઞાનની ક્રિયા છે. પણ જ્ઞાનની પ્રધાનતામાં એ ક્રિયા ન થતી હોય ત્યાં સુધી રાગની પ્રધાનતા અનાદિથી ચાલુ રહેલી હોવાથી એ ક્રિયા પણ રાગની જ ક્રિયા છે એમ જ્ઞાનીઓનો અભિપ્રાય છે. એટલે

એ પણ બાહ્ય ક્રિયામાં જ જાય છે.

એક સ્વરૂપ લક્ષ થતાં, અંતર સ્વરૂપનું લક્ષ હોવાથી એને જ્ઞાનની ક્રિયા અથવા અંતરની ક્રિયા કહેવામાં આવે છે. કેમકે ત્યારથી અંતર્મુખી પુરુષાર્થના અંશો શરૂ થાય છે. એટલે પહેલો દોષ છે એને ત્રીજા દોષની સાથે સીધો સંબંધ છે. પહેલો દોષ અને ત્રીજો દોષ સાથે રહે છે. જ્યાં સુધી આત્મા 'સત્' 'પરમાનંદસ્વરૂપ' છે એવો નિશ્ચય નથી ત્યાં સુધી '**મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે.**' એટલે આમ વૈરાગ્ય હોય, સાદાઈવાળું જીવન અને આચરણ હોય તોપણ મુમુક્ષુતાની જે સાતા છે એ સાતાવેદનીયની અંદર એને સુખ લાગે છે એ પુદ્‌લિક સુખ છે.

જેમ Ice cream ખાતા ઉનાળામાં સારું લાગે કે શિયાળામાં કોઈ ગરમાગરમ પાક ખાય છે, લોકોને એ સારો લાગે છે. એ સાતાવેદનીયના ઉદયમાં સારું લાગે છે. એ પણ જીવને પૌદ્‌ગલિક સુખનું વેદન છે, આત્મિક સુખનું વેદન નથી. સાતા-અસાતા વેદનીયનો પ્રકૃતિ ભેદ છે. અસાતા વેદનીયનો તો સ્વાદ જ એવો છે કે કોઈને સારો ન લાગે, દુઃખદાયક લાગે, પણ સાતાવેદનીયનો સ્વાદ જીવોને સુખદાયક લાગે છે પણ તે જીવોને કે જેઓને આત્મિક સુખનું જ્ઞાન, ભાન, લક્ષ નથી તેને. એને એ પ્રિય લાગે છે. આશ્ચર્યચિહ્ન મૂક્યું છે 'કૃપાળુદેવે' કે મુમુક્ષુઓને સાતાવેદનીય પ્રિય લાગે ! એને મુમુક્ષુ કેમ કહીએ ? અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે અને એ ભાવ ચાલુ રહે છે. ક્યાંક ને ક્યાંક, કોક ને કોઈ વિષયમાં મંદપણે તો મંદપણે પણ એને સુખની ઇચ્છા, અભિપ્રાયથી રહે છે.

અભિપ્રાય શબ્દનો પ્રયોગ એટલા માટે કરવો જરૂરી લાગે છે કે સુખ લાગવું અને સુખ અભિપ્રાયપૂર્વક લાગવું એમાં ફરક છે. જ્યાં સુધી સ્વરૂપમાં સુખ છે એવો નિશ્ચય નથી થયો, ત્યાં સુધી સ્વરૂપની ઓળખાણ થયા પહેલાં પુદ્‌ગલ પદાર્થમાં સુખ છે એવા અભિપ્રાયપૂર્વક સુખ લાગતું હોવાથી એમાં રસ પડે છે. નહીંતર અભિપ્રાય બદલાયા પછી ચારિત્રના દોષથી સુખ લાગે તોપણ એનો નિષેધ આવે કે મારા અભિપ્રાય વિરૂદ્ધ વાત છે આ.

એટલે મુમુક્ષુતાની ભૂમિકામાં અભિપ્રાયપૂર્વક જ્યારે પુદ્‌ગલ

અવસ્થાનું સુખ વેદાય છે, ત્યારે એમાં રસ પડ્યા વિના રહેતો નથી, રસ આવ્યા વિના રહેતો નથી અથવા રસને ઉત્પન્ન થતો રોકી શકાતો નથી. આ અનિવાર્ય પરિસ્થિતિ છે.

આ જ વિષયના અનુસંધાનમાં 'કૃપાળુદેવ'ના પત્રોમાંથી એક ૩૩૧મો પત્ર એક Post card છે. એ બહુ સારું અનુસંધાન છે આ વિષયનો. પત્રાંક-૩૩૧ ૨૫મા વર્ષમાં, માહ મહિનામાં લખાયેલો 'મુંબઈ'થી પત્ર છે. '**વીતરાગપણે, અત્યંત વિનય પણે પ્રણામ.**' '**ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા આ સંસારી પ્રસંગ અને પ્રકારો...**' બે ભેદ લીધા. કોઈપણ પ્રકાર હો, કોઈપણ પ્રસંગ હો પણ જેમાં સુખ ભાસે છે, ભાસે છે એટલે લાગે છે, એ જીવની ભ્રાંતિ છે. એટલા માટે એ ભ્રાંતિ છે કે પુદ્‌ગલના કોઈ રજકણમાં સુખગુણ નહિ હોવાને લીધે સુખની અવસ્થા હોવાનો પ્રશ્ન જ નથી. પુદ્‌ગલ તો પદાર્થ જ એવો છે કે સુખ નામનો ગુણ જ નથી, એને સ્વભાવ જ નથી તો સુખની પર્યાય તો હોય જ ક્યાંથી ? જોકે સુખ નામનો ગુણ કદાચ હોત તો પણ એ એનું સુખ છે, આ જીવનું નથી.

દાખલા તરીકે તમારા આત્મામાં પણ સુખ ગુણ છે અને મારા આત્મામાં પણ સુખ ગુણ છે, પણ તમારું સુખ મને કામમાં ન આવે ને મારું દુઃખ તમે લઈ શકો નહિ. કેમકે એ તો ભિન્ન પદાર્થનો ગુણ છે. ભલે એકસરખો ગુણ હોવા છતાં. અત્યારે અરિહંતદશામાં જે ભગવંતો બિરાજમાન છે અને સિદ્ધપર્યાયમાં જે અનંતા સિદ્ધ ભગવંતો બિરાજમાન છે એ બધા ને અનંત સુખ પરિણમે છે. પણ કોઈ આપણને આપી શકે એક અંશ એમાંથી ? એટલે સુખગુણ ભિન્ન પદાર્થમાં હોય, તોપણ ભિન્ન પદાર્થમાં, બીજા ભિન્ન પદાર્થમાં એ સુખગુણ આપી શકાય, લઈ શકાય, દઈ શકાય એ વસ્તુ વ્યવસ્થા નથી. એ વસ્તુ સ્થિતિની બાહરની વાત છે. જ્યારે એ પરિસ્થિતિ છે, બે આત્મા વચ્ચેની, બે સુખવાળા પદાર્થ વચ્ચેની, તો સુખ રહિત પદાર્થમાંથી સુખ મળે એ વાત તો કેવળ ભ્રાંતિ છે, એ સહેજે સમજી શકાય એવી વાત છે.

તેમ છતાં '**ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે,...**' એટલે કે

મિઠાશ આવે છે, અભિપ્રાય હોવાથી એને રસ પડ્યા વિના રહે નહિ. અને એ રસ છે તેને જ મિઠાશ કહેવામા આવે છે એને કાઠિયાવાડી ભાષામાં વહાલપ કહેવામાં આવે છે. 'કૃપાળુદેવ'ની શુદ્ધ કાઠિયાવાડી ભાષા છે. 'છઈએ' એમ લખે છે. 'અમે આમ છઈયે' એમ લખે. 'છીએ'ના બદલે 'છઈએ'. શુદ્ધ કાઠિયાવાડી ભાષા છે.

**'વ્હાલપ વર્તે છે, ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે.'** જ્યાં સુધી પુદ્ગલ પદાર્થમાં, સંસારની વસ્તુમાં, પ્રસંગમાં, પ્રકારમાં ક્યાંય પણ સુખ ભાસે ત્યાં સુધી આત્મામાં અનંત સુખનું સામર્થ્ય હોવા છતાં સુખ ભાસે નહિ. કેમકે જ્ઞાનનું ભાસવું વિપરીત છે. વિપર્યાસ, ભાસ્યમાનપણાનો જે વિપર્યાસ છે એ બે એકસાથે ન રહી શકે. જેને બહારમાં કોઈ પદાર્થમાં સુખ ભાસે એને આત્મામાં સુખ ભાસે નહિ. અનુભવ તો હજી આગળની વાત છે, એ તો સ્વાનુભવના કાળમાં છે. અહીં તો હજી લક્ષ થવાનો, નિશ્ચય થવાનો વિષય છે. ભાસે જ નહિ.

એટલે practical side થી એક વિચારવા જેવો વિષય એ થયો કે ક્યાંય પણ સુખ ભાસે એટલે લાગે, લાગે એટલે ભાસે, ત્યારે એને પોતાના નિશ્ચયને-નિર્ણયને પકડવો રહ્યો કે આ પદાર્થમાં સુખ છે એવો નિર્ણય કેમ હજી બદલાતો નથી ? જ્યાં સુધી નિર્ણય નહી બદલાય ત્યાં સુધી આવું લાગવું નહિ છૂટે, મટશે નહિ, ફેર નહિ પડે.

એટલા માટે સહુથી પ્રથમ જેને બીજજ્ઞાન કહે છે, જેને સુધારસ કહે છે, એવું જે સ્વરૂપનું ભાસ્યમાનપણું, શાસ્ત્ર લક્ષ જે છે '**લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાઈ**' એ હવે આવવું રહ્યું. એ પહેલા જે કાંઈ પરિસ્થિતિ છે એ સારી નથી. ગમે તેટલી સારી દેખાતી હોય તોપણ એ સારી કલ્પેલી છે, સારી માનેલી છે પણ એ સારી છે નહિ. એમાં ગડબડ બધી ઊભી છે.

'કૃપાળુદેવ' તો આ ૩૩૧ પત્રમાં થોડી વિશેષ વાત કરે છે કે એને પોતાનું સ્વરૂપ તો નહિ ભાસે, પણ જેને ભ્રાંતિગતપણે સુખસ્વરૂપ ભાસે છે એવા જે સંસારી પ્રસંગ અને પ્રકાર છે ત્યાં સુધી '**સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે.**' સત્સંગની

કિંમત નહિ આવે. જેટલી વાત 'કૃપાળુદેવે' વિદ્યમાન સત્પુરુષ ઉપર વજન આપીને કરી છે, એટલી જ વાત એમણે સત્સંગની કરી છે. કેમકે એ સત્સંગનો વિષય છે. સત્પુરુષ તે સત્સંગનો વિષય છે. એટલે સત્સંગ એ મુમુક્ષુને તો અનિવાર્ય છે, પણ ભાવલિંગી મુનિ છઠ્ઠા-સાતમા ગુણસ્થાન સુધી સત્સંગને સ્થાપિત કરવામાં આવ્યો છે. શા માટે ? કે ઉપયોગનો વિષય-અંતર્મુખ ઉપયોગનો વિષય જ્યારે આત્મા નથી, ત્યારે તે ઉપયોગનો વિષય અવશ્ય અવશ્ય કોઈ અનાત્મા છે. આત્મા સત્ છે અને એનો ઉપયોગ સંગ કરે તો તે પરમાર્થ સત્સંગ છે અને બહારમાં સત્ જેને પ્રગટ છે અથવા સત્ પ્રગટ કરવાના જે કામી છે, ઈચ્છુક છે, એનો સંગ કરવો તેને વ્યવહાર સત્સંગ કહ્યો. આત્માના સંગને પરમાર્થ સત્સંગ કહીએ. આ સિવાય બધુ અસત્સંગમાં નાખેલું છે. પછી એમાં કુટુંબ, પરિવાર, Office, ધંધો અને દુનિયાના તમામ સંગ પ્રસંગો બધા, અસત્સંગ અને કેટલાક તો કુસંગમાં નાખેલા છે. સત્સંગ, અસત્સંગ અને કુસંગ આ ત્રણ ભેદ વિચારવા જોઈએ, વિચારીને વિવેક કરવો જોઈએ કે કોનો સંગ કરવો અને કોનો સંગ નહિ કરવો.

અહીંયાં તો એટલી જ વાત છે કે જ્યાં સુધી મુમુક્ષુતામાં પણ આ પરિસ્થિતિ છે કે સંસારી પ્રસંગ અને પ્રકારમાં સુખ ભાસે છે અને એ ભ્રાંતિગતપણે ભાસે છે, ત્યાં સુધી આત્મસ્વરૂપ તો નહિ ભાસે પણ સત્સંગનું મહાત્મ્ય પણ તથારૂપ એટલે જેટલું જોઈએ તેટલું (નહિ ભાસે). સત્સંગ કરવો, સત્સંગનું મૂલ્યાંકન કરીને સત્સંગ કરવો કે સત્સંગનું અવમૂલ્યાંકન કરીને સત્સંગ કરવો, આ બધો વિચારવા જેવો વિષય છે. આપણા રૂપિયાનું devaluation થાય તો સારું નથી લાગતું, ભલે આપણે તો Limited સંબંધ છે એની સાથે. પણ છતાં Paper માં એમ આવે કે રૂપિયો Down જાય છે, Devaluation થાય છે. જ્યાં સુધી આ પરિસ્થિતિ છે ત્યાં સુધી સત્સંગ મુમુક્ષુ કરતો હોય તોપણ, 'કૃપાળદેવ'ની ભાષામા ગૂઢતા બહુ છે.

'તથારૂપ ભાસ્યમાન થવું' તેનું માહત્મ્ય તથારૂપ ભાસ્યમાન થવું, તથારૂપ એટલે એને Evaluate કરો જોઈએ એના બદલે તમે Devaluate કરો છો, આ તો મુશ્કેલીમાં મુકવાની વાત છે. ભલે તમે

સત્સંગ કરો છો પણ કેવી રીતે કરો છો, આ સવાલ છે. અવશ્ય સત્સંગ એ બહુ સારી ચીજ છે. જ્ઞાનીઓ પણ સત્સંગને ઇચ્છે છે, પોતે પણ ઇચ્છે છે. 'સૌભાગભાઈ'ના પત્રમાં સત્સંગની ભાવના ઘણી વ્યકત કરી છે. ભાવના નહિ, એમણે તો કેટલાક પત્રોની અંદર સત્સંગના વિયોગની વેદના પણ વ્યક્ત કરી છે. જ્ઞાનદશાની અંદર વેદના છે.

જેણે શાસ્ત્રો વાંચ્યા હશે એને તો ખ્યાલ હશે કે આગળના જમાનામાં, અત્યારે તો ભાવલિંગી સંતો મુનિઓ છે નહી, પણ જે જંગલમાં વસનારા ભાવલિંગી છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલનારા મુનિયો હતા, એ મુનિઓમાં કોઈ એક મુનિના, આચાર્યના સંઘમાંથી કોઈ એક બીજા મુનિ સંઘની અંદર કોઈ મુનિ આવવાનો પ્રયાસ કરે અથવા વિનંતી કરે આચાર્યદેવને કે મારે આપના સમાગમમાં, આપના સાન્નિધ્યમાં, આપના સંગમાં રહેવું છે. ત્રણ મહિના તો Probation period ઉપર રાખે. સ્વીકૃતિ ન આપે. ત્રણ મહિના તમે રહો પછી એ વાતનો નિર્ણય કરવામાં આવશે કે તમને આ સંઘમાં રહેવાની છૂટ છે. ક્હેવાનો અભિપ્રાય એટલો છે અહીંયાં કે સંગદોષ અને સંગથી થતા ગુણ ઉપર આચાર્ય ભગવંતો મુનિયોના વિષયમાં કેટલા Seriously વિચાર કરીને નિર્ણય લે છે. એટલે કેટલો Serious પ્રસંગ છે એ કેટલો ગંભીર પ્રસંગ છે !

**'સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય...'** એટલે કે આખો નિર્ણય ઊલટો, સુલટો ન થાય **'ત્યાં સુધી ખચીત કરી અપ્રમતપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર કરવો યોગ્ય છે.'** એટલે બરાબર પુરુષાર્થ કરવો જોઈએ. આ વિષયમાં જ્યાં સુધી લક્ષ ન પહોંચે, નિશ્ચય ન થાય ત્યાં સુધી જ્યાં-જ્યાં પોતાને જે-તે પ્રસંગે, પ્રસંગે-પ્રસંગે, ક્ષણે-ક્ષણે અને કાર્યે-કાર્યે આ ત્રણ શબ્દોનો પ્રયોગ કરે છે પોતે, મુમુક્ષુજીવે જાગૃત રહેવા યોગ્ય છે. પોતાના પરિણામોનું અવલોકન કરવા યોગ્ય છે. અને એ જાગૃતિમાં આવીને એણે જ્યાં-જ્યાં સુખ લાગે છે ત્યાં એ ભ્રાંતિગત સુખ છે, આ ભ્રાંતિ જ્યાં સુધી નહી મટે ત્યાં સુધી સત્પુરુષ તો નહિ ઓળખાય, સત્‌સ્વરૂપ એવો આત્મા તો નહી ઓળખાય, પણ સત્પુરુષના સંગનું, જે સત્સંગનું મહાત્મ્ય છે એ પણ નહિ સમજાય. નહિ ભાસે એટલે નહિ સમજાય.

**'આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણીને...'** એટલે શંકા કરશો નહિ, આ વાતને વિવાદમાં ખેંચી જશો નહિ, આની સામે દલીલબાજી કરશો નહિ, એમ કહે છે. વિસંવાદ કરવો એટલે દલીલ કરવી, વાદવિવાદ કરવો. આવા વિષયને તમે વાદવિવાદમાં ખેંચી જતા નહિ. અમે જે આ વાત લખી છે તે અવિસંવાદપણે લખી છે અને નિષ્કામપણે લખી છે. અમારે કોઈની પાસેથી લેવા-દેવા નથી. નિષ્કામપણે લખી છે. કેવળ એક મુમુક્ષુઓના હિતને અર્થે માત્ર લખી છે, એ સિવાય બીજું કોઈ કારણ નથી. એક Post card લખ્યું છે પણ કેટલી વાત નાખી દીધી છે ! ખાલી સાડી ચાર લીટીનું Post card છે. આટલી બધી વાત નાખી છે.

જે ૨૫૪ નંબરના પત્રમાં પહેલો મુદ્દો છે એમાં પણ આ જ વાત કહેવા માગે છે કે **'આ લોકની અલ્પ પણ સુખેચ્છા...'** જ્યાં સુધી સુખ આત્મામાં છે, આનંદ આત્મામાં છે, આત્મા પરમાનંદસ્વરૂપ છે એવું જ્યાં સુધી ન લાગે ત્યાં સુધી બાહ્ય સાતાના કારણો પણ આ જીવને પ્રિય લાગશે, લાગે છે અને તેથી જીવની યોગ્યતા રોકાઈ જાય છે. એટલે કે સમ્યક્દર્શનની સમીપ જવું, મોક્ષમાર્ગમાં પ્રવેશ થવા જે યોગ્યતા છે એ માર્ગ પ્રાપ્તિને રોકનાર આ કારણ હોવાથી એ પ્રકારની યોગ્યતા રોકાઈ જાય છે. યોગ્યતા રોકાઈ જાય એટલે એક જોખમ ઊભો થાય છે. આ વિષય થોડો વિચારવા જેવો છે.

યોગ્યતા રોકાઈ જાય છે એનો અર્થ એટલી મર્યાદામાં કરવો યોગ્ય નથી કે ઠીક છે આ યોગ્યતા અહીંયાં રોકાઈ ગઈ હવે પછી થોડી રોકાઈને આગળ વધશે. એવું નથી બનતું. જ્યારે યોગ્યતા રોકાવાનું બને છે ત્યારે એ યોગ્યતામાથી અયોગ્યતા પ્રતિના પરિણામોની શરૂઆત થાય છે. આ એક પરિણામની ચાલની વાસ્તવિક પરિસ્થિતિ છે. જેમ કોઈ માણસ ચાલે ત્યારે તેના તે સ્થળે હોઈ શકે નહિ એમ. પરિણામ તે જીવની એક ચાલ છે અને એ નિરંતર ચાલતી જ રહે છે. જીવની દિશા બે છે એક બહારની અને એક અંદરની. જે ચાલ અંદરની દિશા તરફની હોય તો એ આત્મા તરફની ચાલ છે, નહિતર બાહ્ય પદાર્થ તરફની ચાલવાળા પરિણામ અનાદિથી છે કે જેનાથી એ પોતાના સ્વરૂપથી દૂર અને સુદૂર ચાલ્યો જ જાય છે. લાખો યોજન દૂર જાય છે કે એને ખબર નથી કે

કેટલો દૂર જાય છે. એટલે જ્યારે યોગ્યતા રોકાઈ જાય છે ત્યારે એક નવું જોખમ ઊભુ થાય છે એમ સમજવા યોગ્ય છે કે હવેની ચાલ અહીં સુધી આવતા મધ્યમ કોટીની મુમુક્ષુતામાં આવ્યા પછી ઉત્તમ કોટિની મુમુક્ષુતામાં જો ન આવે તો એની યોગ્યતા રોકાઈને પછી એ Deteorate થવાનું ચાલુ થઈ જાય છે, જેને એમ કહીએ કે નબળાઈ વધતી જાય છે. મુમુક્ષુ તો આમ નબળો છે, બાળક છે, બાલ્ય અવસ્થામાં હજી છે, મુમુક્ષુનો જન્મ અને એમાં પણ નબળાઈ વધે તો એ જોખમ વધારે જોખમી પરિસ્થિતિ છે એવી સ્થિતમાં આવે છે. એટલે માત્ર વિચારથી સમજવા જેવું નથી પણ એનું જોખમ પણ સમજીને થોડી વિશેષ ગંભીરતામાં આવવા યોગ્ય આ વિષય છે. એટલી વાત કરી છે પહેલા દોષની.

બીજા દોષની વાત કરે છે '**પરમ દૈન્યતાની ઓછાઈ...**' દૈન્યતાનો અર્થ અહીંયાં વિનય કહ્યો છે. અને આ વિનય સત્પુરુષ પ્રત્યેનો વિનય લીધો છે. વિનય કરવાના ચાર સ્થાન છે, દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ. દેવ તે સર્વજ્ઞ દેવ વીતરાગ પરમેશ્વર અરિહંત, તીર્થંકર દેવ છે અને ગુરુ છે તે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિરાજ છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની પદવી છે. અરિહંત અને સિદ્ધ એ દેવ પદમાં જાય છે બાકીના પંચપરમેષ્ઠિના ત્રણ પદ ગુરુપદમાં જાય છે. એમના વચન-વચનામૃતો એ શાસ્ત્રમાં જાય છે અને ચોથું વિનયનું સ્થાન છે સત્પુરુષનું. ભલે એ ચતુર્થ ગુણસ્થાને હોય, ભલે એ ગૃહસ્થદશામાં હોય, મુનિદશામાં ન આવ્યા હોય તો પણ એ પરમ વિનય કરવા યોગ્ય છે. આ ચાર જગ્યાએ પરમ વિનય હોવો જોઈએ. પરમ એટલે ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ એટલે છેલ્લી હદનો. કોઈ એમા તોલમાપ કરીને ઓછા વધતું થવાનો પ્રશ્ન નહિ હોવો જોઈએ. જેટલો ભગવાન અરિહંત દેવને સર્વજ્ઞ દેવને વિનય કરવામાં આવે એટલો જ વિનય સત્પુરુષનો કરવામાં આવે છે. એ વાત અહીંયાં 'કૃપાળુદેવ'ને સ્થાપિત કરવી છે.

Establish કરવા માગે છે કે જેટલો પરમેશ્વરમાં વિનય હોય તેટલો જ સત્પુરુષમાં વિનય હોવો ઘટે છે મુમુક્ષુને, જરા પણ ઓછો નહિ. આ વાત એટલા માટે વજન દઈને કરવાની જરૂર છે કે જે

શાસ્ત્રનો અધ્યયન કરે છે, વિદ્વાનો હોય છે, પંડિતો હોય છે એ આ વિષયને વિવાદમાં લઈ જાય છે કે ભગવાન તો તેરમા ગુણસ્થાને છે, આચાર્ય-ઉપાધ્યાય તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને છે અને સત્પુરુષ તો ચોથા કે પાંચમા ગુણસ્થાને હોય શકે, તો પછી બધાનું માપ જુદું જુદું છે તો બધાના વિનયની પણ Degree ઓછી વધતી હોવી જોઈએ ને તો તેનું નામ વિવેક કર્યો કહેવાય, નહિતર તો અવિવેક થઈ જાશે. અને આ એક દલીલ સામાન્ય બુદ્ધિના માણસને તરત ગળે ઉતરે છે કે કેમકે ગણિત જેવી વાત છે કે ચોથા ગુણસ્થાન એક છઠ્ઠું-સાતમું ને એક તેરમા કે તેરથી ઉપરના ચૌદમાં ગુણસ્થાનથી પાર સિદ્ધપદ તો બરાબર છે. ચોથા કરતા છઠ્ઠા-સાતમાનો વિનય વધવો જોઈએ, છઠ્ઠા-સાતમા કરતા તેરમાનો વધવો જોઈએ, વાત તો સીધી સાદિ સમજી શકાય એવી વાત છે પણ પંડિતાઈનો આ વિષય નથી. આ જ્ઞાનીઓના જ્ઞાનનો વિષય છે, અહીંયાં પંડિતાઈ ભૂલ કરે છે અથવા પંડિતો ભૂલ કરે છે.

એ વાત 'કૃપાળુદેવે' બહુ સુંદર ઢંગથી અનેક પત્રોમા છાપે છે. શરૂઆતથી લઈએ તો ૧૯૪, ૧૭૨ નંબરનો પત્ર છે. આપણે બધાને તો અભ્યાસ છે એટલે વિશેષ વિગત આપવાની જરૂર નથી. ૧૭૨, ૧૯૪, ૨૦૦, ૨૧૨, ૨૧૩, ૨૨૩ ત્યાંથી માંડીને આ ૨૫૪. આ બધા જ પત્રોની અંદર સત્પુરુષની મહિમા, સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગાન સત્પુરુષ પ્રત્યેનું બહુમાન કેટલી હદે મુમુક્ષુને હોવું ઘટે છે એ વિષયની જે સ્થાપના કરી છે એ વિષય સ્થાપીને 'કૃપાળુદેવે' મુમુક્ષુ સમાજ ઉપર તે કાળના અને ભાવી મુમુક્ષુ સમાજ ઉપર અનંત ઉપકાર કરેલો છે.

પહેલું વચન છે આ બોલમાં કે '**સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે.**' મુમુક્ષુ શબ્દ અહીંયાં અધ્યાહાર છે, મુમુક્ષુઓનો આ પરમ ધર્મ છે, મુમુક્ષુઓનો આ ઉત્કૃષ્ટ ધર્મ છે કે સત્પુરુષમાં એને પરમેશ્વરબુદ્ધિ આવવી જોઈએ. બહુ વાસ્તવિક રીતે આ વિષયને જો વિચારવો હોય તો એમ વિચારી શકાય કે સત્પુરુષને જોતા એને એમાં મારા પરમેશ્વર છે એવો એને સીધો જ ભાવ ઉત્પન્ન થઈ આવે. સત્પુરુષ, સત્પુરુષ તો એક મનુષ્યનું શરીર છે, પણ એને જોતા એ મારા પરમેશ્વર છે, મારા ભગવાન છે, એ સીધું જો એને ભાસે

તો એને ઓળખાણ છે, અને એ ઓળખાણનું ફળ નિર્વાણપદ છે. બીજું નથી પણ એ ઓળખાણનું ફળ નિર્વાણપદ છે. અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે. જ્યારે સત્પુરુષમાં એવી પરમેશ્વરબુદ્ધિ ઉત્પન્ન થાય છે ત્યારે મુમુક્ષુને સત્પરુષ પ્રત્યે પરમ વિનય, પરમ વિનય ઉત્પન્ન થાય છે એ તો બહુ જ સ્વાભાવિક છે. જ્યાં પરમેશ્વરપણું દેખાય ત્યાં વિનય પણ ઉચ્ચકોટિનો, છેલ્લી હદનો હોય એ કહેવાની જરૂર નથી.

વિદ્વાનોમાં આ વિષયમાં વિવાદ થયેલો છે અને આ વિવાદ જ્યારે મારી સામે આવ્યો ત્યારે એના ઉપર દિગંબર આચાર્યોના અને મુનિઓના ૫૦-૬૦ શાસ્ત્રોમાંથી આધાર તારવીને કેમ કે સત્પુરુષના વચનો તો એમને આધારભૂત વિદ્વાનોને લાગે નહિ એને પોતાના જેવા જ વિદ્વાનો દેખાય, ગૃહસ્થી હોય એટલે આપણે વિદ્વાન છે ને એ પણ વિદ્વાન છે. એટલે કોઈ સત્પુરુષના આધાર વચનોના નથી લીધા પણ મુનિરાજોના ને આચાર્યોના આધાર લીધા છે. ૫૦-૬૦ આગમોમાથી અને લગભગ પોણા બસ્સો આધાર છે, એટલે ગાથાઓ શ્લોકો છે કે જેમાં ચતુર્થ ગુણસ્થાનવર્તી સત્પુરુષ વંદનીય છે, પૂજનીય છે, નવધા ભક્તિ કરવા યોગ્ય છે એવા બધા આધાર મળેલા છે.

'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'નું નામ તો આપણે લોકોએ સાંભળ્યું છે, આપણે 'અગાસ'માંથી પ્રકાશન પણ થયેલ છે. 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' એની ૩૨૬ કે ૩૩૬ નંબરની ગાથા છે એની ટીકામાં નવધા ભક્તિથી આહાર દેવા યોગ્ય ત્રણ પાત્રો છે. પ્રકરણ તો ચાલે છે ત્યાં પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકનો, દેશવ્રતી શ્રાવકનો પ્રકરણ ચાલે છે અને એ પ્રકરણની ચર્ચા કરતા કરતા એમ કહે છે કે મુનિરાજ છે એ ઉત્કૃષ્ટ પાત્ર છે, પંચમ ગુણસ્થાનવર્તીને મધ્યમ પાત્ર છે, અને ચતુર્થ ગુણસ્થાનવર્તી અવિરત સમ્યક્દૃષ્ટિ છે તે જઘન્ય પાત્ર છે. ત્રણે પાત્ર સુપાત્ર છે અને નવધા ભક્તિથી દાન દેવાને યોગ્ય છે. નવધા ભક્તિમા શું બાકી રહ્યું ? એમા પૂજન, અર્ચન, પાદ પ્રક્ષાલન, પ્રદક્ષિણા બધું એમા આવી જાય છે. વંદન, સ્તુતિ, નમસ્કાર બધું જ એમા આવી જાય છે. અર્ઘ ચઢાવવા સુધીનું બધું આવી જાય છે.

એવા બધા આધાર મોટા મોટા આચાર્યોના કરીને સંકલન બાહર પાડેલુ છે. 'દંસણ મૂલો ધમ્મો' અષ્ટપાહુડનો 'કુંદકુંદાચાર્યદેવ'નું આ સૂત્ર

છે. દર્શનપાહુડનો, 'દંસણ મૂલો ધમ્મો' શ્રદ્ધા છે એ ધર્મનું મૂળ છે. 'ચારિત ખલુ ધમ્મો' પ્રવચનસારનું એ સૂત્ર છે. 'કુંદકુંદાચાર્ય'નું. ચારિત્ર તે ખરેખર ધર્મ છે, સ્થિરતારૂપ ચારિત્ર હોં ! આ વેષ ચારિત્રની વાત નથી પણ જે સ્વરૂપમાં ઉપયોગ સ્થિર થાય તે ખરેખર ધર્મ છે અને શ્રદ્ધા તો મૂળ ધર્મ છે. એટલું Title આપીને નીચે આ એક સંકલન બહાર પાડેલું છે. આ મારી પાસે તો નથી અહીંયાં પણ હું આપને જેને જોઈતું એને મોકલાવી દઈશું ત્યાંથી Free of charge મને યાદથી લખાવી દેજો.

પણ આચાર્યોના આધાર મળ્યા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે 'કૃપાળુદેવ' અહીંયાં જે વાત લખે છે એ આગમસિદ્ધ છે. અનેક આચાર્યોથી સિદ્ધ થયેલી વાત લખે છે, કોઈ ઉપજાવેલી વાત નથી લખી. આ જ મુદ્દાના અનુસંધાનમાં આપણે ૨૨૩ નંબરનો પત્ર જોઈએ તો બહુ સુંદર વાત લખેલી છે, ભાગવત્‌નો આધાર આપ્યો છે. ભાગવતમાં જે ગોપાંગનાઓએ ભક્તિ કરી છે એનો આધાર આપ્યો છે અને એ રીતે 'સોભાગભાઈ' ઉપરના આ પત્રની અંદર એમને ભક્તિને સ્થાપી છે. આમા ૨૨૫નો આંક છે પણ કોઈ કોઈ પત્રોમાં ૨૨૩મો આંક જોવા મળે છે. કોઈને ૨૨૩ છે કોઈને ૨૨૫ છે. આમાં ૨૨૫ છે. લખે છે કે '**જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી.**' શું શબ્દો છે એમના પોતાના શબ્દો છે કે '**જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી અને જે કોઈ અંતર માને છે,...**' આ વિદ્વાનો ને આ જરા difficulty ઊભી થાય છે એટલે એના ઉપર સીધી વાત લખી છે. કે જે કોઈ અંતર માને છે '**તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે.**' શું કહ્યું ? ભલે વિદ્વાન હોય ને પંડિત હોય, શાસ્ત્રના અભ્યાસી હોય પણ એને માર્ગની પ્રાપ્તિ પરમ વિક' છે. અહીંથી એક બીજો વિચાર આવ્યો છે બરાબર Aliteration થાય છે ભાષાનો કે જેને કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે અને જેને કોઈને અંતરભાસતું નથી તેને માર્ગની પ્રાપ્તિ પરમ નિકટ છે.

ફક્ત 'વ'ની જગ્યાએ 'ન' મૂકવાની જરૂર છે. બીજું કાંઈ ફર્ક નથી. એને માર્ગની પ્રાપ્તિ પરમ નિકટ છે. ફરી ને લખે છે કે 'જ્ઞાની તો પરમાત્મા જ છે' આટલા શબ્દો છે. '**જ્ઞાની તો પરમાત્મા જ છે**' અને

તેની ઓળખાણ વિના, ઓઘે નહિ, **'તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી.'** ભૂતકાળે કોઈને, વર્તમાનમાં કોઈને થશે નહિ ભવિષ્યમાં, વર્તમાન કોઈને થતી નથી ભવિષ્યમાં કોઈને થશે નહિ. **'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય,...'** એક પ્રકારે નહિ માત્ર વંદન કરો પણ પૂજા ન કરો એવું નહિ. વાંધો તો પૂજામાંથી પડેલો છે શું ? પણ એ તમે વંદન કરો, સ્તુતિ કરો અમને વાંધો નથી પણ પૂજા તો દેવ-ગુરુ-શાસ્ત્રની હોય શું Argument છે ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કરો પણ ક્યાંય સત્પુરુષની પૂજા તો અમે જોઈ નથી ? પૂજાની ચોપડી અમારી પાસે આટલી બધી છે. સેંકડો પૂજાની ચોપડીઓમાં તમે જોવો તો દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા આવશે પણ સત્પુરુષની પૂજા તો ક્યાંય છે નહિ. આ નવી વાત ક્યાંથી તમે કાઢી કે સત્પુરુષની પણ પૂજા કરી શકાય અને થઈ શકે ? હું કાઢી દઉ તો ? કે બહુ સારી વાત છે. તો મેં કહ્યું કે જુઓ ! જે પર્યુષણ પર્વ આપણે આવે છે ધાર્મિક પર્વના દિવસો એમા છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ પૂજા થાય છે. પહેલી પૂજા સમ્યક્દર્શનના દિવસની છે, બીજી પૂજા સમ્યક્જ્ઞાનની છે, ત્રીજી પૂજા સમ્યક્ચારિત્રની પૂજા તરીકે અને રત્નત્રયની પૂજા એમ ચાર ભેદે દરેક પૂજાના પુસ્તકોમાં પૂજા છે. જો સમ્યક્દર્શનની પૂજા થાય છે તો સમ્યક્દષ્ટિ વિના સમ્યક્દર્શન ક્યાં છે ? જ્યાં-જ્યાં સમ્યક્દષ્ટિ છે ત્યાં ત્યાં સમ્યક્દર્શન છે અને જ્યાં-જ્યાં સમ્યક્ દર્શન છે ત્યાં ત્યાં પૂજનીય છે. પૂજવા યોગ્ય છે અષ્ટ પ્રકારી પૂજા છે આ માટે સમ્યક્દષ્ટિ પૂજનીય છે એ વાત પૂજાના પુસ્તમાંથી નીકળે છે.

અરે પૂજાના પુસ્તકમાંથી નીકળે છે એટલુ ય નહિ ચારે અનુયોગમાથી નીકળે છે. અમે જે આધાર લીધા છે એમા ચારે અનુયોગ લીધા છે તો પહેલો કથાનુયોગ લીધો કે જ્યારે તીર્થંકર પરમાત્માનો જન્મ થાય છે ત્યારે એ ચતુર્થ ગુણસ્થાને હોય છે. પછી જ્યારે દીક્ષા અંગીકાર કરે છે ત્યારે એમને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હોય છે અને તેરમા ગુણસ્થાને આરૂઢ થાય ત્યારે અરિહંતપદમા આવે છે. તો જ્યારે એમનો જન્મ થાય છે એ ચોથું ગુણસ્થાન તો લઈને આવ્યા છે. આગળ ભવમાંથી એ તો જ્ઞાનદશા લઈને આવેલા છે. ચતુર્થગુણસ્થાન. તો એ વખતે ઈન્દ્ર આવે છે અને એની પૂજા કરે છે, ભક્તિ કરે છે અને પછી

મેરુ પર્વત ઉપર એનો અભિષેક કરવા લઈ જાય છે. એ તો બહુ જ પ્રસિદ્ધ કથા છે. મેરુ પર્વત ઉપર જે પાંડુક શિલા ઉપર એમનો અભિષેક થાય છે તો, અભિષેક પૂજાનું અંગ છે, વંદન કરવા એ પૂજાનું અંગ છે. અર્ઘ ચઢાવવું એ પૂજાનુ અંગ છે. શબ્દકોષમાંથી પૂજાના અર્થ દેખાડ્યા કે આટલા બધા આમાંથી અર્થ નિકળે છે. આ બધા પૂજા ના જ અંગ છે. વિદ્વાનોને તો કાન પકડવો જ પડ્યો, શબ્દ કોષ બહાર તો જઈ શકે નહિ. વિદ્વાન લોકો તો એ તો બંધાયેલા હશે એની સાથે કાયદેસર. કથાનુયોગમાં તો આ વાત બહુ પ્રસિદ્ધ છે.

કરણાનુયોગનો ગ્રંથ છે 'ગોમ્મટસાર' 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' થયા. તે બાહુબલીજીની મૂર્તિ છે 'શ્રવણ બેલગોલા'માં. એના શિષ્ય જે હતા એમના ગુરુ હતા 'નેમિચંદ સિદ્ધાંત ચક્રવર્તી' એમના શિષ્ય જે રાજા હતા એ વખતના એને આ મૂર્તિ બનાવેલી છે. ચૌસઠકૂટની જે પ્રતિમા છે. એમણે 'ગોમ્મટસાર' લખ્યું છે, એ 'ગોમ્મટસાર'ની અંદર એ વાત મળે છે. એ તો વળી એથી આગળની વાત મળે છે કે સમ્યક્દર્શન થયા પહેલા કરણ લબ્ધિમાં જે કોઈ જીવ આવે છે તેને અમે 'જિન' કહીએ છીએ. 'જિન' શબ્દ વાપર્યો છે.

પ્રશ્ન ઉઠાવ્યો છે ટીકા કરતી વખતે પોતે, કે શા માટે અહીંયા એને જિન કહેવામાં આવે છે. હજી તો સમ્યક્દર્શન પછીના ક્ષણમાં થવાનુ છે એ પહેલાની ક્ષણની pre-stageની વાત છે કે સમ્યક્ પ્રકારે વિષય કષાય ઉપર વિજય મેળવ્યો હોવાથી, જીત મેળવી હોવાથી, તેને અમે 'જિન' કહીએ છીએ. કેમકે જિનત્વની પ્રાપ્તિ થઈ માટે તેને 'જિન' કહીએ છીએ. ત્યાં જિનપણું પ્રાપ્ત થયું છે. આ કરણાનુયોગમાંથી મળે છે.

ચરણાનુયોગ લઈએ તો સ્વામી 'સમંતભદ્ર આચાર્ય'નું 'રત્નકરંડ શ્રાવકાચાર' છે. એની ૨૮મી ગાથામાં એમ કહ્યું છે કે કોઈ ચાંડાળ હોય, કોઈ ભંગી હોય, કોઈ ચાંડાળ હોય, કોઈ હલ્કી જાતિનો મનુષ્ય હોય પણ પોતે સમ્યક્દર્શનને પામે તો ગણધર દેવ તેને 'દેવ' કહે છે. ચાલો. એમને 'દેવ' શબ્દ વાપર્યો છે. આ આચાર્ય 'જિન' શબ્દ વાપર્યો છે. એમને 'દેવ' કહી દીધા, એમને દેવ કહેવામાં ગણધરદેવની સાક્ષી મૂકી છે કે ગણધર દેવોએ એમને દેવ કહ્યા છે. આ ચરણાનુયોગના

આગમ છે. અને દ્રવ્યાનુયોગના આગમમાં તો કેટલીએ જગ્યાએ મળે છે.

'સમયસાર'ની ૧૪૩ ગાથાની ટીકાથી માંડીને કેટલાય કળશોમાં ને 'નિયમસાર'માં તો ઘણી જગ્યાએ એ મળે. અને આ બધાય આચાર્યો એકદમ Authentic જેને કહી શકે કે જેની સામે કોઈ અવાજ ન કરી શકે પછી વાત પૂરી થઈ ગઈ. આધારભૂત વાત છે આ તો એ 'કૃપાળુદેવ' અહીંયાં સ્થાપી છે. અને તે કોઈ (પત્રાંક) ૨૦૦ આંકમાં જે વચનાવલી લીધી છે. એમા સત્પુરુષની કોઈ ભક્તિની અપેક્ષા કે સ્પૃહા નથી પણ એ સ્થિતિમાં આવ્યા વિના કદી પણ કોઈ મુમુક્ષુનું આત્મકલ્યાણ થતું નથી. એટલે કેવળ નિસ્પૃહપણે મુમુક્ષુના હિત ખાતર આ વાત સ્થાપી છે એને તેથી એમને એમ કહ્યું કે તે ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી '**માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્યમૂર્તિ જ્ઞાનીરૂપ પરમાત્માની તેને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિ...**' એટલે છેવટની હદ સુધીની ભક્તિના '**અંત સુધી એક લયે આરાધવી એવો શાસ્ત્ર લક્ષ છે.**'

હું ઘરની વાત કરતો નથી. આ બધા આચાર્યો, શાસ્ત્રોમાં આ વાત કરી ગયા છે એવો શાસ્ત્રનો લક્ષ છે એ હું અહીંયાં પ્રતિપાદન કરું છું આ પત્રની અંદર. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે. '**પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે એમ જ જ્ઞાનીપુરુષ પ્રત્યે મુમુક્ષુજીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ હોય છે.**' આ વિષય 'શ્રીમદ્ ભાગવત્'માં સ્થાપ્યો છે. એમ કરીને આધાર લીધો છે 'શ્રીમદ્ ભાગવત્'નો, પણ એ વાત એમને ઉત્કૃષ્ટ દશાના મુમુક્ષુ માટે અહીંયાં ૨૫૪માં એ વાત સ્થાપી છે. વિશેષ આવતી કાલે લઈશું. આજનો સમય પૂરો થયો.

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૪

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૨૫૪ ચાલે છે. માર્ગ પ્રાપ્તિને રોકનારા ત્રણ કારણોમાં પ્રથમ આ લોકની અલ્પ પણ સુખેચ્છા એ વિષય ચાલ્યો. બીજો દોષ છે યોગ્યતા રોકાવાના સંબંધમાં-પરમ વિનયની ઓછપ. મુમુક્ષુજીવને સત્પુરુષ પ્રત્યે વિનય તો હોય જ છે. જો સત્પુરુષ પ્રત્યે વિનય પણ ન હોય તો પછી મુમુક્ષુ એવું નામ પણ કહેવા માત્ર છે અથવા વૃથા છે. એટલે અહીંયાં વિનય નથી અથવા અવિનય છે એ વાતની તો ચર્ચા જ નથી. એ વિષય જ નથી અહીંયાં. પણ સત્પુરુષ પ્રત્યે જે વિનય હોય છે એ વિનયની ઓછપ, એ વિનય જેટલા પ્રમાણમાં હોવો જોઈએ, જેટલા અનુપાતમાં હોવો જોઈએ એટલા પ્રમાણમાં જો ન હોય તો એ પણ માર્ગ પ્રાપ્તિને રોકાવાનું (કારણ છે) અથવા જીવની યોગ્યતામાં એ પ્રતિબંધ છે.

કેટલો વિનય હોવો જોઈએ ? એનું અહીંયાં સીધું જ પ્રતિપાદન કરે છે કે સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ હોવી જોઈએ. સત્પુરુષ પરમેશ્વર સ્વરૂપે દેખાવા જોઈએ. એમ શા માટે ? સત્પુરુષ સંસારમાં રહેલા હોવા છતાં અને સંસારની કોઈ અટપટી દશાએ વર્તતા હોવા છતાં મુમુક્ષુની નજરમાં એ પરમાત્મા દેખાય છે એનું કારણ શું ? વિશેષ ઊંડાણથી વિચારવા યોગ્ય આ વિષય છે. ઓઘસંજ્ઞાનો વિષય નથી.

પરમાત્મા તરણતારણ છે અને પરમાત્માથી અનેક જીવો તરે છે. સમવસરણ મધ્યે સર્વજ્ઞ તીર્થંકર દેવાધિદેવ પરમાત્મા બિરાજતા હોય છે અને એમની સભામાં લાખો-કરોડો જીવની ઉપસ્થિતિ હોય છે. સભાનું ક્ષેત્રફળ બાર યોજનની ત્રિજ્યાનું હોય છે અથવા ચૌદ યોજનના Diameterનું હોય છે. પણ ક્ષેત્ર અતિશયને કારણે ત્યાં લાખો નહિ બલ્કે કરોડો જીવનો સમાવેશ થઈ શકે છે. અને એમાં અનેક અનેક જીવો મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરે છે. કેટલાક જીવો મુનિદશાની પ્રાપ્તિ કરે છે અને

મુનિદશાની પ્રાપ્તિ કરેલા જીવોમાંથી કેટલાક જીવો કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ કરે છે.

એવા જે પરમાત્મા, એ ધર્મ પ્રાપ્ત કરનારા જીવો માટે નિમિત્ત છે. અથવા એ પોતામાં, પોતાની એમની વાણીમાં એક નિમિત્તત્ત્વ રહેલું છે કે જે નિમિત્તત્વ યોગ્ય ઉપાદાનમાં યોગ્ય અસર ઊપજાવવાનું નિમિત્ત બને છે. જીવનો સંસાર નાશ થવાનું નિમિત્તત્વ જે પરમાત્મામાં રહેલું છે એવું જ નિમિત્તત્વ શ્રીગુરુ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુમાં રહેલું છે અને એવું નિમિત્તત્વ સત્પુરુષમાં રહેલું છે. નિમિત્તત્વની અપેક્ષાએ ત્રણે નિમિત્તો નિમિત્તત્વની અપેક્ષાએ જોઈએ તો આ નિમિત્તત્વની અપેક્ષાએ એકસરખા છે.

એક દૃષ્ટાંત લઈએ કે એક માણસ સમુદ્રમાં ડૂબે છે. આ સંસાર પણ ડૂબવાનો સમુદ્ર જ છે. હવે એને બચવા માટે ત્રણ સાધન મળી શકે એમ છે. કોઈ Steamer મળે તો સારામાં સારી વાત છે કે આરામથી બેસી જાય. Steamer ની Cabin માં જઈને સૂઈ જાય. કોઈ વહાણ હોડકું મળે તો એમાં પણ બેસી જાય. પણ એ બંને ન મળે અને કોઈ ઝાડનું લાકડું તરતું તરતું આવ્યું હોય તો, ડૂબનારો એમ કહે ખરો કે મને Steamer કે હોડી મળે તો હું ડૂબતો બચું નહિતર ભલે ડૂબી જાવ. મારે લાકડું પકડવું નથી. અરે..! લાકડુ નહિ તણખલાને બાઝે જો ડૂબતો હોય તો. ડૂબતો તણખલાને બાજે, એ તો આપણે ગુજરાતીમાં કહેવત છે. એટલે જે જીવો સત્પુરુષના નિમિત્તત્વને ઓળખતા નથી, અને એ એમ કહે કે અમને તો કોઈ ગુરુ મળે, નિર્ગ્રંથ ગુરુ મળે, અમને તો કોઈ તીર્થંકર પરમાત્મા કેવળી મળે તો અમારું કલ્યાણ થાય. બાકી સત્પુરુષથી અમારું કલ્યાણ ન થાય. અને એટલી અમને સત્પુરુષ પ્રત્યે ભક્તિ નથી આવતી જેટલી તીર્થંકર પ્રત્યે અને જેટલી અમને ગુરુરાજ પ્રત્યે આવે છે, મહામુનિ પ્રત્યે આવે છે, આચાર્ય પ્રત્યે આવે છે એટલી અમને સત્પુરુષ પ્રત્યે નથી આવતી. ત્યારે એમ સમજવા યોગ્ય છે કે એવો જીવ ભવસમુદ્રમાં ડૂબી રહ્યો છે એની એને પોતાને ખબર નથી કે હું હવે ડૂબી રહ્યો છું અને મારી બચવાની જરૂર છે. અને બચવા માટે મને આ સાધન મળ્યું છે.

નિમિત્તત્વની અપેક્ષાએ ત્રણેમાં એકસરખું નિમિત્તત્વ હોવાને લીધે

એ અપેક્ષાએ અહીંયાં પરમેશ્વરબુદ્ધિ છે એમ કહ્યું છે. પરમેશ્વરબુદ્ધિ છે. જગતમાં પણ દરિદ્ર માણસને મદદ કરનાર કદિ એમ નથી વિચારતો કે મને કરોડપતિ અને અબજપતિ મદદ કરે તો મારે મદદ સ્વીકારવી પણ લાખોપતિની મદદ મારે ન સ્વીકારવી. એવું કોઈ કહેશે ? ગમે તે મદદ કરનાર છે ને. આપણા માટે એ જ કરોડપતિ. જે મદદ કરે તે જ કરોડપતિ.

એમ જેનાથી તરવાનું નિમિત્ત થાય તે એક ન્યાયે પરમાત્મા તુલ્ય હોવાને લીધે એમાં પરમેશ્વરબુદ્ધિનું ઉત્પન્ન થવું એ મુમુક્ષુજીવના સ્થાનમાં એક વાસ્તવિક પરિસ્થિતિ છે, એક યથાયોગ્ય પરિસ્થિતિ છે. અને એ પરિસ્થિતિ આવવી ઘટે છે, આવવી જોઈએ છે, સહજપણે હોવી ઘટે છે. જો એ પરિસ્થિતિ ન આવે તો એમ સમજવા યોગ્ય છે કે હજી આ જીવને ભવભ્રમણનો ત્યાગ કરવાની ખરેખર ઈચ્છા થઈ નથી, ખરેખર અભિલાષા થઈ નથી.

બીજું, અત્યારે આ વિચારવા યોગ્ય છે કે સર્વજ્ઞ કેવળી પરમાત્માનો Period પૂરો થઈ ગયો છે. પંચમઆરામાં કોઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કરતું નથી. પ્રાપ્ત કરે એવો કોઈ જીવ અહીંયાં આવતો નથી. અહીંયાં મનુષ્યભવ ધારણ કરતો નથી. અત્યારે જે કોઈ કેવળજ્ઞાન અને મોક્ષમાં જનારા છે એ ફક્ત મહાવિદેહક્ષેત્રમાં છે. અહીંયાં કોઈ હોતું નથી. ચોથા આરામાં એ Period પૂરો થઈ ગયો. અથવા ચોથા આરામાં જન્મેલાનો એ Period હતો. પંચમઆરામાં આ ક્ષેત્રે જન્મ્યા હોય એને માટે તો એ પરિસ્થિતિ નથી. તેથી અહીંયાં તો કોઈ કેવળજ્ઞાની મળવાના નથી. વાત રહી ભાવલિંગી મુનિરાજની. ત્યારે, ભાવલિંગી મુનિરાજ જ્યાં જ્યાં થયા એ સંપ્રદાયના જ્ઞાનીઓ એમ કહે છે, આજથી દોઢસો વર્ષ પહેલા કે છેલ્લા પાંચસો-છસ્સો, છ-સાત સેંકડાથી કોઈ ભાવલિંગી મુનિરાજના દર્શન થતાં નથી. મુનિદીક્ષા અંગીકાર કરનારા અનેક જીવો મળે છે. પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં આરોહિત થયેલા વીતરાગી મુનિરાજ, અંતર-બાહ્ય નિર્ગ્રંથદશાવાળા, જે ચિત્ર 'કૃપાળુદેવે' અપૂર્વ અવસરમાં સ્પષ્ટ કરેલું છે, એવા કોઈ મુનિરાજ જોવામાં આવતા નથી.

એક શક્યતા રહી છે સત્પુરુષની કે એ ગમે ત્યારે કોઈપણ

ગૃહસ્થદશામાં પ્રાપ્ત કરી શકે છે. કોઈપણ જીવને હોઈ શકે છે. થઈ શકે એવી કોઈ વસ્તુસ્થિતિ છે અને એની પરંપરા હજી ચાલુ છે. આમ હોવાથી આ એક વર્તમાનકાળનો મહાવિવેક છે કે સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિએ જો જોવામાં આવે તો એ એક જોનારની યોગ્યતાની એક વાસ્તવિકતા પ્રસિદ્ધ થાય છે ત્યાં પ્રદર્શિત થાય છે કે ખરેખર આણે સત્પુરુષને ઓળખ્યા છે કે આના નિમિત્તે, આમના નિમિત્તે અવશ્ય મારા સંસારનો નાશ થશે. એને વિશ્વાસ આવે છે, ખાતરી થાય છે અને એટલી શ્રદ્ધાથી એ સત્પુરુષને ભજે છે.

'**સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે;...**' જ્યાં સુધી એમાં ઓછપ હોય છે ત્યાં સુધી કામ થવાનું નથી. અથવા તો ઓછપ હોય છે એનો અર્થ જ એ છે કે હજી ઓઘસંજ્ઞા છે. હજી ઓળખાણ થઈ નથી. ઓળખાણ થઈ હોય તો પરમેશ્વરવત્ સત્પુરુષની મૂર્તિ દેખાય કે પરમેશ્વરવત્ છે. મારા માટે તો પરમેશ્વર જ છે. એવો પ્રકાર કુદરતી અંદરથી આવ્યા વિના રહે નહિ.

'**જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે...**' આ એક અસાધારણ લક્ષણ લીધું છે કે જ્યારે સત્પુરુષની અંદર પરમેશ્વરબુદ્ધિ થાય છે ત્યારે બીજી બાજુ-On the other side એક નવી વાત એ મુમુક્ષુના પરિણમનની અંદર ઉત્પન્ન થાય છે અને તે એ છે કે એને સર્વ પ્રાણીનું દાસત્વ મનાય છે. હું બીજાથી ઊંચો છું, બીજા મારા કરતાં કોઈ પાછળ છે એ પ્રકારની દૃષ્ટિ એની ચાલી જાય છે. 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.' ૧૫ વર્ષની ઉંમરે આ ઉદ્ગાર નીકળ્યા છે. એક તો દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ બધા મારા જેવા છે અને જ્યારે સર્વ પ્રાણીનું દાસત્વ માનવું છે, પછી ન તો કોઈના ઉપર આક્રમણ કરવું છે કે ન તો કોઈનાથી હું વિશેષ છું, એ પ્રકાર ઊભો થાય છે. આ એક નમ્રતાની ચરમસીમા છે.

આ એક વાત પાછળ બહુ ઊંડું Logic છે. સ્વરૂપે કરીને આત્મા સર્વોત્કૃષ્ટ પદધારી સિદ્ધ સમાન પરમાત્મા છે પણ એવા પદના દર્શન એણે નીચપદમાં ઉચ્ચપદ માન્યું હોય ત્યાં સુધી થતા નથી. હવે પછીનો જે વિષય ચાલશે પદાર્થ નિર્ણયનો, એમાં આત્મપદાર્થ પોતે 'સિદ્ધ

સમાન સદા પદ મેરો.' જે 'બનારસદાસજી'એ ગાયું છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવું પોતાનું સર્વોત્કૃષ્ટ પદ કેમ પ્રતિભાસતું નથી ? નિર્ણય થઈ શકતો નથી ? કેમકે એણે નીચપદમાં ઉચ્ચપદ માન્યું છે. જે કોઈ કર્મજનિત અવસ્થા છે. મનુષ્ય છું અત્યારે. મનુષ્યગતિ કર્મજનિત અવસ્થા છે. એમાં જે હુંપણું માન્યું છે, એમાં પણ બીજાથી ઊંચો એ વાત તો એને અહંપણું તો પર્યાયદૃષ્ટિ હોવાને લીધે કર્મજનિત વિકારી પર્યાયમાં અહંબુદ્ધિરૂપ અભિમાન જીવને એક પરિણતિરૂપ થઈ ગયું હોય છે. વિચાર વિકલ્પ કર્યા વિના સહજ એવી પરિણતિ એની ચાલતી હોય છે. એ ભાવ એનો નિરંતર વર્તતો જ હોય છે. એવા ઘોડેથી એ ખોટા સ્થાને બેસી ગયો છે ત્યાંથી ઉતરવા માટે અથવા જૂઠા અહંપણાથી, મિથ્યા અહંપણાથી નિવૃત્ત થવા અર્થે એકવાર તો સર્વ પ્રાણીનું દાસત્વ મનાય છે પછી સર્વોત્કૃષ્ટપદ ઉપર નજર જાય છે. ત્યાં સુધી એ નજર સર્વોત્કૃષ્ટપદ ઉપર નથી જાતી.

આ એક એનું Logic છે કે તું જે ખોટા સ્થાને બેસી ગયો છો એનાથી તો નીચે ઉતરી જા. તો કહે, નીચે ઉતરીને ક્યાં જવું ? કે એકવાર તો હું કાંઈ નથી એમ લઈ લે. મારામાં કાંઈ નથી અને સર્વ પ્રાણીનું દાસત્વ છે મને તો. એવી હદે આવ્યા પછી જ એને નજર આવે છે કે ખરેખર મારું સ્વરૂપ સિદ્ધ સમાન છે. ત્યાં સુધી નથી થઈ શકતું. આ એક કુદરતી પરિસ્થિતિ પદાર્થનિર્ણય પહેલા જીવના પરિણામમાં ઉત્પન્ન થાય છે. ક્રમ લેવા પાછળ પણ હેતુ છે. 'કૃપાળુદેવે' જે અહીંયાં જે ત્રણ દોષનો ક્રમ લીધો છે એમાં પણ સીધો હેતુ જ છે. અને પરમ યોગ્યતાની પ્રાપ્તિ હોય છે.

જ્યારે '**સર્વ પ્રાણી વિષે પોતનું દાસત્વ મનાય છે અને પરમ યોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ'...**' સત્પુરુષ પ્રત્યે પરમેશ્વરબુદ્ધિ, સાથે સાથે સર્વ પ્રાણી પ્રત્યે અવિનાભાવી (એવું) પોતાનું દાસત્વ, એવું જે પરમ દૈન્યત્વ '**જ્યાં સુધી આવરિત રહ્યું છે...**' એટલે જ્યાં સુધી પ્રગટ થયું નથી '**ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.**' ત્યાં સુધી જીવની યોગ્યતામાં મોક્ષમાર્ગની પ્રાપ્તિના આડે એક મોટો પ્રતિબંધ છે અને એ પ્રતિબંધ ખસ્યા વિના કદિ કોઈને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ નથી કે થવાની નથી. આ ત્રણે કાળે અબાધિત

સિદ્ધાંત છે.

એટલે એ પણ પોતાના પરિણામના અવલોકનનો વિષય થવો ઘટે છે કે મને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થઈ છે કે નહિ ? મને એ પરમાત્મારૂપે દેખાય છે કે નહિ ? દેખાય તો એક બહુ સારું, બહુ મોટું શુભ લક્ષણ છે અને ન દેખાય તો એ પરિસ્થિતિએ એકવાર મુમુક્ષુને આવવું ઘટે છે. જ્યાં સુધી એ સ્થિતિએ ન આવે ત્યાં સુધી ભલે એ વિનય કરે તોપણ એ વિનય ઓછપવાળો છે, એ વિનયમાં અધૂરાશ છે, એ વિનયમાં ક્ષતિ છે, એ વિનય પર્યાપ્ત માત્રામાં નથી. અને એ યોગ્યતામાં પ્રતિબંધયુક્ત છે. મોક્ષમાર્ગની પ્રાપ્તિની આશા રાખવી ત્યાં સુધી વ્યર્થ છે.

આ એક અસાધારણ આ માર્ગે આગળ ચાલનાર જીવને શું શું થાય ? કેવા પરિણામ થાય ? એની સ્પષ્ટ નોંધ છે આ. જેમ કોઈ રસ્તો બતાવે તો કહે, આગળ ચાલશો એટલે એક વાવ આવશે, પછી વાવ છોડશો પછી એક જગ્યાએ ચોક આવશે ત્યાં વડલો હશે, પછી આગળ ચાલશો આ દિશામાં જમણી બાજુ એટલે એક મકાન આવશે. માણસને વિશ્વાસ આવે કે આ રસ્તો બરાબર છે. એમ આ પરિણામના Signal છે. પોતાને તપાસવા રહે છે કે આ દશામાં મારો પ્રવેશ છે કે નહિ ? જ્યાં સુધી એ દશામાં પ્રવેશ થતો નથી ત્યાં સુધી જીવની યોગ્યતા મોક્ષમાર્ગને લાયક નથી, એ વાત સ્પષ્ટ છે.

ત્રીજી વાત કરી છે, પરમ દૈન્યતાની ઓછાઈ. પછી પદાર્થનો અનિર્ણય એ ત્રીજી વાત કરી છે. '**કદાપિ એ બન્ને થયાં હોય,...**' એટલે કે આ લોકની અલ્પ પણ સુખેચ્છાનો અભિપ્રાય ચાલ્યો ગયો હોય કે જગતમાં ક્યાંય સુખ નથી. સુખ એક માત્ર આત્મામાં છે અને સત્પુરુષ મારા માટે પરમાત્મા તુલ્ય છે. '**એ બંન્ને થયા હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.**' આ એક પરિણામમાં આટલા લક્ષણ લીધા છે.

ફરીથી, '**કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ**

**પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે...'** હવે અહીંયાં આ વિષયની સ્પર્શના ન હોય, આ દશાને સ્પર્શના ન હોય તો મુમુક્ષુને થોડીક મુંઝવણ થવાની જગ્યા છે કે વાસ્તવિક તત્ત્વ પામવાની કાંઈક યોગ્યતાની ઓછાઈ, એ 'કાંઈક' એટલે શું પણ ? આ વાત થોડી ગોળ ગોળ થઈ. કોઈ Specific વાત ન થઈ ને ? કે કાંઈક એટલે શું સમજવું ? કાંઈકનો અર્થ શું અહીંયાં ? આટલું જરા વિચારવા યોગ્ય છે. આ બંને સ્થિતિ થઈ છે, બંન્ને થયા છે એનો અર્થ કે યોગ્યતા તો કાંઈક સારી છે પણ હજી કોઈ કડી ખૂટે છે. તત્ત્વ પામવા માટે, પામવું એટલે અનુભવ, સ્વતત્ત્વનો અનુભવ એનું નામ સ્વતત્ત્વની પ્રાપ્તિ (છે), એની યોગ્યતા માટે પદાર્થનો નિર્ણય થવો અનિવાર્ય છે.

પદાર્થનો નિર્ણય તે કારણ છે અને તત્ત્વ પામવું, તત્ત્વનો અનુભવ થવો એ કાર્ય છે. એ કારણ-કાર્ય સાથે જોડાયેલા છે. એ પ્રકારની યોગ્યતા ઓછી હોવાને લીધે. એટલે શું થાય છે ? કે બહારમાં વૈરાગ્ય સારો આવે છે. સુખબુદ્ધિથી સંયોગોની અંદર પ્રવર્તવું થતું નથી મુમુક્ષુને એ એક ભૂમિકામાં આવે છે. પોતાના દોષનું અવલોકન હોવાથી સ્વચ્છંદ ઘટેલો હોય છે. મોક્ષનું સંપૂર્ણ શુદ્ધિનું ધ્યેય બાંધેલું હોય છે. આ તો બધી વાત Subject to condition સમજી જ લેવાની છે. અને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ હોવા છતાં કોઈ કોઈ જીવોનું એ પ્રકારે લક્ષ નથી જતું કે મારે મારા સ્વરૂપનો નિર્ણય કરવાનો હજી બાકી છે અને આ નિર્ણય કરવો જરૂરી છે મને. એ એની યોગ્યતાની ક્ષતિ છે.

જોકે યથાર્થ જેની Line શરૂ થઈ છે, મોક્ષના ધ્યેયથી સ્વચ્છંદ નિરોધ અર્થે સ્વદોષના અવલોકનથી અને વૈરાગ્ય સંપન્ન સત્પુરુષની ઓળખાણથી પરમેશ્વરબુદ્ધિ (આવી છે), એને તો સ્વરૂપનું અંતર સંશોધન અને સ્વરૂપની અપૂર્વ જિજ્ઞાસા આવે, આવે ને આવે જ. જે સ્વરૂપ સમજતાં અથવા જે સ્વરૂપનો નિર્ણય થતાં સ્વાનુભવની પ્રાપ્તિ થાય અને જે સ્વાનુભવની પ્રાપ્તિ થતાં અનંત ભવના દુઃખ અને જન્મ મરણના દુઃખથી માંડીને, પીડાના દુઃખથી માંડીને, મુંઝવણના દુઃખથી માંડીને બધા જ દુઃખ મટે એટલો મોટો લાભ હોય, એને એ સ્વરૂપની જિજ્ઞાસા અને સંશોધન ન ચાલે અને ન થાય એ બનવું જ અસંભવિત છે. એને તો ચાલવું જ જોઈએ કે હું શેના માટે નીકળ્યો છું ? કેમકે

અનંત કાળનું પરિભ્રમણ 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' મૂળ કારણ તો આ છે. આત્મસિદ્ધિનો પ્રારંભ જ અહીંથી થાય છે.

મારું સ્વરૂપ કેવું ? એની જિજ્ઞાસા અને એની ચિંતના પાછળ જેનું ખાવું-પીવું એ બધા રસ એક જિજ્ઞાસાવશ સુકાઈ ગયા હોય. અપૂર્વ પદાર્થની અપૂર્વ જિજ્ઞાસા જેને કહેવામાં આવે છે. આવી જિજ્ઞાસા કોઈના માટે થઈ નથી. આવું કુતૂહલ કોઈના માટે થયું નથી. અરે..! આવી જરૂરત કોઈ વખત દેખાણી નથી. અનંત ભવભ્રમણને ભાંગવાની જરૂરત કોઈ દિવસ દેખાણી નથી. એની પાછળ સહેજે વૈરાગ્ય એટલા માટે હોય છે કે એક તીવ્ર જિજ્ઞાસા પાછળ ઉદયભાવના બીજા બધા રસ ફિક્કા થઈ જાય છે. જેને જે ઉદય હોય તે પ્રકારનો. પણ એ જિજ્ઞાસા જો ન હોય અથવા એમાં અપૂર્ણતા હોય, અધૂરાશ હોય, અપૂર્વતા ન આવી હોય તો, એને અહીંયાં 'કૃપાળુદેવ' કહે છે કે વાસ્તવિક તત્ત્વ પામવાની યોગ્યતાની કાંઈક ઓછપ છે.

એક વાત બહુ સાફ સત્પુરુષના વચનોમાં આવે છે. કોઈપણ સત્પુરુષના વચનમાં આ વાત આવે છે કે ભાઈ ! તું એક આત્મા છો. એ જ્ઞાનસ્વરૂપી આત્મા છો, તું રાગાદિ સ્વરૂપ કે દેહાદિ સ્વરૂપ નથી. હવે આ માર્ગમાં જે વ્યવહારુ છે અથવા Practical side માં આવેલો જીવ છે એ સીધો જ અનુભવ તપાસે છે કે અરે..! મને તો હું દેહાદિ સ્વરૂપ છું એમ જ અનુભવાય છે અને જે જે કાળે જેવો જેવો રાગ થાય છે એવો હું છું એમ જ અનુભવ આવે છે. અને સત્પુરુષ એની ના પાડે છે કે, ભાઈ ! તું રાગાદિ સ્વરૂપ નથી, તું દેહાદિ સ્વરૂપ નથી. પછી દેહમાં જેટલા સંબંધવાળો હોય એ આદિમાં બધા આવી જાય છે. અને રાગાદિમાં જેટલા વિભાવ થાય એ બધા આવી જાય છે.

તું જ્ઞાનસ્વરૂપી એક આત્મા છો, એમ જ્યારે કહે છે ત્યારે એટલું તો લક્ષ જાય છે કે જ્ઞાન તો થાય છે પણ જ્ઞાનસ્વરૂપી છું એમ કેમ અનુભવાતું નથી ? ત્રણે વાતનું અસ્તિત્વ છે. જ્ઞાનનું પણ અસ્તિત્વ છે, રાગનું પણ અસ્તિત્વ છે અને દેહનું પણ અસ્તિત્વ છે. ત્રણેનું અસ્તિત્વ હોવા છતાં હું શા માટે બેનું જ અસ્તિત્વ મારા સ્વરૂપે સ્વીકારું છું ? તો અત્યાર સુધી હું જે ભૂલ્યો છું એ ભૂલ આ સત્પુરુષ બતાવે છે કે ભાઈ ! તું જ્ઞાનસ્વરૂપી છો. રાગાદિ કે દેહાદિ સ્વરૂપ નથી.

વળી દેહ છૂટી જાય છે, રાગ છૂટી જાય છે પણ જ્ઞાન છૂટતું નથી. અનુભવ પ્રધાનપણે જો અવલોકન કરવામાં આવે તો દેહ છૂટતો દેખાય છે. ભલે બીજાનો (જુએ) પણ છૂટી જાય છે એ વાત તો Open fact છે. એ કોઈ ખાનગી વાત જગતમાં નથી. કોઈપણ પ્રાણી દેહને એની મુદત પૂરી થાય ત્યારે ગમે તે સ્થિતિમાં દેહનો ત્યાગ કરે છે, દેહ છૂટી જાય છે. રાગ તો ક્ષણે ક્ષણે છૂટતો જોવામાં આવે છે કે એક લાડવો ખાધો, બીજા લાડવો ખાવાની વૃતિ ઘટી અને ત્રીજાએ તો હાથ જોડીને ના પાડવી કે બસ ! ભાઈસા'બ.

.. પરિણમન નિરંતર સતત દરેક પ્રાણીને, દરેક આત્માને ચાલુ રહે છે. અને જ્યારે સત્પુરુષ એમ કહે છે કે તું જ્ઞાનસ્વરૂપી આત્મા છો તો હું મારું અસ્તિત્વ જ્ઞાન સ્વરૂપે કેમ સ્વીકારતો નથી ? આ એક એના મંથનનો વિષય થાય છે. અને જ્યાં સુધી સત્પુરુષ કહે છે તે સત્પુરુષની આજ્ઞા છે. એમના વચનો મને સંપૂર્ણપણે માન્ય છે, અંશતઃ માન્ય નથી. ધાકડે ધાકડ. 'કૃપાળુદેવ'ના શબ્દમાં કહીએ તો ધાકડે ધાકડ માન્ય છે. એમ જ્યારે વાત છે ત્યારે હું કેમ અમાન્ય કરું છું ? આ તો ખુલ્લી વાત છે. નક્કર હકીકત છે કે દેહ અને રાગ છૂટે છે, જ્ઞાન છૂટતું નથી અને જ્ઞાન સ્વરૂપે તું તારો સ્વીકાર કર એમ આજ્ઞા છે. તો એ આજ્ઞાનું હું ઉલ્લંઘન કેમ કરું ? ભાઈ !

મોટો સવાલ એ છે કે જ્યારે એમની આજ્ઞા ધારણ કરવી છે, શીરોધાર્ય કરવી છે તો એમની આજ્ઞાનું હું ઉલ્લંઘન કેમ કરું ? અને આમાં કોઈ મોટી શાસ્ત્રની, સિદ્ધાંતોની વાત નથી કે ન સમજાય. આ તો એકદમ Practical અને વાસ્તવિક પરિસ્થિતિ છે. બસ ! આટલો સંક્ષેપ જો પરિણમે તો પ્રથમમાં પ્રથમ આ જે ત્રીજો દોષ છે એ પણ ટળી જાય છે. પણ એ દિશામાં પ્રયત્ન હોવો ઘટે છે.

સ્વરૂપ નિર્ણય, સ્વરૂપની ઓળખાણની દિશામાં જો મુમુક્ષુજીવનો પ્રયત્ન ન હોય તો આગળ Stage માં આવ્યા પછી એ અટકી જાય છે, પરમયોગ્યતાની જે છેલ્લી હદની યોગ્યતાની હાનિ (કહી) એ આ જગ્યાએ થાય છે. અને જો પદાર્થનો નિર્ણય થાય તો દર્શનપરિષહમાં ચિત્તની જે વ્યાકુળતા હોય છે એ નથી થતી. મુમુક્ષુને એક અજ્ઞાનપરિષહ અને દર્શનપરિષહની વેદનામાં આવવાનું બને છે. માર્ગ

પ્રાપ્તિ કરવી છે એવા મુમુક્ષુને માર્ગ નથી મળતો ત્યારે મૂંઝવણ થાય છે. પોતે ૨૩મા વર્ષની અંદર દર્શનપરિષહ વેદ્યો છે. ૨૪મા વર્ષે સમ્યગ્દર્શન થયું છે તો ૨૩મા વર્ષે દર્શનપરિષહને વેદ્યો છે. મુંઝવણ થાય છે અને એટલી બધી મૂંઝવણ થાય છે કે આ જગતમાં કોઈ દુઃખી પ્રાણી હોય તો હું છું, પણ મને દુઃખ ખાવાનું નથી, પીવાનું નથી, પૈસાનું નથી, ઘરનું નથી, પત્નીનું નથી, ભાઈનું નથી, મા-બાપનું નથી, ઘરનું નથી, બહારનું નથી. કોઈ દુઃખ નથી. એક મને મારા સ્વરૂપની પ્રાપ્તિ નથી એનું દુઃખ છે. એ દર્શનપરિષહમાં આવે છે ત્યારે એનું ચિત્ત વ્યાકુળ થાય છે. વ્યાકુળ થાય છે ત્યારે ધીરજથી ચાલવું પડે છે. ઉતાવળે એમાં કામ નથી થતું. પણ એ દર્શનપરિષહમાં પણ પસાર થવાનું બને છે. એ ક્યાં સુધી ? કે જ્યાં સુધી પદાર્થનો નિર્ણય નથી ત્યાં સુધી. પદાર્થનો નિર્ણય થતાં એ પરિસ્થિતિ નથી રહેતી.

જેની શોધ માટે જેની જિજ્ઞાસા અપૂર્વપણે હતી તે અપૂર્વ પદાર્થ, અપૂર્વપણે પ્રતિભાસ્યો અને અપૂર્વ મહિમા ઉલ્લસિત થયો અને ચૈતન્યવીર્યની સ્ફૂરણા થઈ. ચૈતન્યવીર્ય એટલે આત્મિક પુરુષાર્થ, આત્માનો આત્મા સંબંધિત અંતર્મુખી પુરુષાર્થનો પ્રારંભ પદાર્થ નિર્ણય પહેલા કોઈને થઈ શકતો નથી. અને એ પદાર્થ નિર્ણય થતાં જે ચિત્તની વ્યાકુળતા છે એ શાંત થાય છે અને જો પદાર્થ નિર્ણય ન થાય તો મિથ્યા સમતા આવવાનો અર્થ એ છે કે પોતાનું સ્વરૂપ ઓળખ્યા વિના પણ મારી સ્થિતિ કાંઈક સારી છે, હું થોડો આગળ વધ્યો છું, આટલું આટલું તો મને થાય છે, આટલું તો હું કરું છું, એવી એક મિથ્યા સમતા આવે છે. અને આ એક ભૂલ ન થવી જોઈએ. આને માટે જાગૃત રહેવાની બહુ જરૂર છે. કારણ કે પોતાનું ધ્યેય પરિપૂર્ણ શુદ્ધિનું, મોક્ષપદનું છે એટલા માટે. જ્યાં સુધી એ માર્ગે ચડે નહિ અને એ માર્ગે પહોંચે નહિ, ત્યાં સુધી ક્યાંય સંતોષ માનવો-કોઈપણ અવસ્થામાં સંતોષ માનવો એ યોગ્યતાવાન અથવા મોક્ષમાર્ગી જીવને બનતું નથી. ઉલટાનું જેમ જેમ જીવ આગળ વધતો જાય છે તેમ તેમ તેને અસંતોષ વધતો જાય છે કે મારે હજી પૂર્ણતા કેમ ન થઈ ? હજી હું કેમ પહોંચતો નથી ? બસ ! આટલું વિચારી લેવાનું છે કે વર્તમાન અવસ્થામાં સંતોષાઈ ગયો છું ? કે વર્તમાન અવસ્થામાં અસંતોષ વર્તે છે ? આટલું

મુમુક્ષુજીવને Check કરી લેવું જોઈએ-તપાસી લેવું જોઈએ.

એટલી વાત અવશ્ય છે કે પોતાના ભૂતકાળની અવસ્થા કરતા વર્તમાનકાળની અવસ્થા સારી હોય મુમુક્ષુને, પણ એ કાંઈ એનું ધ્યેય નથી. ધ્યેય તો ઘણું ઊંચું છે અને ધ્યેયથી પોતે ઘણો દૂર છે. ભૂતકાળની નીચ કોટીની જે અવસ્થા હતી, નીચી કક્ષાની જે અવસ્થા હતી એના ઉપર નજર નથી રાખવાની. કોઈ વિદ્યાર્થી પોતાના નીચેના વિદ્યાર્થી ઉપર નજર રાખે કે ઘણા નાપાસ થયા. સોમાંથી નેવું નાપાસ થયા એમાં હું નાપાસ થયો એમાં શું મોટી વાત છે ? (એમ આધાર લે) એ વિદ્યાર્થી કોઈ દિવસ પાસ ન થાય. પહેલા નંબરે મારે આવવું છે. એ બીજે-ત્રીજે નંબરે ભલે આવે.

'કૃપાળુદેવ'ના જીવનમાંથી એક બહુ મોટી સમજવાની કે શીખવાની મળે છે એ વાત છે કે એમને આગમમાંથી ખબર પડી કે આ કાળે મોક્ષ થતો નથી તોપણ એમનો પુરુષાર્થ એ વાતનો સ્વીકાર કરતો નથી. ઘડીભર માટે એમનો પુરુષાર્થ સ્વીકાર કરતો નથી કે શું કરવા મોક્ષ ન હોય ? મોક્ષ તો સ્વરૂપમાં એક અંતર્મુહૂર્ત એટલે બે ઘડી સુધી જો સ્થિર થાય એટલે સાતથી આગળના આઠ, નવ, દસ અને બાર ગુણસ્થાન અંતર્મુહૂર્તમાં પૂરા થઈને તેરમા ગુણસ્થાનમાં જીવ આવે છે. એ માર્ગ લાંબો નથી. ચોથેથી છઠ્ઠા સુધીમાં ગમે તેટલા કાળ જાય. અને અમુક મર્યાદા સુધી ભવ પણ થાય. પણ શ્રેણી માંડી આઠમા ગુણસ્થાનની, સાતમા ગુણસ્થાનથી આગળ ગયો જીવ અને શ્રેણી માંડી એટલે અંતર્મુહૂર્તમાં તેરમા ગુણસ્થાને પહોંચે એક કલાકમાં. આગળની સ્થિતિ આટલી ટૂંકી છે.

જો આ પરિસ્થિતિ છે તો 'કૃપાળુદેવે' એ જોયું કે જો હું સ્વરૂપમાં તો સ્થિર થઈ શકું છું. સ્વરૂપમાં સારી રીતે હું સ્થિર રહું છું. અરે..! સ્થિર રહું છું એમ નહિ. ૨૪મા વર્ષે ૨૫૫મા આ પછીનો પત્ર છે એમાં એમ કહે છે કે દેહ છે કે નહિ એ માંડ માંડ યાદ કરું ત્યારે મને યાદ આવે છે કે હજી પાડોશમાં છે કો'ક. પાડોશી છે. દેહ તો પાડોશી છે ને ? પાડોશમાં કો'ક પાડોશી હજી રહે છે એ તો પછી એની સામું જોવે ત્યારે ખબર પડે છે. ભૂલી જાય છે એ તો પાડોશીને. એવી મસ્ત અધ્યાત્મની જેની દશા છે એ એમ કહે છે કે તો પછી હું શા માટે સ્થિર ન રહી શકું ?

સ્થિર થાઉં છું તો ખરો, સ્થિર થતા આવડે છે, એ સ્વરૂપસ્થ થવાની કળા મને આવડી તો હું શા માટે સ્થિર ન રહું ? શાસ્ત્ર કેમ ના પાડે આ વાતની ? અને ઉપાડ્યો પુરુષાર્થ. પણ વચ્ચે સહરાનું રણ આવ્યું. પગે નિકાચિત થાક ધારણ કર્યો અને જે સ્થિતિ છે તે અન્યથા થતી નથી એનો સ્વીકાર કર્યો. પણ પરિસ્થિતિ શું થઈ ? કે જેને પહેલા નંબરે પાસ થાવું છે એનો પુરુષાર્થ પહેલા નંબરે પાસ થવાનો હોય એ કદાચ પહેલે નંબરે ન થાય તો બીજે-ત્રીજે આવે. એમ એક ભવ રહી ગયો.

આ કાળમાં કોઈ એકાવતારી સત્પુરુષ થાય તો એમ સમજવું ઘટે છે કે આ કાળને માટે એમણે પર્યાપ્ત પુરુષાર્થ કરેલો છે, ચરમસીમાનો પુરુષાર્થ કરેલો છે. ચરમસીમાના પુરુષાર્થમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને પહોંચે અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ન પહોંચે તો એક ભવ બાકી રહી જાય. આ બે ચરમસીમાના પુરુષાર્થની ચોખ્ખી પરિસ્થિતિ છે. એમને તો કંઈ એક ભવ પણ રાખવો નહોતો. એક ભવ પણ જોઈતો નહોતો. એ તો કહે, આ ભવે શું કરવા ન થાય ? કાંઈ કારણ ખરું ? મારો અધિકાર છે. મારા સ્વરૂપને પ્રાપ્ત કરવાનો મારો અધિકાર છે. જેમ બાપની મિલકત ઉપર અધિકાર હોય છે કે નહિ ? એક ભાઈ એમ કહે કે નહિ, તમને ભાગ નહિ મળે તો કોઈ ચલાવે ? અરે..! ભાગ નહિ મળે નહિ, એક તસુ જમીન ઓછી નહિ લઉં. અડધો અડધ ભાગ મારો લાગશે. બે ભાઈ હોય તો. અથવા જેટલા પ્રમાણમાં હોય એમાં કોઈ ઓછું ન લે. કેમકે અધિકાર છે.

એમ આત્માને આત્મપ્રાપ્તિનો અધિકાર છે. એ અધિકારને શાસ્ત્ર ના શું કરવા પાડે, એમ કહે છે. એટલું જોર છે. એટલું પુરુષાર્થનું બળ છે, દૃષ્ટિબળ એટલું છે એમનું કે પરિસ્થિતિ ભલે અન્યથા ન થાય તો અનંત ભવમાં અને અનંત કાળના સંસારમાં એકાદ ભવ રહી જવો એ તો સમુદ્રમાં બિંદુના પ્રમાણની વાત છે. એ કોઈ મોટી વાત નથી, એ કોઈ વિશેષ વાત નથી, કોઈ ગણવા જેવી કોઈ ચીજ નથી. પણ એ એમનું જીવન, એમનું પરિણમન, એમના પુરુષાર્થનું બળ એ એમના વચનોમાંથી બહાર આવે છે.

પંચ મહાભૂતનો દેહ ભલે વિલય થયો પણ અક્ષરદેહ હજી રહી ગયો છે. આ અક્ષરદેહ કહેવાય છે ને ? વચનો છે તે અક્ષરદેહ છે. દેહ

ઉપરથી ભાવ સમજી શકાય છે. આત્મા તો કાંઈ ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી કે કોઈને ચક્ષુ ઇન્દ્રિયથી આત્મા દેખાય. આપણે ભલે સામે સામે બેઠા હોય પણ નજરમાં તો દેહ જ આવવાનો છે ને ? દેહથી જ ભાવને સમજવાનો છે અને દેહમાં પણ વચનોથી કે મુખાકૃતિની ચેષ્ટાથી. આ સિવાય વચ્ચે પુદ્‌ગલના માધ્યમ સિવાય તો બીજો કોઈ ભાવને સમજવાનો ઇલાજ નથી. ત્યારે એ વચનો રૂપી અક્ષરદેહ રહી ગયો. અને એનાથી એમના ભાવો સમજવા મળે છે કે એ કેટલા પુરુષાર્થવંત હતા અને કેટલું જોર હતું ! પૂર્ણતા પ્રાપ્ત કરવામાં એમનો ઉછાળો કેટલો હતો !

૨૪માં વર્ષમાં માગશર મહિનાના પત્રમાં, હજી ૨૩ના આસોમાં તો એમની જે દશા છે એ દેખાય છે અને ૨૪ના પ્રારંભમાં કારતક સુદ પાંચમે કે પૂનમે લખે છે કે જ્ઞાન પ્રાપ્તિ થઈ છે એમાં તીર્થંકરની સાક્ષી છે, અનંતા જ્ઞાનીઓની સાક્ષી છે. એમાં કોઈ સંદેહ હવે પડે એવું નથી. કેમકે સમ્યગ્દર્શનના કાળમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે. એટલે વર્ષના પ્રારંભમાં જ થઈ ગયો છે. અને માગશર મહિનાના પત્રમાં એમની મસ્તી જુઓ તો જબરદસ્ત વાતો આવી છે. માગશર, પોષ, મહા, ફાગણ મહિનાના શરૂઆતના મહિનાના પત્રમાં જુઓ એટલી અધ્યાત્મની મસ્તી છે કે જેને મોક્ષની દશાની પરવા નથી રહી. મોક્ષદશા લેવાની પરવા નથી થઈ. કેમકે એથી અનંતગુણ અધિક એવું જે આત્મસ્વરૂપ એ પોતે જ છે. પ્રત્યક્ષપણે એ પોતે જ છે. પછી દશાની ચિંતા શેની ? જેને અઢળક દોલત ઘરમાંથી દાટેલી મળી એને મકાન ક્યારે બનશે અને દાગીના ક્યારે બનશે અને કપડા ક્યારે સિવાઈને આવશે એની ચિંતા એને હોતી નથી. એ તો એના ટાઈમે થોડો સમય લાગશે, બધું થઈ જશે. સંપત્તિ પાસે છે એને Possession છે એ બહુ મોટી વાત છે. કબજો બળવાન છે. એટલે એમાંથી મસ્તી આવી છે એ બધી.

જ્યાં સુધી ખોટી સમતા, મિથ્યા સમતા એટલે કે કાલ્પનિક નિર્ણય થયો, માત્ર વૈચારિક ભૂમિકામાં રહીને રાગની પ્રધાનતામાં નિર્ણય થયો... આત્મસ્વરૂપમાં નિર્ણય બે પ્રકારે થાય છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર મુમુક્ષુઓને જ્યારે ખ્યાલ છે કે મારે મારા સ્વરૂપનો નિર્ણય

કરવાનો છે, કરવો જરૂરી છે ત્યારે આત્મા સંબંધીની જે જે વાતો સમજવા મળે છે, જે જે પડખાંઓ આત્મસ્વરૂપને માટે સમજવા મળે છે, સ્વરૂપ વિષયક જે જે વાતો આવે છે એમાંથી નિર્ણય કરવા પ્રત્યે એના પરિણામો દોરાય છે. પણ નિર્ણય બે પ્રકારે થાય છે. એક રાગની પ્રધાનતામાં અને એક જ્ઞાનની પ્રધાનતામાં. અથવા તો એક રાગના આધારે અને એક જ્ઞાનના આધારે. જેનો આધાર લઈએ તેની પ્રધાનતા (હોય છે). અથવા જેનો આધાર લેવામાં આવે છે ત્યાં સ્વપણું થાય એનો અધાર લેવામાં આવે છે–પોતાપણું થાય તેનો આધાર લેવામાં આવે છે.

અનાદિની આ જીવની સ્થિતિ રાગના આધારે વિચાર કરવાની છે. એ સ્થિતિમાં કરેલો નિર્ણય મિથ્યા સમતા લાવે છે. આ જે 'કૃપાળુદેવે' વચન લખ્યું છે કે 'મિથ્યા સમતા આવે છે.' પણ એટલે શું ? મિથ્યા સમતા આવે છે ? એને એમ લાગે છે કે જેવો શાસ્ત્રકાર અથવા જ્ઞાનીપુરુષ કહે છે એવો જ મને આત્મા મારા વિચારમાં સંમત થાય છે. મારી બુદ્ધિ એનો નકાર કરતી નથી. મારી બુદ્ધિ એનો સ્વીકાર કરે છે અને બૌદ્ધિક સ્વીકાર થવાથી એને શંકા નથી પડતી કે આ મારો નિર્ણય સાચો છે કે ખોટો છે. અને મેં નિર્ણય કર્યો છે એમ એને લાગે છે. જેવો આત્મા કહે છે એવો જ હું માન્ય કરું છું, એમાં મને કાંઈ ના કહેવાનું કારણ મળતું નથી. આગમથી, ન્યાયથી, યુક્તિથી, અનુમાનથી, તર્કથી એક અનુભવને છોડીને, આટલા પ્રમાણ એને પોતાના નિર્ણય માટે યથાર્થ લાગે છે કે જેમ આગમ કહે છે, જ્ઞાનીપુરુષ કહે છે એવો જ મારો આત્મા સંબંધીનો નિર્ણય છે કે આત્મા આવો જ હોય, બીજી રીતે આત્માનું સ્વરૂપ હોય જ ન શકે.

અહીંયાં એક સૂક્ષ્મતા છે અને એ વિષય એમણે પોતે ખોલ્યો છે ૭૫૧ નંબરમાં. ૭૫૧ નંબરના પત્રમાં એમણે પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિને સમકિત અથવા પરમાર્થ સમકિતનું કારણ કહ્યું છે અને એ વાત આત્મસિદ્ધિ શાસ્ત્રની ૧૧૧ ગાથામાં છે. '**પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.**' 'આત્મસિદ્ધિ'માં. ત્યાં તર્ક નથી લીધો, અનુમાન નથી લીધું, આગમ નથી લીધું, અનુમાન, ન્યાય નથી લીધો, ન્યાય પ્રમાણ, અનુમાન

પ્રમાણ, તર્ક પ્રમાણ, આગમ પ્રમાણ એ કોઈ પ્રમાણ નથી લીધા. સ્પષ્ટ અનુભવાંશે. સ્પષ્ટ અનુભવનો અંશ એટલે શું ?

અનુભવ કરવું એટલે વેદવું. વેદનનો Other word છે-અનુભવ. અનુભવનો બીજો શબ્દ છે-વેદન. વેદન કરવાનો ધર્મ જ્ઞાનનો છે. જ્ઞાન અનુભવ કરે છે અથવા જ્ઞાન વેદન કરે છે અને એ જ્ઞાન પરનું સ્વપણે જ્યાં સુધી વેદન કરે છે ત્યાં સુધી તેને મિથ્યા અનુભવ કહેવામાં આવે છે. રાગનો અનુભવ, સંયોગોના સુખ-દુઃખનો અનુભવ, અનુકૂળતા, પ્રતિકૂળતાનો અનુભવ, ઠંડી-ગરમીનો અનુભવ, ગળપણ અને કડવાશનો અનુભવ. આ બધો અનુભવ આત્મા પરપદાર્થનો અનુભવ કરી નહિ શકતો હોવા છતાં અનુભવનો સ્વીકાર થયો એનું નામ મિથ્યા અનુભવ છે.

જો આત્મા પરપદાર્થનો અનુભવ કરી શકતો હોય તો તેને મિથ્યા અનુભવ ન કહેવો જોઈએ પણ એને સાચો અનુભવ કહેવો જોઈએ. કેમકે અનુભવ કરી શકે છે અને અનુભવ કર્યો. એમાં ખોટું શું ? પણ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સ્વચતુષ્ટયે જ્યારે જડ અને ચૈતન્ય ભિન્ન પદાર્થ છે. જડ અને ચૈતન્યની ભિન્નતાનું પદ પોતે રચ્યું છે. સ્વભાવથી જ ભિન્ન છે ત્યારે એનો અનુભવ થવો અશક્ય છે અને અસંભવિત છે. આ વિષય ઉપર તો કર્તા-કર્મ અધિકાર 'સમયસાર'નો અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર 'સમયસાર'નો ભગવાન 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'માં રચ્યો છે. બહુ મોટા અધિકાર છે. બંને અધિકાર બહુ મોટા છે આખા 'સમયસાર'માં.

એમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ છે. શા માટે અનુભવ નથી કરી શકતો ? કે જેમાં વ્યાપે તેનો અનુભવ થાય. જેમાં વ્યાપે નહિ તેનો અનુભવ ન થઈ શકે. તો જ્ઞાન રાગરૂપ થતું નથી. રાગ છૂટી જાય અને જ્ઞાન રહી જાય છે. જો વ્યાપે તો બંને છૂટી જાય. પણ કોઈ અજ્ઞાનીનું જ્ઞાન પણ રાગરૂપ થયું નથી અને રાગ જ્ઞાનરૂપ થયો નથી. બંનેની જાત જુદી છે, બંનેનું સ્વરૂપ જુદું છે. તેથી જ્ઞાન, જ્ઞાનનો અનુભવ કરે, સ્વરૂપના લક્ષે, સ્વયંના લક્ષે જ્ઞાન જ્ઞાનનો અનુભવ કરે તેનું નામ સ્પષ્ટ અનુભવાંશ છે. અને અંશ એટલા માટે લીધો કે પૂર્ણ અનુભવ તો ઉપરની દશામાં સ્વાનુભવની દશામાં થાય છે અથવા મોક્ષદશામાં થાય

છે. પણ નિર્ણયના કાળમાં જ્ઞાન સ્વયંના વેદનને ગ્રહણ કરીને ત્યાં જે વ્યક્ત સ્વભાવ છે તે વ્યક્ત સ્વભાવનું ગ્રહણ કરે, ત્યારે એને અવ્યક્ત સ્વભાવ, પરિપૂર્ણ સ્વભાવ કેવો હોય અને એનું પરિપૂર્ણ સામર્થ્ય કેવું હોય એનો અનુભવ અંશે પ્રતીત એટલે સામર્થ્યનો વિશ્વાસ આવે છે. એ અનંત સામર્થ્યનો વિશ્વાસ એના મહિમાને ઉત્પન્ન કરે છે અને એના પુરુષાર્થને ઉત્પન્ન કરે છે.

આ વિષય-પદાર્થનિર્ણયનો વિષય થોડો ઊંડો છે અને અધ્યાત્મનું પ્રથમ ચરણ અહીંથી શરૂ થાય છે. પછી એ પારમાર્થિક સ્વાનુભવનું સમ્યગ્દર્શનનું એ કારણ છે, અનન્ય કારણ છે. એટલે એને તો સમ્યગ્દર્શન થાય જ થાય. એમ 'કૃપાળુદેવ'ને કહેવું છે. વિશેષ લઈશું... આજનો સમય પૂરો થયો છે.

**જે જીવ છૂટવાના ઉપાયની / માર્ગની શોધમાં હોય, તેને માર્ગ, સત્પુરુષની વાણીમાં પ્રકાશની જેમ મળે છે. સત્‌પુરુષ - અનુભવી પુરુષની વાણીમાં જ માર્ગ પ્રાપ્તિની વિધિ આવે - અજ્ઞાનીની વાણીમાં વિધિનું પ્રકાશન થઈ શકતું નથી. તેથી જેને 'માર્ગ'ની શોધ વર્તે છે, તેને સત્‌પુરુષથી માર્ગ નિઃસંદેહ મળે છે. તે જીવને સત્‌પુરુષની ઓળખાણ તેની અંતર પરિણતિથી થાય છે. તેને સત્‌પુરુષનો યથાતથ્ય મહિમા આવે છે. અનાદિકાળના પરિભ્રમણમાં, સત્‌પુરુષનો યોગ થવા છતાં, જીવને ઉક્ત પ્રકારે ઓળખાણ થઈ નથી. ઓઘે ઓઘે 'આ જ્ઞાની છે' તેમ માન્યું છે. બહુમાન પણ ઓઘે ઓઘે કર્યું છે, પણ તે ખરો મહિમા નથી. ઓળખીને બહુમાન - મહિમા આવે તો જરૂર તરી જાય. - માર્ગની શોધ એ ખાસ પ્રકારની પાત્રતા છે. આવી પાત્રતાના અભાવમાં જ્ઞાની ઓળખાતા નથી. ('અનુભવસંજીવની'-૧૬૭)**

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૫

છેલ્લે ચાલતા પત્રમાં એ વિષય ચાલ્યો. સત્પુરુષ પ્રત્યે પરમ વિનય. સત્પુરુષના સ્વરૂપજ્ઞાનપૂર્વક એમના વિષે જે પરમ પ્રેમાર્પણ થાય છે, સર્વ સાધનનું એ મૂળ છે. આગળ પોતે લખે છે.

**'અધિક શું કહીએ** ?' આથી વધારે શું કહેવું ? આ પત્રમાં પ્રારંભથી માંડીને છેક સુધીની વાત સ્વાનુભવના દ્વાર સુધી પહોંચાડવાનો વિષય સ્પષ્ટ કર્યો છે. આથી અધિક શું કહીએ ? '**અનંતકાળે એ જ માર્ગ છે.**' આજે કે કોઈ કાળે ભૂતકાળમાં, વર્તમાનકાળમાં કે ભવિષ્યકાળમાં જે કોઈ પામ્યા છે એ આજ માર્ગે પામ્યા છે. બીજા કોઈ માર્ગે પામ્યા નથી. એનો ઉલ્લેખ ૧૯૪માં પોતાના જ સ્વાનુભવથી એમણે કર્યો છે.

**'જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે.' 'જ્ઞાનીપુરુષના ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને...'** કોઈને થઈ નથી. થાય છે તેને જે સત્પુરુષની દશા છે તેની દશાને પામે છે. આ વાત સ્વયંના અનુભવની છે. એ એમ સૂચવે છે કે અનાદિઅનંત આ જગતનો એક નિયમ છે. એટલે અહીંયાં એ કહ્યું કે અનંત કાળે એ જ માર્ગ છે.

**'પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.'** પહેલું અને ત્રીજું કારણ એટલે આ લોકની અલ્પ પણ સુખેચ્છા અને પદાર્થનો અનિર્ણય એ બંને દોષ જવા માટે પરમ વિનયમાં ઓછપ હોય તો એની પૂર્તિ કરવી. '**અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.**' અહીંયાં ઓઘસંજ્ઞાનો નિષેધ છે.

અસ્તિમાંથી નાસ્તિ એ નીકળે છે કે મહાત્માના યોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખ્યા વિના પરમ પ્રેમનો ઉદ્ભવ થવો અસંભવ છે, અશક્ય છે. જે વસ્તુની ઓળખ ન હોય, જે વસ્તુની પહેચાન ન હોય એ વસ્તુની કિંમત કેવી રીતે આવે ? હીરો પણ એક પથ્થર છે. પણ પથ્થર પથ્થરમાં ફેર છે.

મહાત્મા પણ એક મનુષ્ય છે, મનુષ્ય મનુષ્યે ફેર છે. એક લાખે ન મળે, કરોડો-અબજો મનુષ્યમાં એક ન મળે, અબજો મનુષ્યમાં એક ન મળે. એક તાંબાના તેર મળે. કહેવત છે. 'એક લાખે ન મળે એક તાંબાના તેર.' એવો એક વિષય ઓળખાણનો છે. બહુ મહત્વનો વિષય છે.

**'મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું.'** અહીંયાં એ પ્રશ્ન થાય કે કેવી રીતે ઓળખવું ? તો પોતે જ કહે છે. એક સુંદર એમના વચનામૃતોની શૈલી છે કે સમસ્યા અને સમાધાન સાથે સાથે જ આપે છે. તેમના અલૌકિક સ્વરૂપને ઓળખવું. **'ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે.'** ભાઈ ! તમારા પ્રશ્નનો ઉત્તર કુદરતી આવી ગયો. હમણા જ એક ચિઠ્ઠી મોકલી છે કે શું કરવું ઓળખવા માટે ? તો 'કૃપાળુદેવ' પોતે જ કહે છે કે ઓળખવાની પરમ તીવ્રતા રાખવી.

ઘરમાં હિરાના દાગીનામાંથી એક હીરો ખરીને પડી જાય. આ નાકની ચુની બહેનો પહેરે છે ને હીરાની ? નાકમાંથી સાફ કરતા કરતા પડી જાય. પચ્ચીસ પચાસ હજારનો હીરો પહેર્યો હોય. નંગ હોય. ઘરમાં જ ખોવાયો છે અને ઘરની બહાર તો નથી. એ વાત તો નક્કી છે. તેથી ઘરમાંથી તો ક્યાંય જવાનો નથી એવી ઉદાસીનતા કોઈ સેવતું નથી. ઘરમાંથી ક્યાં જવાનો છે ? પડ્યો છે તો ઘરમાં જ. કાંઈ નહિ જમવાનો ટાઈમ થઈ ગયો છે જમી લઈએ અને સૂવાનો ટાઈમ થઈ ગયો છે એટલે આરામ કરી લઈએ. પછી નિરાંતે શોધશું. એટલી પણ બેકાળજી પચ્ચીસ-પચાસ હજારના નંગ માટે એટલી બેદરકારી સેવવા કોઈ તૈયાર નથી. અભણ માણસ એમ કહે હું એવો ભણ્યો નથી, શું કરું ? એવું કોઈ પૂછશે ? હું તો અભણ છું. અભણ હોય કે ભણેલો હોય કિંમતી ચીજ ખોવાય જાય અને પછી એને ગોત્યા વિના એ રહી શકે, જમી શકે કે સૂઈ શકે એ બની શકતું નથી. જીવના સ્વભાવ બહારની વાત છે.

તો પછી પોતાનું સિદ્ધ સમાન પદ ખોવાયેલું છે, જડતું નથી અને ખાઈએ છીએ, પીએ છીએ, આરામથી હરીએ ફરીએ છીએ અને સૂઈએ છીએ. કેટલી દરકાર છે ? આપણને એ વિચારવું રહ્યું. એટલી વાત ઉપરથી કે એક પથ્થરનો ટુકડો. હીરો તો એક પત્થરનો ટુકડો છે. White stone એને કહે છે. અંગ્રેજીમાં એને શું કહે છે ? White stone. અને આ કાંઈ લાલ-પીળા હોય, માણેક ને નિલમ હોય ને લાલ-લીલા એને Coloured stone કહે છે એ લોકો. આ ઝવેરીની ભાષા છે. એક પત્થરના ટૂકડા માટે પણ ખાવું ને સૂવું એક બાજુ રહી જાય તો જેનું મૂલ્ય થવા માટે જગતમાં કોઈ ઉપમા નથી, કોઈ પદાર્થ નથી બરાબરનો, એ ખોવાયું છે અને એની ચિંતા નથી. એ ખોવાયો છે છતાં એને શોધવા માટે દરકાર નથી તો એ જડે પણ કેમ ?

એમ સત્પુરુષથી માર્ગ મળે છે એમ જ્યારે ત્રિકાળ અબાધિત સિદ્ધાંત છે તો એ સત્પુરુષની ખોજ ક્યાં કરી ? ક્યારે કરી ? કેટલી કરી ? એ પણ જીવે પોતાને પૂછી લેવાની જરૂર છે. કબીરદાસનું એક પદ છે 'સુખિયા સબ સંસાર, ખાવે ઔર સોવે. દુઃખિયા દાસ કબીર ગાવે ઔર રોવે.' જગતમાં બધા સુખી છે. મારા કરતા બધા સુખી છે. એય..! ખાય પીને ઓઈયા કરીને સૂઈ જાય છે. નિરાંતે ઉંઘ ખેંચી લે છે વળી પાછા ખાયને સૂઈ જાય છે. એક જગતમાં દુઃખિયો દાસ કબીર છે. કાંઈક ગાઈ છે. પોતે કવિ હતા ને એટલે ગાઈ છે અને રોયા કરે છે.

એટલા માટે અહીંયાં 'કૃપાળુદેવ' કહે છે, '**ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે.**' જ્યાં સુધી ઓળખવાની પરમ તીવ્રતા, છેલ્લી હદની તીવ્રતા (આવે), એકવાર તો ખાવું, પીવું ને સુવું હરામ થઈ જાય. પરમ તીવ્રતા ક્યારે આવે ? કે ખાવું, પીવું ને સૂવું હરામ થઈ જાય તો ઓળખાશે, અવશ્ય ઓળખાશે. ઓળખવાની તીવ્રતા આવે અને ન ઓળખાય એ કુદરતના વિરુદ્ધની વાત છે, કુદરતના નિયમ વિરુદ્ધની વાત છે. ઓળખાય, ઓળખાય ને ઓળખાય જ.

૬૭૯માં તો 'કૃપાળુદેવ' ત્યાં સુધી કહે છે કે વર્તમાન સામે હોય ને ન ઓળખાય એ તો પ્રશ્ન જ નથી, પણ ભૂતકાળના જ્ઞાની હોય તોપણ ઓળખાય છે. પરોક્ષ થઈ ગયા હોય તોપણ તેમની મુખવાણી રહી ગઈ હોય. આ એમના શબ્દો છે. '**પૂર્વ કાળે જ્ઞાની થઈ ગયા હોય અને માત્ર**

**તેની મુખવાણી રહી હોય તોપણ વર્તમાનકાળે જ્ઞાનીપુરુષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાનીપુરુષની છે.**' જ્ઞાનીપુરુષ જાણી શકે અને કોઈ સંસ્કારી પુરુષ જાણી શકે. આટલો નિયમ છે. દરેક જાણી શકે એવું હોત, જ્ઞાનીપુરુષની વાણી દરેક જાણી શકે અને જ્ઞાનીપુરુષને દરેક ઓળખી શકે એવી જો સામાન્ય પરિસ્થિતિ હોત તો મોક્ષ અહીંયાં જ હોત. એ તો આગળ કહી ગયા છે. એ પરિસ્થિતિ અવશ્ય નથી. એટલે સામે પક્ષે યોગ્યતા અપેક્ષિત છે. જ્યાં સુધી યોગ્યતા ન આવે ત્યાં સુધી ઓળખાણ થવી સંભવિત નથી અને યોગ્યતા માટે કોઈ શરત નથી.

ઘણા વિચારના અંતે એક વાત સમજાયેલી એ કહું છું કે કેવળજ્ઞાન માટે, મોક્ષ માટે શરત છે કે અંતર-બાહ્ય નિર્ગ્રંથદશા પ્રગટ થયા વિના કદિ કોઈનો મોક્ષ થાય નહિ, થયો નથી અને થશે નહિ. અને એવી ભાવલિંગી સ્વરૂપ રમણતાની અંતર-બાહ્ય નિર્ગ્રંથદશા સમ્યગ્દર્શન વિના કોઈને થઈ નથી અને થશે નહિ. અર્થાત્ તે તે દશાઓ પૂર્વદશાને અપેક્ષિત છે. Subject to condition એ દશા આવે છે. સમ્યગ્દર્શન પણ પદાર્થ નિર્ણય વિના કોઈને થયું નથી અને થશે નહિ. આ એક વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે, પૂર્વ શરત છે અને એ પદાર્થ નિર્ણય સત્પુરુષના યોગ વિના સજીવન મૂર્તિના સીધા ઉપદેશ વિના કદિ કોઈને થયો નથી અને થશે નહિ. અહીં સુધી પૂર્વ શરતો છે. પણ એ સત્પુરુષની ઓળખાણ માટે જે પૂર્વ શરત છે એની પૂર્વ શરત નથી. એ કહેવું છે.

સત્પુરુષ માટે પાત્રતા અપેક્ષિત છે. સત્પુરુષને ઓળખવા માટેના નેત્રો એ પાત્રતામાં મળે છે. જેને અહીંયાં 'કૃપાળુદેવે' એમ કહ્યું કે '**મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે.**' એ નેત્રો માટે કોઈ શરત નથી. નેત્રો એટલે પાત્રતા, મુમુક્ષુતા. ગમે તેવું ભૂતકાળનું જીવન કાળા કોલસા જેવું જીવ જીવ્યો હોય, ગમે તે જાતિમાં જન્મ્યો હોય, 'જાતિ વેષનો ભેદ નહિ... જે સમજે તે થાય.' પાત્રતા માટે કોઈ શરત નથી. કેટલી વારે પાત્રતા પ્રગટે એવો કોઈ પ્રશ્ન પૂછે કે પાત્રતા પ્રગટવા માટે કેટલી વાર લાગે ? કેટલા શાસ્ત્રો વાંચવા જોઈએ ? કેટલા પુસ્તકો ભણવા જોઈએ ? કેટલો સત્સમાગમ કરવો જોઈએ ? કેટલું શું કરવું જોઈએ ? કે કોઈ શરત નહિ. આ માર્ગના મૂળની આ સુંદરતા છે.

વીતરાગ માર્ગના મૂળની આ સુવિધા છે, સગવડતા છે કે ભાઈ ! કોઈ શરત નહિ તારા માટે. તું ગમે તેટલો પાપી હોય ને. પાત્ર થવા માટે તારા માટે કોઈ શરત અમે રાખી નથી. ફક્ત તને એટલું ઊગવું જોઈએ કે હવે મારે છૂટવું છે. કોઈ ભોગે બંધાવું નથી. છૂટવું જ છે. છૂટનારને કોઈ બાંધનાર નથી આ જગતમાં અને બંધાનારને કોઈ છોડાવનાર નથી. તીર્થંકર તો શું ઉપરથી સિદ્ધ ભગવાન ઊતરે ને તો જેને સ્વયં બંધાવું છે એને કોઈ છોડાવનાર નથી.

કોઈ એક ખાસ વ્યક્તિગત Caseમાં ‘કૃપાળુદેવ’ના પત્રમાં એવો ઉલ્લેખ છે કે ફલાણા, ફલાણા માટે તમે પ્રયત્ન કરો છો, ‘સોભાગ્યભાઈ’ને લખે છે, છોડી દ્યો તમે એ પ્રયત્ન. પરમેશ્વર જેને રખડાવવા માગે છે એવી ઈશ્વરી નિયતીનો ભંગ કરવાનો પણ આપણને શું અધિકાર છે ? કેટલો મધ્યસ્થ ભાવ છે ! દ્વેષ નથી. મધ્યસ્થ ભાવે એટલું જ કહે છે કે જ્યારે એ સ્વયં ઈરાદાપૂર્વક સમજવાની ક્ષમતા હોવા છતાં સમજવા માગતો જ નથી જીવ. અને એ જીવ જગતનો સ્વતંત્ર પદાર્થ છે. એની સ્વતંત્રતા અને પરતંત્રતા કરવાની કોશિષ કરવી એ અણસમજણ છે, ગેરસમજણ છે. એટલે એમ કહે છે કે જ્યારે એ પોતે સ્વતંત્ર રીતે સમજવા ન માગતો હોય એને સમજાવવાનો પ્રયત્ન કરવો એ ઈશ્વરી નિયતીની વિરુદ્ધ કાર્ય છે. કેમકે એનું પરિભ્રમણ જ જ્યાં નક્કી થયેલું છે કે હજી દીર્ઘ પરિભ્રમણ છે, એને જલદી પરિભ્રમણનો અંત લાવવાની બીજાએ કોશિષ કરવી એ નહિ સમજવાની વાત છે.

એટલે એમ કહે છે કે જે ઓળખવાની પરમ તીવ્રતા રાખે છે તેને અવશ્ય ઓળખાય છે, અવશ્ય અવશ્ય ઓળખાય છે. એ કુદરતી સિદ્ધાંત છે. ઈતિહાસમાં એવા ઘણા દૃષ્ટાંતો, ઘણા ઉદાહરણો, જીવંત દૃષ્ટાંતો બનેલા છે કે જેને સત્પુરુષનો યોગ મળે એવી કોઈ પરિસ્થિતિ ન હોય એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એ જીવ હોય, પણ છૂટવાની વેદનામાં આવે, ભવભ્રમણથી છૂટવું છે એમ નહિ, પણ છૂટવાની વેદનામાં આવે અને વેદનામાંથી એ ભાવના ઉદ્ભવ થઈ હોય એને કુદરત કેવી રીતે સત્પુરુષનો યોગ કરાવે છે એ જ્યારે જાણવા મળે છે ત્યારે કુદરતના આ સિદ્ધાંત ઉપર વિશ્વાસમાં ઉમેરો થાય છે, વિશ્વાસમાં

એ દૃઢતા વધી જાય છે. એના માટે કુદરત બંધાયેલી છે.

જ્ઞાનીઓ એમ કહે છે કે કુદરત એની સાથે બંધાયેલી છે અને એ સહેજે સમજી શકાય એવી વાત છે. જ્યારે એક પાપનું ફળ મળે છે, એ તો તીવ્ર વિકારી પરિણામ છે પણ એનું ફળ મળ્યા વિના રહેતું નથી એ પ્રત્યક્ષ પાપને ભોગવતા જીવો નજર સામે દેખાય છે. પુણ્યનું ફળ પણ મળે છે. વર્તમાનમાં ગમે તેટલા પાપ કરતો હોય તોપણ પુણ્યના ફળને ભોગવતો જીવ જોવામાં આવે છે. અને બંને વિકારી પરિણામ છે. શુદ્ધ પરિણામ નથી. જીવના એ બંને ચૈતન્ય વિકાર છે. જો બંનેના ફળ દેવા પણ કુદરત બંધાયેલી હોય, ઈશ્વરકૃત તો આપણે માનતા નથી, એ પરિસ્થિતિ નથી, તો શુદ્ધ પરિણામનું ફળ અને શુદ્ધ પરિણામની ભાવનાનું ફળ અને શુદ્ધ સ્વરૂપની ભાવનાના ફળ માટે કુદરત કેમ બંધાયેલી ન હોય ?

....હોય તોપણ તે સુખથી રહિત છે, સુખથી શૂન્ય છે, સુખના અભાવસ્વભાવે જડ પરમાણુનું સ્વરૂપ છે. એવું જડનું પદાર્થદર્શન ચોખ્ખું દીવા જેવું છે. છતાં પણ દર્શનમોહને વશ આ જીવને સુખનો તેમાં આભાસ થાય છે. છે નહિ એટલા માટે એ ભાસને આભાસ કહેવામાં આવે છે. એ આભાસ એટલો અનંત કાળથી દૃઢ થયેલો છે કે એકવાર તો જીવને એમ લાગે કે મોહને મટાડવો એ મારાથી અશક્ય છે. મોહને કાઢવો, મોહને મટાડવો એ ન બની શકે એવી વાત લાગે છે. મારા પરિણામ તપાસતા, મારા પરિણામ જોતા મને લાગે છે કે મોહને ટાળવો એ બની જ ન શકે એવી વાત છે. એમ ભલભલા હારી જાય છે. જગતમાં જગતના યુદ્ધો જીતનારા મોહ પાસે હારી જાય છે. ત્યારે 'કૃપાળુદેવે' બહુ સુગમ માર્ગ બતાવ્યો કે એક સત્પુરુષને ઓળખતા જો તને સત્પુરુષ પ્રત્યે આકર્ષણ થાય એટલે એક આસક્તિ તને આવી જન્મે તો પેલી આસક્તિ આપોઆપ મટી જાય. મટાડવા માટે તારે કાંઈ ન કરવું પડે. એ દિશાનો પ્રયત્ન જ તારે નહિ કરવો પડે, ચાલ. જો તું સત્પુરુષને ઓળખ અને એની ઓળખાણથી તને એના પ્રત્યે પરમ પ્રેમાર્પણરૂપ એક આસક્તિ થઈ. પરમપ્રેમને એક આસક્તિનું આપણે નામ આપીએ.

એ તો કહ્યું છે ને એમણે ? કે આ એક Tregedy છે, એક

દુઃખદાયક વાત છે કે જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન થયો. આસક્તિ કહો કે મોહ કહો. કે જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન થયો.

એમના શબ્દોની શૈલી તો કેટલી સુંદર છે ! અમારા ભાઈ અહીંની કોલેજમાં ગુજરાતીના Professor છે તો થોડું પૂછ્યું કે ગુજરાતી ભાષામાં કોઈ Doctrate થાય.. આ તો મારું Reading છે, તો 'કૃપાળુદેવ'ની ભાષાશૈલી છે એ ગુજરાતી ભાષાના Doctrate ને એના શિષ્ય થઈને બેસવું પડે એવી ભાષાની કોટી છે એમની. એમ વાત ચાલતા ચાલતા વાત થઈ કે, ભાષાજ્ઞાનમાં અને કવિત્વમાં હિન્દુસ્તાનમાં પ્રખ્યાત એક બીજી વ્યક્તિ છે 'રવિન્દ્રનાથ ટાગોર'. ઘણા એમને ગુરુદેવના નામથી પણ સંબોધે છે. મેં તો એમનું બિલકુલ સાહિત્ય વાંચ્યું નથી. કમનસીબે કહો કે નસીબે કહો. નસીબ કહો કે કમનસીબ કહો એ તો હું નથી સમજતો. પણ ભાઈને પૂછ્યું કે 'રવિન્દ્રનાથ ટાગોર'ની ભાષા અને 'કૃપાળુદેવ'ની ભાષામાં તમે તુલના કરો તો શું કહો ? તો કહે, ટાગોર બચ્ચું છે. શું કહ્યું ? સીધું જ એમ કહ્યું. 'કૃપાળુદેવ'ની ગુજરાતી ભાષા પાસે ટાગોર તો બચ્ચું છે બચ્ચું. અને ખરેખર એમ છે. મેં તો જોકે ટાગોરને વાંચ્યા નથી. એમનું સાહિત્ય મેં જોયું જ નથી પણ ગુજરાતી ભાષામાં આથી આગળ હજી તો કોઈ જોયા નથી.

'સરસ્વતીચંદ્ર' સ્કુલમાં ભણતી વખતે ભણતા ભણતા વાંચ્યું છે પણ ભલે એ ગુજરાતી ભાષાના એક અસાધારણ વિદ્વાનમાં એની ગણતરી છે પણ વિદ્વાન આખરમાં વિદ્વાન છે અને જ્ઞાની આખરમાં જ્ઞાની છે. જ્ઞાની વત્તા વિદ્વાન એની તુલના વિદ્વાન સાથે ન થાય. સરખામણી તો બરાબરીમાં હોય. જ્યાં બરાબરી ન હોય ત્યાં તુલના કરવાની પણ ન હોય. મંદિર મંદિરની તુલના થાય. મંદિર મસ્જિદની તુલના ન થાય. એમ ભાષા ભાષાની તુલના કરીએ તોપણ 'કૃપાળુદેવ'ની ભાષા એક નૈસર્ગિક પ્રવાહ છે. એ ભાષાનો જે પ્રવાહ છે એ કુદરતી પ્રવાહ છે.

શું કહે છે અહીંયાં ? કે '**મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે.**' એક તરફનું તીવ્ર આકર્ષણ જગતના બધી બાજુના આકર્ષણને સમાપ્ત કરી નાખે એ તો અમસ્તું પણ દેખાય છે. 'એડવર્ડ'નો દાખલો છે. એક સ્ત્રી પાછળ

એણે ઈંગ્લેન્ડની રાજગાદી છોડી છે. અને પૈસા પાછળ ઘેલા થયેલા જે જીવનના વૈભવ મેળવવા માટે પૈસા ભેગા કરનારો, જીવનના વૈભવને નહિ ભોગવતા તો કેટલાય જોવામાં આવે છે. ભાઈ ! એ તો પૈસા પાછળ પાગલ છે. પૈસાનું શું કરશે એ ખબર નથી. કેમકે એને નથી ખાવાની ભાન, નથી એને હરવા-ફરવાની મોજ-શોખની કોઈ વૃત્તિ. એક પૈસા, પૈસા ને પૈસા. ચોવીસ કલાક વ્યવસાય પાછળ સમય ગાળે છે. એવા તો કેટલાય પાગલ માણસો જગતમાં આજે દેખાય છે. આજે પણ દેખાય છે. જેને બીજી ઈન્દ્રિયનું જ્ઞાન જ નથી. એક જ ઈન્દ્રિયનું જ્ઞાન એને કહેવાય છે જગતમાં. કે બસ કમાવું, કમાવું ને કમાવું. શું કરવા અને કેટલું ? એનો એની પાસે જવાબ પણ નથી. પણ એક પાગલપણું વળગે છે માણસને ત્યારે એને જગતના પંચેન્દ્રિયના વિષયો પણ આકર્ષિ શકતા નથી. લૌકિક એક વિષયની આસક્તિ જગતના બીજા વિષયોની આસક્તિ છોડાવે છે. એક કષાય બીજા કષાયને મારે છે તો અકષાય કષાયને મારે એ સમજવાની ક્યાં જરૂર રહે છે ? સમજાવાની ક્યાં જરૂર રહે છે એ વાતને. એ તો મારે જ મારે.

એટલે '**મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ...**' મટે છે. મોહાસક્તિ મટતા મુમુક્ષુની ભૂમિકાનું જ્ઞાન નિર્મળતા ધારણ કરે છે. જ્ઞાનની આ એક વૈજ્ઞાનિક સ્થિતિ છે. જે ક્ષયોપશમ જ્ઞાન ઉઘાડ હોવા છતાં મલિનતા હોવાને લીધે પદાર્થનો નિર્ણય કરી શકતું નથી, નિજ પદાર્થનો નિર્ણય કરી શકતું નથી, જ્ઞાન સ્વયંના સ્વભાવનો નિર્ણય કરી શકતું નથી. કેવી Tregedy છે ! એ નિર્મળતા અન્ય પદાર્થોની મોહાસક્તિ મટવાને લીધે અને એક પરમપુરુષ શ્રી સત્પુરુષ પ્રત્યે આકર્ષણ થવાને લીધે જ્ઞાનની મેલપ ઘટી જાય છે. મુમુક્ષુની ભૂમિકાની નિર્મળતા ઉત્પન્ન થાય છે અને પોતાના પદાર્થનો નિર્ણય થાય છે અથવા વર્તમાન મુમુક્ષુદશામાં રાગ હોવા છતાં, વીતરાગ નથી થયો મુમુક્ષુ, રાગ હોવા છતાં રાગની આડશથી ખસીને સીધો જ્ઞાનમાં સ્વયંના જ્ઞાન સ્વભાવનો પ્રતિભાસ આવે છે એને જ્ઞાનીઓ પદાર્થ નિર્ણય કહે છે.

ફરીને, ચાલતા જ્ઞાનના પર્યાયમાં તે જ જ્ઞાનના લક્ષણમાં, એ લક્ષણ છે જ્ઞાનનો પર્યાય, જ્ઞાન સામાન્ય. કોઈ ઉપાધિ વિનાનું. જ્ઞાન

સામાન્યમાં જ્ઞાન વેદનમાં જ્ઞાન સ્વભાવ મોજૂદ છે, વ્યક્તપણે મોજૂદ છે, પ્રગટપણે મોજૂદ છે. જોકે સ્વભાવને પ્રગટ અપ્રગટની કોઈ અપેક્ષા નથી. પ્રગટ અને અપ્રગટ એવું જે ઉભયપદ છે, સામર્થ્ય અપ્રગટ છે, પદાર્થમાં જીવ નામના પદાર્થમાં એનું સામર્થ્ય ત્રણે કાળે અપ્રગટ છે, તેથી શક્તિરૂપ રહે છે, એની અવસ્થા પ્રગટ છે અને એ પ્રગટ અને અપ્રગટ ઉભયપદથી નિરપેક્ષ એવું જે અનુભયસ્વરૂપ છે એવો જ્ઞાન નામના લક્ષણમાં સ્વભાવ વિદ્યમાન છે, મોજૂદ છે. ફક્ત અપેક્ષિત જ્ઞાનની નિર્મળતા છે.

બહુ સુગમ ઉપાયથી 'કૃપાળુદેવ' અહીંયાં એ રસ્તો દર્શાવે છે કે મહાત્માના પ્રેમાર્પણમાં મોહની આસક્તિ ઘટતાં પરિણામમાં જ્ઞાનને મેલ હતો તે હટી જતાં પોતાના જ પર્યાયમાં પોતાનો જ સ્વભાવ, પોતાનું જ જ્ઞાનસ્વરૂપી પદ, નિજપદ સીધું જ પ્રતિભાસે છે. રાગના આધાર વિના, જ્ઞાનના આધારે જ જ્ઞાનમાં પ્રતિભાસે છે અને તે પદાર્થનો નિર્ણય થતાં આકુળતા મટે છે. સર્વાંગ સમાધાન સ્વરૂપ છે, આત્મા સ્વભાવે કરીને સર્વાંગ સમાધાન સ્વરૂપ છે.

'કૃપાળુદેવ' કોઈપણ પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રના આધાર વિના ક્યાંથી આપતા હતા ? કોઈપણ પ્રશ્ન આવે. ખબર નથી કે ક્યારે કોણ કયો જીવ કેવો પ્રશ્ન પૂછશે એ કાંઈ ખબર નથી. જરૂર પણ નથી એ ખબર રાખવાની. એ ચિંતા રાખવાની જ્ઞાનીને જરૂર પણ નથી. કે ભાઈ આટલા બધા બેઠા છે. હજાર માણસ ભેગું થાય ક્યા ખુણામાંથી તુક્કો ક્યારે કેવો ઊભો થાશે. આ તો તુક્કા પણ આવે છે પ્રશ્ન કરવામાં લોકોને. કોઈ ચિંતા નથી. અનુભવ જ્ઞાન અને એમાં પણ સ્વરૂપાનુભવ જ્ઞાન, એ એવું સર્વાંગ સમાધાન સ્વરૂપ હોય છે કે કોઈપણ અસમાધાન એની પાસે ટકી શકતું નથી.

સામે પ્રશ્ન આવતા જ્ઞાની સ્વરૂપની સમીપ જાય છે. અંદરમાં સ્વરૂપની સમીપ એનું જ્ઞાન ચાલ્યું જાય છે અને સમાધાન લઈને બહાર આવે છે. બસ ! આ સિવાય બીજો કોઈ Process નથી. ન તો પુસ્તકો જોવાની જરૂર છે, ન તો શાસ્ત્ર જોવાની જરૂર છે, ન તો યાદદાસ્તનો બોજો રાખવાની કોઈ જરૂર છે. એ બોજો કોણ ઊપાડે ? સ્મરણ-વિસ્મરણના બોજાથી તે મુક્ત છે અથવા સ્મરણ વિસ્મરણની

પરિસ્થિતિથી તે પર થઈ ગયા છે. એથી પાર ગયેલા છે. એને સ્મરણ-વિસ્મરણની કોઈ અપેક્ષા નથી. તેથી આકુળતા મટે છે. અસમાધાન આકુળતાનું ઉત્પાદક છે. સમાધાન નિરાકુળતાનું ઉત્પાદક છે. એટલે જ્ઞાન જ સુખનું કારણ છે એ સીધું Scientific વિજ્ઞાનિક સિદ્ધ થાય છે.

**'જેથી જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે. વ્યાકુળતા મટે છે, તેથી નિઃશંકતા આવે છે.'** એક વચન છૂટી ગયું. **'તેથી વ્યાકુળતા મટે છે. અને તેથી નિઃશંકતા પણ આવે છે.'** સ્વપર પદાર્થનું નિર્મળ સમ્યગ્જ્ઞાન જ્યાં પ્રગટ થાય છે અથવા પદાર્થ નિર્ણયથી જ નિઃશંકતા આવે છે. જોકે પદાર્થ નિર્ણય એ મુમુક્ષુની ભૂમિકાનું એક એવું Stage છે અને સમ્યક્ત્વ સમીપનું અને સમ્યક્ત્વના કારણરૂપ એવું એક Stage છે કે અદ્ભુતથી અદ્ભુત એવું ..

આજન્મ દરિદ્રી હોય, એક રોટલાના ટુકડા માટે દીનતા ને યાચના કરતો હોય એવા મનુષ્યને અબજોની દોલત ઘરમાંથી નીકળે તો એકવાર પાગલપણ થઈ જાય. લોટરી લાગી. અઢળક દોલત ઘરમાંથી (નીકળે). રત્નોના સોનાના ચરુ નીકળ્યા. ઘરમાંથી શું નીકળ્યા ? રત્નો ભરેલા સોનાના ચરુ. લોઢાના-તાંબાના નહિ. એવી અઢળક દોલત નીકળે એ એક રોટલાના ટૂકડા માટે યાચના અને દીનતા કરતો હોય, આંસુ પાડતો હોય. એની હાલત શું થાય ?

એમ આ જીવ થોડા સુખ માટે, જે દુઃખ છે ખરેખર તો, ઇન્દ્રિયનો વિષય ભોગવતા દુઃખ છે એવા કલ્પિત સુખના થોડા ટૂકડા માટે. થોડા ટૂકડા એટલા માટે કે જીભ ઉપર ભાવતો પદાર્થ કેટલી સેકન્ડ રહે છે એ તપાસીને કહેજો. કે રાખવો હોય તો નહિ રહે. લાળ ભળે ગળાની નીચે ઉતરી જાય. અરે..! થોડી આગળ વધે આ તો ટેરવા ઉપર જ સ્વાદેન્દ્રિય છે. બીજના આકારે જે ક્ષયોપશમના વિશુદ્ધિના પ્રદેશો છે એ તો જીભના ટેરવે જ છે. પછી આગળ તો એની થોડી અસર લંબાય છે. પણ એક-બે ઈંચ ખોરાક આગળ ગયો એટલે સ્વાદ ગયો. ભાવતી ચીજ જીભના ટેરવે કેટલીવાર રહે છે ? તપાસો તો સેકન્ડોનું જ કામ છે. રાખવો હોય તોપણ ન રહે. છૂટી જ જાય. એટલી દિલચસ્પી ત્યાં છે, વ્યામોહ ત્યાં છે કે આ મને ભાવે છે. એટલા ટૂકડા માટે રોજની આઠ-દસ કલાકની મજુરી સ્વીકારી લીધી છે આપણે.

પ્રોફેસર સાહેબ હશે તો ચાર-છ કલાકની પણ મજૂરી તો સ્વીકારી જ લેવી પડે. અને જિંદગીભર એટલો સમય અને શક્તિનો વ્યય ફક્ત આટલા દુઃખના ટૂકડા માટે, સુખનો ટૂકડો એને શું કહેવો. દુઃખના ટૂકડા માટે (કાઢી નાખે છે).

તો પછી જે જીવને અનંત સુખનું ધામ, અનંત સુખનું નિધાન, અનંત સુખની ખાણ, ખાલી ન થાય કોઈ દિવસ, બેહદ સુખ. અપરિમિત સુખ, અસીમ સુખ, જોવા જાય તો તળિયું દેખાય નહિ, કેવળજ્ઞાનમાં નથી દેખાણું એનું તળિયું, એટલું સુખ પોતામાં ભરેલું છે એવા પદાર્થનો નિર્ણય થાય તો એ વૃત્તિનો ઉછાળો કેટલો આવે ? એનું નામ પુરુષાર્થ છે. બીજું કાંઈ નથી. એ આવેગનું નામ પુરુષાર્થ છે. બીજું કાંઈ નથી. પુરુષાર્થનું સ્વરૂપ બીજું કોઈ નથી. એ પુરુષાર્થને જગતનો કોઈ સંયોગ રોકી શકતો નથી. ન તો એને કોઈ અનુકૂળતા રોકી શકે, ન તો એને કોઈ પ્રતિકૂળતા રોકી શકે. કેમકે મોહાસક્તિ તો મટી છે એટલે અનુકૂળતામાં લપટાતો નથી અને પ્રતિકૂળતાને ગાંઠે નહિ. કેમકે એના માટે પ્રતિકૂળતા કોઈ પ્રતિકૂળતા નથી. ભિન્ન પદાર્થનું દર્શન છે ત્યાં. એટલે અનુકૂળતા અને પ્રતિકૂળતા બંને ભિન્ન રહી ગઈ.

એવો નિઃશંક છે કે એને બીજો કોઈ વિચાર કરવાનો અવકાશ નથી. ધૂન ઉપડે. નિરાલંબી ધૂન ઊપડે. કોઈના આલંબન વિનાની ધૂન. નિરાલંબન ધૂનનો પ્રકાર છે. બસ ! આત્મા ત્યાંથી ખસી શકે નહિ. એ વ્યાખ્યાનસાર-૧માં ૨૨૦ નંબરનો બોલ છે. છે ને ? વ્યાખ્યાનસાર. આપ લોકોને તો બધાને આ વિષય કંઠસ્થ હશે. અમારે પાનું જોવું પડે. એટલો અભ્યાસ નથી આપના જેટલો. પણ જે મૂળ વાતો છે એ તો ચોંટી જાય એવી છે. ૨૨૦માં એવી વાત કરે છે. વ્યાખ્યાનસાર-૨૨૦માં. એમના શબ્દો જ્યાં સુધી સામે ન લઈએ ત્યાં સુધી સંતોષ ન થાય.

'**આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી.**' આ પદાર્થ નિર્ણયનો Other word છે. પોતાની જેવી સત્તા છે, પોતાની જેવી ત્રિકાળ મોજૂદગી છે એવી વર્તમાનમાં પણ છે. એવું જે પોતાનું હયાતીપણું અસ્તિત્વ ભાસ્યું નથી. '**જો એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે, અને નજરાયાથી...**' આ શબ્દ પડ્યો છે.

**'નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી.'** આ પદાર્થ નિર્ણય થયો છે કે નહિ એનું લક્ષણ છે. નહિતર તો બુદ્ધિવાળા માણસ શાસ્ત્ર વાંચે અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મપદાર્થનું વર્ણન વાંચે અને એ સંમત થાય, બુદ્ધિ ના ન પાડે એટલે કે બુદ્ધિમાં વિપરીત સંસ્કારોના ઊંધા લાકડા ન ખોસેલા હોય તો હા પણ પાડે. પણ નિર્ણય થવો એક બીજી વાત છે. સમજાયું એટલે નિર્ણય થયો એમ માની લેવાની જરૂર નથી કે સમજાઈ ગયું છે માટે નિર્ણય થઈ ગયો છે. એ પરલક્ષી જ્ઞાનના ઉઘાડનું સામર્થ્ય છે કે સમજાય જાય. પણ આ સ્વલક્ષી જ્ઞાનનો વિષય છે. પરલક્ષી જ્ઞાનનો વિષય નથી.

જ્ઞાનના બે ભેદ, મુમુક્ષુની દશાના ક્ષયોપશમજ્ઞાનના બે ભેદ. એક સ્વલક્ષી અને એક પરલક્ષી. પરલક્ષીજ્ઞાનમાં અગિયાર અંગ અને નવ પૂર્વનો ઉત્કૃષ્ટ ઉઘાડ મર્યાદિત અહીંયાં સુધીનો હોય છે. બહુ મોટો ઉઘાડ છે. અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી ભવિ જીવ પહોંચી શકે. અભવિ હોય તો અગિયાર અંગ સુધી પહોંચે. ભવિ હોય તો અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી પહોંચે. અને ચતુર્થ ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિ ભવિ બાર અંગ સુધી પહોંચે. એટલે બાકીના જે નવ પૂર્વમાંથી ચૌદ પૂર્વમાં પાંચ પૂર્વ બાકી રહ્યા છે એ પૂરા કરી શકે. આટલો ઉઘાડ થઈ શકે છે. પણ અહીંથી સ્વલક્ષી જ્ઞાન છે અને આ પહેલાનું પરલક્ષી જ્ઞાન છે.

સ્વલક્ષી જ્ઞાનમાં જો આત્મા નજરમાં આવે તો નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. પૂર્વ કર્મની પ્રકૃતિનો ઉદય આવે તોપણ એ પ્રકૃતિ જોર આપી શકે નહિ. એનો અનુભાગ તો પહેલા જ કપાય ગયો છે, એમ કહે છે. નિર્ણયના કાળમાં જ દર્શનમોહનો અનુભાગ જેણે તોડ્યો. બીજી પ્રકૃતિ તો બધી એના અનુચરો અને સૈન્યો છે. રાજાનું સૈન્ય તો બાકીની બધી પ્રકૃતિઓ છે. એટલે બીજી પ્રકૃતિ જોર કરી શકતી નથી.

**'તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે...'** ભય અહીંથી ગયો. પોતાનું અજરાઅમર શાશ્વત પદ સીધું જ પ્રતિભાસ્યું છે. નિઃશંક થયો છે. જગતમાં કોઈ પદાર્થ પોતાને નુકસાન કરી શકે, બાધા કરી શકે, કાંઈ પણ દુઃખ આપી શકે કે સુખ આપી શકે કે સુખ છીનવી શકે હવે. અંતરના સુખધામમાંથી કોઈ

સુખને લઈ જઈ શકે, હરિ શકે, લૂંટી શકે, ચોરી શકે, છેદી શકે, ભેદી શકે, કાંઈ થઈ શકે એવું નથી. નિઃશંક થઈ જાય છે. નિઃશંક નિર્ણય. એટલે તો કહ્યું કે નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે. સહેજે ઉત્પન્ન હોય છે. સહજમાત્રમાં એ ઉત્પન્ન થાય છે.

**'જેથી જીવ સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે...'** કોઈ એકપણ દુઃખ નહિ. કોઈ પ્રકાર નહિ. જગતના દુઃખનો એક પણ પ્રકાર એને ભયવાન બની શકે નહિ. એવો એક નિયમ છે. આ બહુ Logically વાત છે. કોઈ અંધશ્રદ્ધાનો વિષય નથી. પણ પત્રમાં તો કેટલી વાત ખોલાય ? આ તો એક પત્ર છે. પણ એનો ન્યાય બહુ વૈજ્ઞાનિક છે.

જે સ્વરૂપ છે, જેને અહીંયાં 'કૃપાળુદેવ' પદાર્થ કહે છે એ સર્વજ્ઞસ્વભાવી છે. જે જ્ઞાન સર્વજ્ઞસ્વભાવના અવલંબને ઉત્પન્ન થાય, ભલે એ જ્ઞાન છદ્મસ્થ જીવનું હોય, સાધકનું હોય, પણ જેનો આશ્રય અને અવલંબન સર્વજ્ઞ સ્વભાવ હોય એને સમાધાન પણ કેવળજ્ઞાન જેટલું હોય. એટલા માટે નિર્ભયતા આવે છે. જો સર્વજ્ઞ ભગવાનને ભય થાય તો સાધકને ભય થાય. જો સર્વજ્ઞ ભગવાનને ભય ન થાય તો સાધકને પણ ન થાય. કેમકે નિજ સર્વજ્ઞ ભગવાનના અવલંબને એનું જ્ઞાન છે. પદાર્થ નિર્ણય ત્યાંથી ઊભો થયો છે. એટલા માટે એ સમ્યગ્દર્શનનું અનન્ય કારણ છે. ન થાય એવું બને જ નહિ કોઈને. આયુષ્ય તૂટી જાય તો બીજા ભવમાં લઈ લે. પછી કોઈ સત્પુરુષના યોગની પણ ત્યાં અપેક્ષા નથી. કેમકે પહેલાં એ આરાધી લીધું. સત્પુરુષ પાસેથી સંસ્કાર લઈ લીધા. એટલે સજીવનમૂર્તિ એકવાર પહેલી વખત અવશ્ય (જોઈએ) એ કુદરતી નિયતી છે, કુદરતી નિયમ છે. 'પાવે નહિ ગુરુગમ વિના એહી અનાદિ સ્થિત.' એટલે વસ્તુસ્થિતિ છે એ તો.

**'તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે,...'** મથાળું બાંધ્યું છે એ વાતને અહીંયાં દોહરાવી છે. **'સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે,...'** સહજ જ નિઃસંગપણું આવી શકે છે. અથવા એવા જીવને, એવા મુમુક્ષુને ખરેખર તો જગતનો સંગ રુચતો નથી. જગતનો સંગ એને રુચતો નથી. પોતાની રુચિથી વિપરીત છે. જગતનો સંગ એ આત્મરુચિથી વિરુદ્ધ વિષય છે અને

રુચિમાં બે વિરુદ્ધ વિષય ન ચાલે. રુચિમાં, વિશ્વાસમાં, અભિપ્રાયમાં, મતમાં, શ્રદ્ધામાં આ બધા જીવના એવા પર્યાયો છે કે જેમાં વિરુદ્ધ વિષયનો સમાવેશ ન થઈ શકે, એક જ બાજુનો વિષય હોય. બીજી બાજુનો સામે પ્રતિપક્ષનો વિષય ત્યાં આવી શકતો નથી. એટલે સાધકજીવને આ જગતની સાથે મળતી પાણ આવે એવું નથી. આણપાણમાં પહેલા રૂપિયાનો હિસાબ થતો હતો. એટલે એક પાણ. આના પાય. પાયની છેલ્લી પાણ હોય. કોઈ પાણ એને મળતી આવે નહિ. મારી સાથે કોઈને મેળ ખાય એવું નથી. એટલા માટે એ નિઃસંગતા એને હોય જ છે. પૂર્વકર્મના ઉદયે કુટુંબ, પરિવાર, વેપાર, ધંધાના સંગની વચ્ચે દેખાય તોપણ એના અંતરંગમાં નિઃસંગ થઈ ગયા છે. કોઈની સાથે સ્નેહ કરતા નથી.

આ શતાબ્દી અંક જોયો તો એમાં લખે છે, જે પરિચયમાં આવેલા ભાઈઓના લેખ છે એ લખે છે કે 'કૃપાળુદેવ' અમને મળ્યા હતા. અમે આટલી વાતચીત કરી. કોઈ એમ કહે કે આવો પ્રસંગ બન્યો. જેને જે અનુભવ થયો એ લખ્યો. પણ બધાએ એ વાત તો ઘણાએ દોહરાવી છે કે કોઈની સાથે સ્નેહ કરતા નહિ. કોઈની સાથે એ સ્નેહ કરતા નહિ. એનો અર્થ શું ? કે જે રાગબંધનથી છૂટવા ચાહે છે એ રાગબંધનમાં એ આવતા નથી. કોઈની સાથે બંધાતા નથી. ગમે તેવો નજીકમાં નજીક હોય પણ સત્ય કહેવું હોય તો બેધડક કહી દે. એમ ન વિચારે કે આ મારા ઉપર બહુ રાગ કરે છે માટે એને ખોટું લાગી જશે. એવું ન વિચારે. અથવા આ બહુ મોટા માણસ કહેવાય છે એને દુઃખ લાગી જશે, એવું કાંઈ ન વિચારે. એમને એમ લાગે કે કહેવું ઘટારત છે, કહેવું ઘટે છે એટલે કહે છે. એમાં પછી કાંઈ જોવાની વાત નથી રહેતી. એનું કારણ શું છે ? એ બંધનમાં આવવા માગતા નથી, કોઈ સાથે બંધાવા ચાહતા નથી. ઊલટાનું જે બંધન છે એ છૂટવા માટે સતત નિરંતર એમની સાધકદશા વર્તી રહી છે. તેથી તે નિઃસંગતામાં છે. '**અને એમ યોગ્ય છે.**' એમ જ યોગ્ય છે. એ યોગ્ય છે. સહજ દશા એવી જ થાય, એવી જ હોય. એમાં બીજું પરિણામ આવવાનું, બીજી પરિસ્થિતિ થવાની કોઈ પરિસ્થિતિ નથી.

**'માત્ર તમ મુમુક્ષોઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે;...'**

આટલો વિસ્તાર કર્યા પછી પોતે એમ કહે છે, આ તો પત્ર છે ને. એટલે તમારા મુમુક્ષુઓના માટે આ બહુ ટૂંકી વાત મેં લખી છે. ટૂંકામાં પણ ટૂંકું લખ્યું છે મારી દૃષ્ટિએ તો, એમ કહે છે. તેથી '**તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો...**' આજ્ઞા કરી છે કે પત્ર માત્ર વાંચી જવો, માત્ર શ્રવણ કરી જવો એમ નહિ. પરસ્પર તમે એનો વિચાર કરજો. એકલા વિચાર કરજો એ તો ઠીક છે પણ પરસ્પર સાથે મળીને પણ તમે વિચાર કરજો અને વિસ્તાર પણ કરજો. તમારાથી જેટલું વિચારી શકાય અને વિસ્તાર થઈ શકે એટલો વિચાર અને વિસ્તાર કરજો.

'**અને તે સમજવું એમ અમે કહીએ છીએ.**' આ એમની ચોખ્ખી આજ્ઞા છે. કેમકે બોલવામાં જે વિષય આવે એ લખવામાં આવી શકે નહિ. એ કુદરતી વસ્તુસ્થિતિ છે. જ્ઞાનમાં આવે એટલું ભાષામાં ન આવે. મનમાં ન આવે. લ્યો ! કેમકે અતીન્દ્રિય જ્ઞાન વર્તે છે ને. જ્ઞાનમાં આવે એટલું મનમાં ન આવે અને મનમાં આવે એટલું બોલવામાં ન આવે અને બોલવામાં એટલું લખાણમાં ન આવે. અને આ તો લખાણ છે. એટલે અમે એમ કહીએ છીએ કે તેનો પરસ્પર વિચાર કરવો, વિચાર કરીને વિસ્તાર કરવો અને એ રીતે સમજવું એમ અમે કહીએ છે.

કારણ કે '**અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.**' લ્યો ! મહત્વ ન આવે, ભૂલથી પણ મહત્વ ન આવે. કેટલી કરુણા કરી છે ! કોઈ ભૂલ ખાઈ જાય કે આ તો કાગળ કહેવાય. પત્ર એટલે એક કાગળ. એક વ્યક્તિએ બીજાને લખેલો કાગળ. એમ નથી આ. આ ગૂઢ શાસ્ત્રાર્થ આની અંદર પ્રતિપાદન કર્યો છે. જે પરમાગમોના સિદ્ધાંતો છે, જે ઋષિ મુનિઓએ, આચાર્યોએ, ઉપાધ્યાઓએ, સાધુઓએ અનુભવ કરીને સિદ્ધાંત શાસ્ત્રોમાં ગૂંથ્યા છે. જે આત્માના અનુભવથી પ્રતિપાદિત થયા છે એ જ અનુભવથી સત્પુરુષોને પણ જ્ઞાનગમ્ય થાય છે, જ્ઞાનગોચર થાય છે. કેમકે એમણે એ જ પદાર્થનો અનુભવ કર્યો. તેથી એ પોતાની મૌલિક શૈલીમાં, પોતાની ચાલતી ભાષામાં સ્વતંત્ર શૈલીમાં એ જ વાત કરે છે. ત્રણે કાળે પદાર્થ એક છે, પદાર્થની જાતિ એક છે. એનું જ્ઞાન એક જાતિનું છે, એનું આચરણ શ્રદ્ધા એક જાતિની છે. તેથી ભાષા ફરે છે, શબ્દો ફરે છે, શૈલી ફરે છે, સૂત્ર બદલાય છે, સિદ્ધાંત ક્યાંય બદલાતો નથી. આ પરિસ્થિતિ છે. ગમે તે હજાર-બે

હજાર વર્ષ પહેલાના આચાર્યના સિદ્ધાંતો જુઓ, વર્તમાન જ્ઞાનીના જુઓ, સો વર્ષ પહેલાના જુઓ, પાંચસો-હજાર વર્ષ પહેલાના જુઓ. અને જ્યાં કથન પદ્ધતિની મૌલિકતા જુઓ તો સુંદર, અતિસુંદર ! કેમકે સુંદર સ્વરૂપમાંથી નીકળેલી શૈલી છે, એને સ્પર્શીને નીકળીને શૈલી છે. એ સુંદર જ હોય. એટલે પ્રત્યેકની શૈલી પણ એટલી જ સુંદર, એટલી જ મૌલિક, એટલી જ આનંદદાયક છે.

કહે છે કે અમે ગૂઢ શાસ્ત્રના સિદ્ધાંતો આમાં પ્રતિપાદન કરેલા છે. તમે એનો વિચાર કરી વિસ્તાર કરીને સમજવાનો પ્રયત્ન કરજો, તો તમને અવશ્ય એ સમજાશે, નહિ સમજાય એવું નથી. થોડો ભાગ બાકી રહી ગયો છે. વિશેષ લઈશું...

**આત્માનું પદાર્થ જ્ઞાન-દ્રવ્યાનુયોગ (દ્રવ્યાનુયોગ, સ્વસન્મુખના પુરુષાર્થ વિના નિશ્ચયાભાસનું પ્રાયઃ કારણ થાય છે). / આગમ દ્વારા દ્રવ્ય, ગુણ, પર્યાયથી, નય-પ્રમાણ દ્વારા કરવામાં આવે છે. ત્યાં વસ્તુ વ્યવસ્થાનું સમજવું થાય છે. પરંતુ અનાદિ ભેદવાસિત બુદ્ધિવાળો જીવ પ્રાયઃ ભેદની પ્રધાનતામાં અટકે છે. નવ તત્ત્વના જ્ઞાનમાં પણ નવના - ભેદમાં રોકાવાનું થાય છે. પરંતુ પરમાર્થના ઉપદેશક મહાપુરુષોએ નવ તત્ત્વમાં છુપાયેલી અખંડ ચૈતન્ય જ્યોતિને જુદી પાડીને અનુભૂતિ કરવા ઉપદેશ્યું છે. તેવી જ રીતે પર્યાય અને દ્રવ્યના વ્યક્ત અને અવ્યક્ત અર્થાત્ ગુપ્ત અને પ્રગટ - એ પણ અવસ્થા (સ્થિતિ) ના ભેદો છે, 'ભેદમાત્ર' - ભેદના અવલંબે, વિકલ્પ / રાગનું કારણ (છદ્મસ્થને) થાય છે. તેથી તે બન્ને અવસ્થામાં ચૈતન્ય સ્વરૂપ તો જેવું ને તેવું એકરૂપ જ છે. તેવો શ્રદ્ધા ભાવ કર્તવ્ય છે. - અર્થાત્ 'એકરૂપ - એકરસ અખંડ - ચેતનામાત્ર સ્વરૂપ હું છું' તેમ ચૈતન્ય સામાન્યમાં અસ્તિત્વનું ગ્રહણ થવું - તે પ્રાપ્તિની વિધિનું સ્વરૂપ છે. ચૈતન્ય સામાન્યને તો ખરેખર દ્રવ્ય-પર્યાયની (ભેદની) અપેક્ષા પણ નથી. તેવું પરમ નિરપેક્ષ નિશ્ચય - તત્ત્વનું સ્વરૂપ છે. ('અનુભવસંજીવની'-૧૬૮)**

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૨૫૪ ચાલે છે. માર્ગ પ્રાપ્તિ મુમુક્ષુજીવ ક્યા કારણોને લઈને નથી કરી શકતો એ વિષય ઉપર આ પત્રમાં પ્રકાશ પાડ્યો છે. સાથે સાથે એ કારણોને ટાળવા માટેનું પણ કોઈ અપૂર્વ માર્ગદર્શન આ પત્રમાં છે. છેલ્લા કારણનો વિષય ચાલે છે. તેને વિચાર કરતાં પહેલાં ફરીથી સંક્ષેપમાં પ્રારંભથી અહીં સુધી છેલ્લા કારણનો અભાવ કેવી રીતે કરવો એ વાત લઈશું.

જીવને મુમુક્ષુતાની ઉત્પત્તિ નથી થતી એટલે મોક્ષ માટેની એની અંતઃકરણથી ભાવના ઉત્પન્ન થતી નથી, અભિલાષા ઉત્પન્ન થતી નથી. 'માત્ર મોક્ષ અભિલાષ' એ સ્થિતિમાં જ્યાં સુધી મુમુક્ષુ આવતો નથી ત્યાં સુધી શરૂઆત થતી નથી. પાત્રતાનું એક અસાધારણ લક્ષણ એ પણ દર્શાવ્યું કે જે મોહાસક્તિના પરિણામમાં સંસારીજીવને મીઠાશ લાગે છે, અહીંયાં મુક્ત થવા ઇચ્છનાર જીવને એમાં મુંઝવણ થાય છે. મોહાસક્તિથી મુંઝાય છે અને એક મોક્ષને માટે જ જેનો પુરુષાર્થ છે, જેનો પ્રયત્ન છે અને મોક્ષને પ્રાપ્ત કરવાના પ્રમાણમાં જેનો પુરુષાર્થ છે, એવો જીવ પોતાના પરિણામના અવલોકનમાં આવતા પોતાના દોષ અને દોષમાં પણ એ દોષમાં ઉત્પન્ન થતો જે રસ, એનું અવલોકન કરે છે. ત્યારે વિભાવના રસ અને વિભાવ સંબંધીની રુચિ, રસ અને રુચિ બંને અવિનાભાવી છે, સાથે રહે છે, એના ઉપર પ્રહાર થાય છે, એની હાનિ થાય છે અને સ્વચ્છંદ દબાય છે.

સ્વચ્છંદ એટલે દોષનો પક્ષ કરવો. અને અવલોકનમાં પોતાના દોષને પણ નિષ્પક્ષપણે જોતાં વિભાવનો રાગ ને રસ ને રુચિ ઘટે છે. તોપણ માર્ગ પ્રાપ્તિને રોકનારા ત્રણ કારણો મુમુક્ષુજીવમાં સંભવિત છે.

પ્રથમ એ કારણ લીધું છે કે આત્મા પોતે આનંદસ્વરૂપ છે એવું દૃઢ નહિ થયું હોવાથી આ લોકના કોઈને કોઈ પદાર્થમાં જીવને સુખબુદ્ધિપૂર્વક, સુખના અભિપ્રાયપૂર્વક સુખ વેદાય છે અથવા શાતાના

પ્રસંગમાં પણ એને શાંતિના, માનસિક શાંતિના પ્રસંગમાં પણ એને સુખ લાગે છે. આ પરિસ્થિતિ એની યોગ્યતાને રોકનારી છે. મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં આ બાધક કારણ છે, પ્રતિબંધક કારણ છે.

બીજી વાત એ લીધી છે કે સત્પુરુષ પ્રત્યે-જ્ઞાનીપુરુષ પ્રત્યે જ્યાં સુધી જીવને પરમેશ્વરબુદ્ધિ આવતી નથી, વિનય, ભક્તિ હોવા છતાં પણ તે અલ્પમાત્રામાં હોય છે, ઓછા અધૂરાં હોય છે અને તેથી પરમ વિનયની ખામીને લીધે મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં જીવની યોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે. બહુ મહત્વનો આ વિષય છે. એનું મહત્વ જ્યાં સુધી ન ભાસે ત્યાં સુધી ઉપાદાનમાં રહેલું જે અપ્રગટ સત્, પોતાનું જે પરમસ્વરૂપ એ કોઈપણ રીતે ભાસ્યમાન થવાનો અવકાશ નથી.

સત્પુરુષ તો પ્રગટ સત્ છે. જે આંધળાને પ્રગટેલો દીવો ન દેખાય એવા અંધને દીવાસળીમાં રહેલી શક્તિરૂપ અગ્નિ ક્યાંથી દેખાય ? જાગતી જ્યોત, પ્રજ્વલિત જ્યોત જેને ન દેખાય એને ચકમકના પત્થરમાં અગ્નિ છે એનું જ્ઞાન કેવી રીતે થાય ? એ તો ટાઢોબોળ પડ્યો છે. એમાં અગ્નિ છે, ઊષ્ણ સ્વભાવ છે એ ક્યાંથી ખબર પડે ? એમ જેને સત્ પ્રગટ્યું છે એવા સત્પુરુષ ન ઓળખાય એને આત્મસ્વરૂપ જે અપ્રગટ સત્ છે, સામર્થ્યરૂપ છે, શક્તિરૂપ છે એ કેવી રીતે ઓળખાય ? કોઈ રીતે ન ઓળખી શકે. એટલે એ વાત બહુ મહત્વની છે. અને મુમુક્ષુના જીવનમાં સત્પુરુષના યોગનું મહત્ત્વ (કેટલું છે) એના માટે કોઈ શબ્દો જડે એવું નથી કે એ કેટલું મહત્વ છે ! અહીં સુધી આપણે વિષય ચાલી ગયો છે.

ત્રીજું કારણ છે કે અહીં સુધી પહોંચેલા જીવને કદાપિ એ બધું થયું હોય. ઉપરના બંને કારણો, હાનિકારક કારણો નાશ થયા હોય '**તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય...**' પદાર્થ એટલે પોતાનું પરમ સ્વરૂપ, પોતાનું મૂળ સ્વરૂપ. એનો નિર્ણય, એની ઓળખાણ, એનું લક્ષ, એનું ભાવભાસન આ બધું એકાર્થ છે, એ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એ પદાર્થ પ્રત્યે, અપૂર્વ પદાર્થ પ્રત્યે અપૂર્વ મહિમા અથવા અપૂર્વ પ્રેમની ઉત્પત્તિ થતી નથી અને એ પરમ યોગ્યતાની હાનિ છે.

સિદ્ધાંત માન્ય થાય, આ સિદ્ધાંત માન્ય થાય તોપણ અહીંયાં

એટલો પ્રશ્ન સંભવિત છે કે પદાર્થ નિર્ણય કરવો કેવી રીતે ? પદાર્થ નિર્ણય થવો જરૂરી છે. જો પદાર્થનો અનિર્ણય હોય તો માર્ગપ્રાપ્તિ થતી નથી. પદાર્થનો નિર્ણય થાય તો માર્ગપ્રાપ્તિ થાય છે. આ સિદ્ધાંતિક વાત છે. અને જો પદાર્થનો નિર્ણય ન થાય તો ચિત્તમાંથી કદિ પણ વ્યાકુળતા મટે નહિ, ભય મટે નહિ. કેમકે જે નિર્ણય છે એ શાશ્વત પદાર્થનો છે. અને પોતાને પોતાની શાશ્વતતાનો ભરોસો, પોતાની ઓળખાણ વગર ક્યાંથી આવશે ? ઓળખાણ વગર કોઈ દસ રૂપિયા પણ ઉછીના આપે નહિ. રસ્તામાં કોઈ અજાણ્યો માણસ મળે તો એમ કહે કે ભાઈ ! જરાક મારું પાકીટ ઘરે ભૂલી ગયો છું કે કાંઈક ખીસ્સું કપાઈ ગયું છે તો એક દસ રૂપિયા ઉછીના આપો. તો કોઈ આપી દેશે ? શું ખબર પડે ? કપડાં તો સારા પહેર્યા છે પણ કેટલા જણા પાસેથી દસ રૂપિયા લેતો હશે ? ઓળખાણ વગર કોઈ વિશ્વાસ મૂકતું નથી.

આત્માની ઓળખાણ વિના અનાદિથી મારું મૃત્યું થશે, મારું નુકસાન થશે, મારા સંયોગો, જેના આધારે હું જીવું છું એ રહેશે કે નહિ રહે ? હું રહીશ કે નહિ રહું એવી શંકા, કુશંકામાં જીવ ભયવાન હોય છે. ગમે તેટલી સંપત્તિ હોય તોપણ જગતમાં કોઈ જીવ ભય વિનાનો નથી. સિવાય જ્ઞાનીપુરુષ. કારણ શું છે ? કે કોના ઉપર વિશ્વાસ મૂકે ? જગતમાં જે પરિવર્તન ચાલી રહ્યું છે અથવા આખું જગત જે પરિવર્તનશીલ છે એમાં પ્રાપ્ત સંપત્તિનો વિશ્વાસ પણ રહી શકતો નથી, થઈ શકતો નથી. અને પોતાની સ્થિરતા, પોતે પણ અહીં કાયમ રહેશે એવી ભાવના ને ઈચ્છા હોવા છતાં એ પરિસ્થિતિ છે જ નહિ એ વાત એને નજર સામે દેખાય છે. રોજ છાપામાં નોંધ વાંચવી પડે છે કે કોઈ સગા-સંબંધીમાં છે કે નહિ ? એટલે જ્યાં સુધી અવ્યાબાધ અને શાશ્વત સ્વરૂપની પ્રતીતિ ન થાય અને તે પણ સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ ન થાય ત્યાં સુધી ઓળખાણ થાય નહિ, લક્ષ થાય નહિ.

સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ એટલા માટે 'કૃપાળુદેવે' ૭૫૧ પત્રમાં લીધી છે કે જે જ્ઞાન ભંડારમાંથી જ્ઞાનનો સતત પ્રવાહ પ્રવાહિત જ રહે છે, ક્યારે પણ બંધ થતો નથી, બંધ થતો તો નથી પણ બંધ કરી શકાતો પણ નથી, એ પરિસ્થિતિ સ્પષ્ટપણે વિશ્વાસને ઉત્પન્ન કરે છે કે અંદરમાં અનંત સામર્થ્ય જ્ઞાનાદિનું ભરેલું છે.

પેટ્રોલના કૂવામાંથી કે ગેસના કૂવામાંથી સતત જ્યારે પ્રવાહ બહાર આવે છે, ભલે પ્રવાહ તો જેટલો બોર હોય એના પ્રમાણમાં બહાર આવતો હોય પણ નિરંતર ચોવીસે કલાક જ્યારે એમાંથી પ્રવાહ બહાર આવતો હોય, કોઈપણ જાતની બહાર લાવવાની Machinery ને મૂક્યા વિના, એમાં Motor મૂકવાની જરૂર પડતી નથી, આપોઆપ જ બહાર આવે છે. ત્યારે અંદર પહોંચ્યા વિના, તેલના ભંડાર સુધી પહોંચ્યા વિના કેટલા લાખ ઘન મીટર આમાં ગેસ ભર્યો છે કે પેટ્રોલ-ક્રૂડ ભર્યું છે એનું જ્ઞાન આત્મા કરી શકે છે. છદ્મસ્થ જીવ વૈજ્ઞાનિક હોય તોપણ કરે છે. તોપણ એ સો-બસ્સો વર્ષે બંધ થઈ શકે છે. પણ જે અનંત કાળથી જેનો પ્રવાહ આવતો હોય અને એ પોતાનું જ સ્વરૂપ હોય અને એ અનુભવગોચર હોય તો સ્પષ્ટ અનુભવાંશે તેની ખાત્રી, પ્રતીતિ એટલે ખાત્રી થાય છે કે મારા આત્મસ્વરૂપમાં અનંતજ્ઞાન અને અનંતસુખ ભરેલું છે. જેને બાધા પહોંચાડી નહિ શકાતી હોવાથી અવ્યાબાધ સ્વરૂપ છે અને જેનો અંત નહિ હોવાથી એ શાશ્વત છે.

પચાસ-સો વર્ષ ચાલે એટલી સંપત્તિ મળે તોપણ માણસની દીનતા ચાલી જાય છે કે હવે મારે કોઈની પાસે લાંબો હાથ કરવાનો નથી. સો-પચાસ વર્ષ ચાલે એટલા પચ્ચીસ-પચાસ લાખ આવી જાય તોપણ હાલ-ચાલમાં ફેર પડી જાય. દીનપણે ચાલતો હતો એ છાતી કાઢીને ચાલવા માંડે. તો જેની ગુણસંપત્તિ અનંત કાળ સુધી જાય એવી ન હોય એવા સ્વભાવનો આધાર મળે, પરિણમનને એનું અવલંબન હાથ આવે તો એની હિંમત, એની નિર્ભયતા, એની નિઃશંકતા, નિર્ભયતા, નિઃશંકતા કેટલી હોય ? કે એ પણ બેહદ જ હોય છે.

'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં ત્યાં સુધી વાત આવે છે કે સમ્યગ્દષ્ટિને શ્રદ્ધા-જ્ઞાનનું બળવાનપણું કેટલું ? કે વિશ્વમાં વજ્રપાત થાય અને પૃથ્વી કંપાયમાન થાય તોપણ શ્રદ્ધામાં ડગે નહિ, જ્ઞાનમાં ડગે નહિ. કેમકે પ્રત્યક્ષ અનુભવ થયો છે. સાતમી નારકીમાં સમ્યગ્દર્શન ક્યારે થતું હશે ? વેદનાનું વર્ણન ન થઈ શકે એટલી વેદના છે. એક જીભ નહિ, હજારો જીભેથી પણ એની વેદનાનું વર્ણન ન થઈ શકે. એટલી વેદના હોવા છતાં ત્યાં પણ શ્રદ્ધા થાય છે એનો અર્થ શું ? શ્રદ્ધા થાય છે અને શ્રદ્ધા ટકે છે એનો અર્થ શું ? કે એની શક્તિ

વેદનાનું ઉલ્લંઘન કરીને કામ કરે છે, વેદનાને અતિક્રાન્ત કરીને એ કામ કરી શકે છે. એટલું બળવાનપણું આત્માના સ્વરૂપશ્રદ્ધા-જ્ઞાનમાં છે. એનો જ્યાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી આકુળતા જઈ શકે નહિ. કદાચ કોઈ એમ કહે કે અમને શાંતિ અને સમતા છે તો તે મિથ્યા છે. સ્વરૂપના નિર્ણય વગરની સમતા અને શાંતિ એ મિથ્યા શાંતિ છે. એક ક્ષણિક માનસિક પરિસ્થિતિ છે કે જેમાં કોઈ તાકાત નથી. તદ્દન પોલી વાત છે. ક્ષણમાત્રમાં એ શાંતિ અશાંતિમાં ફેરવાય જાય છે.

'**મિથ્યા સમતા આવે છે;...**' અને એ મિથ્યા સમતા ક્યારે આવે છે ? કે '**કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે;...**' અહીંથી આપણે થોડી ચર્ચા કરવી છે. આત્મપદાર્થનો સ્વરૂપ નિર્ણય યથાર્થ ક્યારે અને કલ્પિત ક્યારે ? અથવા વાસ્તવિક ક્યારે અને કલ્પિત ક્યારે ? આટલો વિષય વિચારવા યોગ્ય છે. એટલા માટે કે આપણે આત્મા સંબંધીના સાહિત્યને અથવા અનુભવી પુરુષોના એ સંબંધિત એ વચનોનું અધ્યયન કરીએ છીએ, પરિચર્યન કરીએ છીએ અને એનો નિર્ણય કરવાનો એક પ્રયત્ન કરીએ છીએ. એ દ્વારા આત્માને ઓળખવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ.

ત્યારે અહીંયાં 'કૃપાળુદેવ'ને એક વાત સ્પષ્ટ કરવી છે કે નિર્ણયમાં નિર્ણય કરનારને કોઈવાર કલ્પિત નિર્ણય પણ થાય છે અને કોઈને યથાર્થ નિર્ણય પણ થાય છે. જો કલ્પિત નિર્ણય થાય છે તો એની દર્શનમોહની ગ્રંથી વધારે નિબિડ થાય છે અને જો યથાર્થ નિર્ણય થાય છે તો દર્શનમોહનો અનુભાગ એટલો તૂટી જાય છે કે એ ઉપશમિત થઈને ઉપશમ સમ્યગ્દર્શન સુધી પહોંચી જાય છે. દર્શનમોહ ઉપશમિત થઈ જાય છે અને તે કાળે ઉપશમ સમ્યગ્દર્શનની પ્રગટ અવસ્થા થાય છે. એટલા માટે એ પ્રયોજનભૂત છે કે નિર્ણય કરવા જતાં કલ્પિત નિર્ણય નહિ થવો જોઈએ. જો કે તરત જ એમણે એ વિષય ઉપર આ જ Paragraph માં પ્રકાશ પાડ્યો છે.

જ્યારે પદાર્થનો કલ્પિત નિર્ણય અથવા કલ્પિત માન્યતા થાય છે ત્યારે '**કાળે કરીની અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી,...**' આ કલ્પિત નિર્ણયનું લક્ષણ અથવા સ્વરૂપ છે. ઊલટાવીને વિચારીએ તો વાસ્તવિક નિર્ણય થાય તો પદાર્થની અપૂર્વતા ભાસી છે, પદાર્થ

ભાસ્યો છે સાથે સાથે પદાર્થની અપૂર્વતા ભાસી છે કે મારો સ્વભાવ કોઈ અપૂર્વ છે. પૂર્વે ક્યારેય મને આવું અમારું સ્વરૂપ ભાસ્યું નથી. અને એ અપૂર્વ પદાર્થનો મહિમા પણ કોઈ અપૂર્વ પ્રકારે ઉત્પન્ન થાય છે. અપૂર્વ આત્મસ્વરૂપનો મહિમા આવે.

અથવા જેટલું અનંત મહિમાવંત સ્વરૂપ સર્વજ્ઞના જ્ઞાનમાં સર્વજ્ઞે દીઠું છે એટલું જ મહિમાવંત સ્વરૂપ પોતાને ભાસે. એટલું જ મહિમાવંત સ્વરૂપ પોતાને ભાસે. ફરક એટલો છે કે ત્યાં પ્રત્યક્ષ છે, અહીંયાં પરોક્ષ છે. પણ વિષયમાં કોઈ ફેર નથી પડતો. વિષયી એવા જ્ઞાનમાં પ્રત્યક્ષ અને પરોક્ષતાનો ફરક છે. Object માં ફરક નથી, Subject માં થોડો ફર્ક છે. એટલે અપૂર્વ મહિમા આવે એનો. અને જો અપૂર્વ મહિમા ન આવે તો એ કલ્પિત એવો આત્મ નિર્ણય એ જ પરમ યોગ્યતાની હાનિ છે.

અહીંયાં એક લક્ષણ 'કૃપાળુદેવે' લીધું છે. પણ આ દશાના બીજા લક્ષણો પણ વિચારી શકાય એવા છે અને એમાં મુખ્ય છે પુરુષાર્થનો વિષય. પુરુષાર્થની દિશા, પુરુષાર્થ શું છે એને એક વૈજ્ઞાનિક રીતે એનું સ્થાન વિચારીએ તો આત્મામાં જ્ઞાનાદિ જે અનંત શક્તિઓ છે એમાં એક વીર્ય નામની પણ શક્તિ છે. એ વીર્યશક્તિના પર્યાયને પુરુષાર્થ કહેવામાં આવે છે. ગુણની પરિભાષા એ છે કે જે વસ્તુના પૂરા ક્ષેત્રમાં હોય અને વસ્તુની સર્વ પર્યાયમાં પરિણમતો હોય એનું નામ ગુણ. ગુણ અને ધર્મ જુદી જુદી ચીજ છે. ગુણાઃ ધર્માઃ ભવન્તિ, ધર્માઃ ગુણા ન ભવન્તિ.

વિજ્ઞાનની પરિભાષામાં ગુણને વસ્તુની Property કહેવાય છે અને ધર્મની વિજ્ઞાનની ભાષામાં વસ્તુનું Character કહેવાય છે. ધર્મ છે એ અપેક્ષિત ચીજ છે, જ્યારે ગુણ છે એ પદાર્થ શાશ્વત છે તો એના સ્વભાવરૂપ શક્તિ પણ શાશ્વત છે. એમ આત્માના વીર્યગુણનું પરિણમન પણ સર્વ અવસ્થાને વિષે થઈ રહ્યું છે. સંસાર અવસ્થામાં તે ઊલટી દિશામાં થઈ રહ્યું છે. પર પદાર્થોને મેળવવા પ્રત્યે થઈ રહ્યું છે, પર પદાર્થને કરવા પ્રત્યે થઈ રહ્યું છે, પર પદાર્થને ભોગવવા પ્રત્યે થઈ રહ્યું છે, જે કરી શકતો નથી. એટલે એને મિથ્યાપુરુષાર્થ કહેવામાં આવે છે. અને તે બહિર્મુખ ભાવે વર્તે છે.

દિશા તો બે જ છે. એક અંતર્મુખ અને એક બહિર્મુખ. જ્યારે

આત્માના અંતઃતત્ત્વસ્વરૂપ પરમાત્મતત્ત્વનો નિર્ણય થાય, એટલે કે ઓળખાણ થાય-ભાવભાસન થાય ત્યારે આ પુરુષાર્થની દિશા બદલાય છે. જેની દિશા બદલાય તેની દશા બદલાય. જે મોક્ષમાર્ગની દશા છે એ દિશા બદલાયા વિના એ દશા સમુત્પન્ન થતી નથી.

પહેલોવહેલો સમ્યક્ત્વના કારણરૂપ જે આ સ્વરૂપનિર્ણય, પદાર્થ નિર્ણયનો વિષય છે ત્યાં પહોંચતા જે પુરુષાર્થ બહિર્મુખ ભાવે વર્તતા જડ પ્રકૃતિના ઉદયને અનુસરીને વર્તતા, જડવત્ કાર્ય કરતો હતો, તે જ પુરુષાર્થ ચૈતન્યપદાર્થને, ચૈતન્ય સ્વભાવને અનુસરીને ઉત્પન્ન થાય તેને ચૈતન્યવીર્યની સ્ફુરણા કહેવામાં આવે છે.

જ્યાં સુધી જીવને અથવા મુમુક્ષુજીવને પણ શાસ્ત્રો વાંચીને, સાંભળીને વિચારની ભૂમિકામાં એટલે રાગની પ્રધાનતાની ભૂમિકામાં આત્મપદાર્થનો નિર્ણય શાસ્ત્ર અનુસાર થાય છે તોપણ, શાસ્ત્ર કહે છે અને પોતાના નિર્ણયમાં ફરક ન લાગે એને, અવિશ્વાસ ન આવે, છતાં કલ્પિત હોય. પણ પરિસ્થિતિ એ ઊભી થાય કે હું આત્મા સમજ્યો તો ખરો. આત્મા દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી-ભાવથી એના દ્રવ્ય-ગુણ-પર્યાયથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી અને ગુણ-ગુણીના ભેદોથી આત્મપદાર્થનો નિર્ણય કરવા છતાં મને અનુભવ થતો નથી અને એ સંબંધીનો પુરુષાર્થ કેમ ચાલતો નથી ? આ સમસ્યા કલ્પિત નિર્ણયવાળાને ઊભી રહે છે. એની પાસે એનો ઉત્તર નથી. પુરુષાર્થ કેમ કરવો ? કેવી રીતે થાય ? અંતર્મુખી પુરુષાર્થ કેવી રીતે થાય ? એ વાતનું એ રહસ્ય એ પામ્યો નથી. કેમકે નિર્ણય કલ્પિત છે.

જેને જ્ઞાનસ્વભાવી આત્માનો જ્ઞાનની પ્રધાનતામાં એટલે વેદનને સ્પર્શીને-જ્ઞાનમાં જ્ઞાનના વેદનના આધારે જેને જ્ઞાનસ્વભાવનો પરિચય થયો-ઓળખાણ થઈ-ભાવભાસન થયું એવા મુમુક્ષુને તત્ક્ષણ પુરુષાર્થની ઉત્પત્તિ થાય છે. અંતર્મુખી પુરુષાર્થની ઉત્પત્તિ તે જ ક્ષણે ચાલુ થાય છે. આ એક અસાધારણ લક્ષણ છે. આત્મસ્વરૂપનો મહિમા અપૂર્વ મહિમા, એ મહિમાથી ઉત્પન્ન થતી આત્માના સ્વભાવની, ગુણની અનન્ય રુચિ અને એ રુચિને અનુસરતો અંતર્મુખી પુરુષાર્થ અને આત્મરસ અથવા અધ્યાત્મરસ આ સ્વરૂપ નિશ્ચય થયેલા મુમુક્ષુજીવના પરિણામના પ્રગટ લક્ષણો છે. જ્યાં સુધી એવા પ્રગટ પર્યાયો પોતાને

અનુભવગોચર ન થાય ત્યાં સુધી નિર્ણય થયો છે, આત્મસ્વરૂપનો નિર્ણય થયો છે એ ભાવમાં કદિ આવવું નહિ. એ ભાવમાં નહિ આવતા એ વિષયની જિજ્ઞાસામાં રહેવું. ઉચિત તો એ છે કે એ વિષયની જિજ્ઞાસામાં રહેવું.

એક પત્રમાં કોઈએ 'કૃપાળુદેવ'ને ફરિયાદ કરેલી કે મુનિ 'દેવકરણજી' છે એ પોતાને પરમાત્મા તરીકે માનવા લાગ્યા છે અને અમને કાંઈક આ વાત બરાબર નથી લાગતી. તો અમારે શું કરવું ? શું વિચારવું ? આ વિષયમાં અમારી તો કાંઈ પહોંચ નથી. પણ આપની પાસેથી માર્ગદર્શન માગીએ છીએ કે જ્યારે એ પોતાને પરમાત્મા તરીકે માનવા લાગ્યા છે તો પછી ખરેખર શું સમજવું અમારે ? પરમાત્મા તરીકે એમની સાથેનો વ્યવહાર કરવો ? કે મુમુક્ષુ તરીકેનો વ્યવહાર કરવો ? શું કરવું અમારે ?

આવો કોઈ પ્રશ્નનો ઉત્તર 'કૃપાળુદેવ' આપે છે કે આમ તો બધા જ આત્માઓ સ્વરૂપે કરીને તો પરમાત્મા જ છે. એમાં કોઈ મીનમેખ નથી. પરંતુ જ્યાં સુધી ...

નહિતર શું થાય ? કે ગુરુ કહે છે, શાસ્ત્ર કહે છે, ભગવાન કહે છે કે આત્મા પરમાત્મા (છે). તો હું તો પરમાત્મા જ છું. પતી ગઈ વાત. નિશ્ચયનય અને નિશ્ચયાભાસમાં ફર્ક શું ? નિશ્ચયનયનો વિષય પરમાત્મા અને નિશ્ચયાભાસી પણ એમ કહે કે હું પરમાત્મા. બે વચ્ચે ફર્ક શું છે ? કે આભાસવાળાને લક્ષણથી, વેદનથી અને સ્વભાવથી એવો કોઈ પ્રગટ અનુભવ નથી. જ્યારે જેને યથાર્થ સમ્યગ્જ્ઞાનનો નિશ્ચયનય પ્રગટ્યો છે એ તો નિશ્ચય સ્વરૂપના અવલંબને પ્રગટ્યો છે. અને અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનનો એ પર્યાય છે કે જે અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વરૂપ આત્માને સીધો જ વિષય કરે છે. કોઈપણ જાતના રાગની આડશ અને અવલંબન વિના. એટલે બે વચ્ચે જમીન-આસમાનનો ફેર છે. એક કલ્પનાવિહાર કરે છે અને એક વાસ્તવિકતામાં ઊભા છે. આટલો મોટો ફર્ક છે.

એ નિર્ણય કેવી રીતે કરવો ? આ એક વિષય ખૂબ મહત્વનો છે. અને એ જ્ઞાનની કેળવણીનો વિષય છે, માત્ર વિચારનો વિષય નથી. આત્મના, તત્ત્વના વિચાર ગમે તેટલા ચાલતા હોય તોપણ જ્યાં સુધી જેવો પ્રત્યક્ષ સ્વરૂપે છે એવો પ્રત્યક્ષ અંશે વેદાય અને પ્રતિભાસે નહિ

ત્યાં સુધી એ વિચાર અનાદિથી રાગની પ્રધાનતામાં જે વિચારની પદ્ધતિ છે વિચારવાની એમાં કોઈ ફર્ક નથી થયો. નિર્ણયના કાળમાં વૈચારિક ભૂમિકામાં નિર્ણય થતો હોવા છતાં પણ, નિર્ણય વૈચારિક ભૂમિકાનું Stage છે, સ્વાનુભવ નિર્વિકલ્પ નિર્વિચાર ભૂમિકાનું Stage છે, પણ વૈચારિક ભૂમિકાનું સ્તર હોવા છતાં પણ જ્ઞાનની પ્રધાનતાથી જ્ઞાનસ્વભાવનું ગ્રહણ થયેલું છે. ગ્રહણ થયેલું છે એટલે પોતાપણે ભાસ્યો છે. જ્ઞાનસ્વભાવી આત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવો પોતા સ્વરૂપે ભાસે છે. અને રાગની પ્રધાનતામાં હું છું, એમ ગ્રહણ થતું નથી. આત્માનો વિચાર કોઈ Third person નો વિચાર ચાલતો હોય એવી રીતે ચાલે છે. આ મોટો આંતરો છે. એટલે આત્મા એને પર છે, સ્વ નથી થયો. પછી બળ આવે ક્યાંથી ?

નિણર્ય એક જ્ઞાનની પર્યાય છે. સ્વરૂપનિર્ણય એ જ્ઞાનની પર્યાય છે અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનબળ ન હોય તો એ તો અનાદિથી જ્ઞાનની પર્યાય બધા જીવોને થઈ રહી છે કે જેમાં પોતાનું જ્ઞાનબળ જ નથી. અહીંયાં તો જ્ઞાનબળ એટલે ચૈતન્યવીર્યની સ્ફુરણા ઉત્પન્ન થાય છે અને એ એને નિર્વિકલ્પ અનુભવ સુધી અવશ્ય અવશ્ય વૃદ્ધિગત થઈને પહોંચાડે છે. સહજપણે, કર્તાપણે નહિ.

ભૂલ ક્યાં થાય છે ? એક થોડીક બીજી વાત પણ આ વિષયમાં વિચારવા જેવી છે. લાલબત્તી ક્યાં મૂકવા જેવી છે ? કે શાસ્ત્રનો અભ્યાસ કરનાર અને એમાં પણ 'સમયસાર' આદિ સિદ્ધાંતશાસ્ત્રોનો (અભ્યાસ) કરનાર એવા મુમુક્ષુજીવોને એક ભૂલ થવાની બાહ્ય સંભાવના છે. ઘણું કરીને ભૂલ થાય એવી જે સંભાવના છે તે એવી છે કે શાસ્ત્ર અને જ્ઞાનીપુરુષ બંને એક વાત તો પોતાના જોરથી એવી રીતે કરે છે, કેમકે પોતાનું જોર પણ એ જ બાજુનું છે કે જે આ પદાર્થ આત્મા છે એમાં જે એનું ત્રિકાળી શક્તિરૂપ સામર્થ્યરૂપ સ્વરૂપ છે એમાં અનંત.. અનંત... અનંત... શક્તિઓનો ભંડાર ભરેલો છે. જેને સમુદ્રની ઉપમા આપીએ તો ઓછી પડે છે. કેમકે સમુદ્રને તળિયું છે, આમાં સ્વભાવને કોઈ અંત નથી. તળિયા વિનાનો સમુદ્ર છે આ. એટલે એના ઉપર વજન દેવાનું છે, એની મુખ્યતા કરવાની છે અને જોર ત્યાં દેવાનું છે. આ એક સૈદ્ધાંતિક ઉપદેશ છે. અને એ રીતે સૈદ્ધાંતિક વસ્તુનું

સ્વરૂપ પણ છે. અને જ્યારે એ વાત સમજવાના કાળે બુદ્ધિગમ્ય થાય છે, સંમત પણ થાય છે બુદ્ધિને કે બરાબર છે જો મારા મૂળ સ્વરૂપની અંદર અનંત શક્તિઓ ભરેલી હોય તો મારે વર્તમાન પામરદશા ઉપરનું વજન ખસેડીને મારે બધું જોર અહીંયાં દેવું જોઈએ. મારો પુરુષાર્થ આ બાજુનો હોવો જોઈએ. પણ પુરુષાર્થ આત્મિક પુરુષાર્થ છે તે સહજ સ્વરૂપે છે, કૃત્રિમ સ્વરૂપે નથી. સમજીને કૃત્રિમતા કરવા લાગે, વિકલ્પમાં, વિચારમાં અને વાણીમાં એનું જોર દેવા લાગે. પણ એ સ્વરૂપ ભાસ્યા વિના એનું જે સહજ જ્ઞાનબળ ઉત્પન્ન થવું ઘટે એવું ન થયું હોય તો એને એમ લાગે કે હું બરાબર મારા સ્વરૂપ ઉપર વજન લઈ જાઉં છું, મારા સ્વરૂપનું જોર કરું છું, સ્વરૂપ સંબંધીનો પુરુષાર્થ કરું છું, એવી એક મિથ્યાસમતા આવે ખરી. અને એ બફમમાં ને બફમમાં ચાલ્યો જાય. જોકે કાળે કરીને સ્વાનુભવ તેમાં નહિ થતો હોવાથી એને શંકા પડે ખરી કે આટલા બધા વર્ષોથી હું મારા સ્વરૂપનું જોર તો પરિણામની અંદર કરું છું, પણ અનુભવ કાં નહિ ? કેમ આત્માનો આનંદ અને નિર્વિકલ્પ દશા આવતી નથી ? એમ એને શંકા પડી જાય. પણ એનો કોઈ એની પાસે ઉપાય નથી હોતો.

જ્યાં સુધી ભેદજ્ઞાનપૂર્વક રાગ અને જ્ઞાન જુદા છે, બંને અનુભવગોચર પર્યાયો છે અને બંનેના અનુભવના અવલોકનથી બંનેના સ્વભાવ પરિચિત થઈને ઓળખાય નહિ ત્યાં સુધી એ ભેદજ્ઞાનનો સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ, એવો તબક્કો આવે નહિ. એટલે કે ભાવભાસન થાય નહિ. એટલે પોતાના સર્વ ઉદયમાં જો એ પ્રયોગ કરવામાં આવે, અવલોકનથી એની ભિન્નતાના અનુભવને તપાસતા તપાસતા બંને ભાવોના પરિચયથી વિભાવસ્વભાવની વિભાવસ્વભાવ પ્રમાણે અને આત્માની જ્ઞાનસ્વભાવે ઓળખાણ થાય તો મનની શાંતિને લઈને ઉત્પન્ન થયેલો વિભાવ વિભાવ તરીકે ઓળખાય છે, સ્વભાવ તરીકે એમાં સંતોષ થતો નથી. નહિતર છેતરાય છે શાતાના ઉદયમાં. મનની શાંતિ થાય ત્યારે જીવને એમ લાગે કે મને કાંઈક આત્માની શાંતિ આવી. કેમકે હું આત્માના વિચાર કરતો હતો એ વખતે મને શાંતિ થઈ છે. શું લાગે ? આત્માના વિચાર કરતા કરતા જો શાંતિ લાગે તો પછી એને આત્મશાંતિ જ કહેવી જોઈએ ને ? પણ જેને સ્વભાવની ઓળખાણ

છે કે જે રાગરહિત તત્ત્વ છે. પરમાત્મતત્ત્વ ત્રણે કાળે રાગરહિત છે અને મનની શાંતિ રાગસહિત છે. જેને આત્માની શાંતિ ઉત્પન્ન થાય છે એને વર્તમાન વર્તતા રાગનો નિષેધ આવે છે. એનાથી એ ભિન્ન પડે છે-જુદો પડે છે. મનની શાંતિવાળો રાગને જુદો નથી પાડી શકતો. એ રાગને ભેળવીને શાંતિને અનુભવ કરે છે. વાસ્તવિકતાએ એ શાંતિ નથી પણ અશાંતિનું એક રૂપ છે, જે મંદ અશાંતિરૂપ છે એને એ શાંતિ કહે છે. પણ છે એ અશાંતિનું રૂપ.

નિજ અવલોકન, અંતર અવલોકનના અભ્યાસનો પહેલો તબક્કો જ અહીંથી શરૂ થાય છે કે વિકલ્પમાત્ર અથવા રાગના કોઈપણ કણમાં દુઃખ અને દુઃખ જ છે. ક્યાંય સુખ નથી. જ્યાં સુધી વિકલ્પ દુઃખરૂપ ન લાગે ત્યાં સુધી એમ સમજવા યોગ્ય છે કે એ વિકલ્પમાં સુખરસનો જે અભિપ્રાય છે એમાં કાંઈ ફરક નથી પડ્યો. નહિતર જ્ઞાનનો સ્વભાવ તો જે જેમ છે તે તેમ જાણવું એ જ્ઞાનનો સ્વભાવ છે.

જ્યારે શ્રીગુરુ એમ કહે છે કે રાગમાત્ર દુઃખરૂપ છે, રાગનો એક પણ કણિયો મલિન અને દુઃખ છે. જ્યાં સુધી જ્ઞાનમાં એ મલિનતા અને એ દુઃખ ન ભાસે, દુઃખ ન લાગે, ન ભાસે એટલે ન લાગે, ત્યાં સુધી ભ્રાંતિમાં ફેર પડ્યો નથી. જે ભ્રાંતિગતપણે સુખ લાગે છે એ જ ભ્રાંતિ ચાલુ ને ચાલુ છે, એમાં કાંઈ ફેર નથી પડ્યો. નિર્ણયના કાળમાં એ ફેર પડે છે. અથવા નિર્ણય પહેલા જે અવલોકન શરૂ થાય છે ત્યાંથી જ ભાવભાસનમાં ફેર પડતો જાય છે. જેમ જેમ ભાવભાસન થતું જાય છે તેમ તેમ દર્શનમોહ મંદ થતો જાય છે. અને એ જ મોહના અનુદયનો એટલે અભાવનો એક Process છે. એ સિવાય બીજી કોઈ પ્રક્રિયા નથી. એમાં આ સ્વરૂપ નિર્ણય એક મહત્વનો તબક્કો છે. એ વગર કોઈને માર્ગની પ્રાપ્તિ કોઈ કાળમાં થઈ નથી, થવાની પણ નથી.

એ સિદ્ધાંત અહીંયાં 'કૃપાળુદેવે' સ્થાપિત કરેલો છે કે પદાર્થ નિર્ણય જ્યાં સુધી ન હોય ત્યાં સુધી સત્પુરુષ પ્રત્યે પરમભક્તિ વર્તતી હોય તોપણ કાંઈક યોગ્યતાની એવી ખામી છે કે જે માર્ગપ્રાપ્તિને પ્રતિબંધક છે અથવા પરમ યોગ્યતાની હાનિ છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુતા ત્યાં લીધી નથી. પરમ યોગ્યતા એટલે મુમુક્ષુતાની પરમ ઉત્કૃષ્ટ કક્ષા એને પરમ યોગ્યતા કહીએ. એની હાનિ છે. એની ક્ષતિ છે ત્યાં.

**'આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.'** જોકે 'કૃપાળુદેવ'ને મુમુક્ષુ મળેલા અને અત્યારના કહેવાતા આપણે મુમુક્ષુઓ, એમાં ઘણો ફર્ક છે. એ સરળતા અને એ 'કૃપાળુદેવ' પ્રત્યેની ભક્તિ, એ એક જુદી જ ચીજ હતી. આજે એમના પત્રોથી એ સમજાય છે. એમની વાતો સાંભળીએ છીએ, એમના પત્રો વાંચવા મળે છે ત્યારે લાગે છે કે આજે તો મુમુક્ષુતા નામમાત્ર છે. કોઈ જીવમાં હોય તો આપણે અન્યાય નહિ કરવો જોઈએ. એટલો અપવાદ રાખીને વાત છે. પણ બાકી તો મુમુક્ષુતા પરદેશ ગઈ હોય એવી મુમુક્ષુ સમાજની પરિસ્થિતિ છે તો બાકીનાની વાત તો કરવાની રહેતી નથી. એટલી સરળતા, એટલી ભક્તિ, એટલી નમ્રતા.

પોતાના દોષનું નિવેદન કરે. સત્સંગ કેવી રીતે કરે ? સત્સંગ એટલે કોઈ શાસ્ત્ર વાંચી જવું, કોઈ પદ બોલી જવું, એ સત્સંગ નથી. જેને સત્ પ્રાપ્તિની પરમ અભિલાષા છે એવા જીવો સાથે મળીને સત્ પ્રાપ્તિનો પ્રયત્ન કરતાં પોતાની દશામાં રહેલા બાધક ભાવોનું નિવેદન કરી શકે. એટલા માટે કે આનો ઉપાય હું જાણતો નથી, તમારા ખ્યાલમાં કાંઈ આવે તો બતાવજો, ભાઈસા'બ ! તમારો ઉપકારી થઈશ. પણ આજે જો એક મુમુક્ષુ બીજા મુમુક્ષુને એની ભૂલ દેખાડેને, એનો દોષ દેખાડેને તો એને એટલો Highly prejudice થઈ જાય કે જિંદગી સુધી એને બીજી જ દૃષ્ટિએ જોવે કે આપણી ભૂલ જોનારા છે, આપણો દોષ દેખાડનારો છે, આ તો આપણી Prestige બગાડે છે. ત્યારે એ તો એટલા સરળ કે In advance અગાઉથી કહી રાખે, ભાઈસા'બ ! મારી ભૂલ ને મારો દોષ દેખાયને તો બિલકુલ અચકાયા વિના તમે પ્રસિદ્ધ કરજો. બિલકુલ અચકાયા વિના મારું ધ્યાન દોરજો, મારું લક્ષ દોરજો. હું અહીંયાં કાઢવા આવ્યો છું, રાખવા નથી આવ્યો. સત્સંગમાં હું એટલા માટે આવું છું કે મારે કાઢવો છે. મારે પરિપૂર્ણ નિર્દોષ થવું છે. કોઈ એક કલંકનો કણ પણ મારે મારામાં ન જોઈએ. એવી રીતે સત્સંગ કરનારા સત્સંગ કરતા હશે. 'કૃપાળુદેવ'ના મુમુક્ષુ એવી રીતે સત્સંગ કરતા હશે. એમના પરિચયમાં આવેલા. તોપણ 'કૃપાળુદેવ' કહે છે કે ઘણાખરા મુમુક્ષુઓમાં આ ત્રણ દોષમાંથી કો'ક કો'ક દોષ જોયા છે. ખાસ કરીને **'માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે,...'** એટલે

કે કોઈ કોઈ મુમુક્ષુ એવા છે કે જેને સત્પુરુષ પ્રત્યે ઘણી ભક્તિ છે. અનન્ય ભક્તિ છે. એવા કોઈ મુમુક્ષુ છે. એ કોઈ મુમુક્ષુને એ કારણ, દૂષિત કારણની હાનિ દેખાય છે. બાકી બીજા બે કારણ તો હજી દેખાય છે કે જેમાં સ્વરૂપ નિર્ણયનો અભાવ છે અને જેમાં ક્યાંક પણ શાતામાં, અનુકૂળતામાં સુખની બુદ્ધિથી રસ આવી જાય છે. આ બે પ્રકાર તો હજી જોવામાં આવે છે.

**'અને જો તેઓમાં સર્વ પ્રકારે (પરદૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છએ.'** અને એ ત્રણે પ્રકાર જો સાફ થઈ જાય તો મોક્ષમાર્ગ પ્રાપ્તિની યોગ્યતા આવે એ વાત નિઃશંક છે. '**પરમદૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે;...**' એમાં પણ સુગમમાં સુગમ સાધન સત્પુરુષ પ્રત્યેની ઓળખાણ સહિતની પરમભક્તિ, એ સૌથી બળવાન કારણ છે. એ વાત Logic થી અને ગણિતથી સિદ્ધ થાય એવી વાત છે. એટલા માટે એ વાત કોઈ માત્ર માન્યતાની કે રૂઢિની નથી, Orthodoxy નથી કે સત્પુરુષની ભક્તિ કરો એટલે આપણું કલ્યાણ થઈ જશે. એ એક અંધશ્રદ્ધાનો વિષય નથી. એ એક સમજપૂર્વકનો વિષય છે.

જો સત્પુરુષ ઓળખાય છે ત્યારે એ મોહરહિત થયા છે એવી એની ઓળખાણ થાય છે. દર્શનમોહનો અભાવ કરવો અથવા મોહનો પરાજય કરવો, પરાભવ કરવો એ સ્વંયભૂરમણ સમુદ્ર તરવા કરતા પણ વિશેષ શક્તિ માગે એવી ચીજ છે. એટલે એ મોહરહિત પુરુષના પુરુષાર્થના પણ દર્શન થાય છે. એમની નિર્મોહતાના તો દર્શન થાય જ થાય પણ એ નિર્મોહતા ક્યા પુરુષાર્થથી, કેટલા પુરુષાર્થથી થઈ રહી છે, ટકાવી રહેલી છે, પ્રાપ્ત કરેલી છે એ બધો ચિતાર એક ઓળખાણ નામના શબ્દમાં રહેલ છે. જો સત્પુરુષની ઓળખાણ થાય તો. એમનું જે સ્વરૂપ છે એ સ્વરૂપ સમજતા, ઓળખાણ થતાં એનો જે બહુમાનનો પ્રકાર ઉત્પન્ન થાય એ બહુમાનના પરિણામો સ્વયં દર્શનમોહના અનુભાગને તોડે છે. ઘટાડે છે એમ કહેવું ઉચિત નથી લાગતું. તોડે છે એમ કહેવું જોઈએ.

એટલા માટે આ સ્થળે 'કૃપાળુદેવે' એ વાત કોઈ અંધશ્રદ્ધાની કરી નથી કે તમે મારી ભક્તિ કરજો કે કોઈ સત્પુરુષની ભક્તિ કરજો. પણ

એક ત્રિકાળ અબાધિત સત્યની જાહેરાત છે એમાં. સત્યની પ્રસિદ્ધિ છે કે જેને દર્શનમોહ તોડવો હોય તેનો સુગમમાં સુગમ ઉપાય આ છે કે સત્પુરુષને ઓળખવા, ઓળખતા બહુમાન લાવવું નહિ પડે, બહુમાન આવી જશે. પ્રેમ કરવો પડતો નથી, પ્રેમ થઈ જાય છે, પુરુષાર્થ કરવો પડતો નથી, પુરુષાર્થ થઈ જાય છે. મહિમા કરવો પડતો નથી, મહિમા આવી જાય છે. એ પરિસ્થિતિમાં આ સિદ્ધાંત સ્થાપિત કરેલો છે.

નહિતર અમારે ત્યાં સિદ્ધાંતના અભ્યાસીઓને આ વાત ખ્યાલમાં નથી આવી. આ વાત જ્યારે ખોલીને મૂકી છે ત્યારે ઘણા અભ્યાસી લોકો પાસે આવેલા કે આ વાત 'કૃપાળુદેવ'ના પત્રો વાંચ્યા છતાં અમે નહોતા સમજ્યા કે આમાં દર્શનમોહને સુગમપણે તોડવાનું જબરદસ્ત કારણ ઉત્પન્ન થાય છે અને આટલી રહસ્યગર્ભિત આ વાત છે. એને 'કૃપાળુદેવે' રહસ્યભક્તિ એવું નામ આપ્યું છે.

રહસ્યભક્તિની પ્રાપ્તિ હતી. જે કોઈ માર્ગાનુસારી પુરુષ હતા 'નરસિંહ મહેતા'વગેરે એને રહસ્ય ભક્તિની પ્રાપ્તિ હતી એમ કહ્યું છે. એ રહસ્યભક્તિ એટલે આ રહસ્ય છે. નહિતર તો ભક્તિ કરનારને ભક્તિના ફળની વાંછા, જાણ્યે-અજાણ્યે, સ્થૂળપણે, સૂક્ષ્મપણે ઊંડે ઊંડે આવ્યા વિના રહે જ નહિ. કેમકે પુદ્ગલમાં સુખ જોયું છે, સુખ ભાસ્યું છે. આવી જ જાય. આવ્યા વિના રહે નહિ એને. પણ રહસ્યભક્તિવાળાને એવું કદિ બનતું નથી. એ તો એમ કહે છે કે મારે મોક્ષ પણ જોઈતો નથી. રહસ્ય ભક્તિમાં તો પુદ્ગલ પદાર્થ તો જોઈતો નથી, સંયોગોની અનુકૂળતા અને અનુકૂળતા ખરીદવાનું સાધન એવો પૈસો, જેને આજે લોકો પરમેશ્વર કહે છે, એ તો જોઈતો નથી, પણ મોક્ષ પણ જોઈતો નથી. આ રહસ્યભક્તિ મળી એટલે બધું મળી ગયું. એને એમ લાગે છે કે મને બધું મળી ગયું છે. મારે મોક્ષ પણ જોઈતો નથી. એ દર્શનમોહનો અભાવ કરવાનું જબરદસ્ત સાધન છે.

એકવાર પણ, અનંત કાળના પરિભ્રમણમાં એકવાર પણ જો સત્પુરુષની ઓળખાણ થાય તો બેડો પાર છે. પછી બાકીનું આગળનું બધું આપોઆપ થાય છે. કરવું પડતું નથી. જેમ Machinery automatic હોય તો Automisation માં કામ થયા જ કરે. એમ આત્મા એક એવો પદાર્થ છે કે જો એક આ Stage માં આવી જાય જીવ,

સત્પુરુષના યોગનું મહત્વ અહીંયાં સ્થાપિત થાય છે. કેમકે યોગ વિના ઓળખાણ કરે કેવી રીતે ? એટલે એક વખત જો ઓળખાણ કરી લે તો એનો નિર્વાણ Secure છે. Register થઈ ગઈ વાત. Reservation થઈ ગયું સિદ્ધપદનું, એમાં કોઈ જરાપણ શંકા કરવાનો અવકાશ નથી. નિઃશંક વાત છે. એટલા માટે સત્પુરુષની વિદ્યમાનતાનું, એમના યોગનું, એમના પ્રત્યક્ષ ઉપદેશનું અને એ પૂર્વક થતી એમની ઓળખાણનું કોઈ મૂલ્ય ન થઈ શકે એવી એ ચીજ છે. એનું મૂલ્ય ક્યા Term માં કરવું ? કોઈ Terminology નથી એનું મૂલ્ય કરવા માટે કે કઈ રીતે એનું મૂલ્ય થઈ શકે.

જેનાથી અનંત સંસાર અને અનંત સંસારના દુઃખ મટે કે છૂટે અને જેના વડે અનંત અનંત સાદિ અનંત સમાધિ સુખની પ્રાપ્તિ થાય, અનંતદર્શન અને અનંતજ્ઞાન સાથે, એનું મૂલ્ય કઈ રીતે થાય ? જગતના ક્યા પદાર્થથી થાય અને કેવી રીતે થાય ? કોઈ સંભવિતતા નથી.

એટલા માટે એ સિદ્ધાંત એવી રીતે સ્થાપ્યો છે કે એક બીજા કારણની ન્યૂનતા થાય તો '**પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.**' એને પરમપ્રેમ આવે, પરમેશ્વરબુદ્ધિએ પ્રેમ આવે અને એ બીજનો વડલો થાશે કેવળજ્ઞાન સુધીનો. વડનું બીજ કેટલું નાનું હોય. રાયના દાણા કરતા નાનું હોય. જબરદસ્ત વડલો થાય એવું એ બીજ છે. એ વાત નિઃશંક છે. વિશેષ વિષય આવતી કાલે લઈશું...

**નિશ્ચયની મુખ્યતા કરતાં, દોષનો બચાવ ન થાય તે લક્ષમાં રાખવા યોગ્ય છે. યથાર્થતા હોય તેમાં દોષનો ત્યાગ / અભાવનું લક્ષ હોય તેમાં દોષનો બચાવ અથવા પક્ષ કેમ થાય ?**

**('અનુભવસંજીવની'-૧૭૬-અ)**

## પત્રાંક - ૨૫૪, પ્રવચન નં. ૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૨૫૪. મુમુક્ષુતાનું પ્રકરણ છે આ પત્રમાં. કાલે રાત્રે થોડો વિષય ચાલ્યો. સંક્ષેપમાં લઈએ. જીવને અનંત પ્રકારના દોષની ઉત્પત્તિ પરિણામમાં થાય છે. તેમાં સર્વથી મોટો દોષ મુમુક્ષુતા ઉત્પન્ન થતી નથી, મુમુક્ષુતાનો અભાવ છે, એ સર્વથી મોટો દોષ છે. મનુષ્ય આત્મા પૂર્વ કર્મ અનુસાર કોઈને કોઈ ધર્મમતમાં હોય છે. જે-તે ધર્મમતમાં સંપ્રદાય અનુસાર જે કાંઈ ધાર્મિક પ્રવૃત્તિ કરવામાં આવે છે એનું નામ કાંઈ મુમુક્ષુતા નથી. ત્યાં સુધી આપણે ચાલ્યું છે.

હવે મુમુક્ષુતાનું લક્ષણ કહે છે. મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ એક મોક્ષને વિષે જ યત્ન કરવો. સર્વ પ્રકારની મોહાસક્તિ. જીવને આસક્તિના જે પરિણામ છે એમાં મોહરસ છે. પરિણામ વિકારી હો કે પરિણામ અવિકારી હો, પરિણામની તાકાત-પરિણામની શક્તિ જે-તે પરિણામમાં ઉત્પન્ન થયેલા રસના પ્રમાણમાં છે. પરિણામ સંબંધીનું આ વિજ્ઞાન છે. જીવના પરિણામનું આ Science છે કે જે પરિણામમાં જેટલો રસ, તે પરિણામ તેટલું બળવાન, તે પરિણામમાં તેટલી શક્તિ.

જે જીવને મોહનો રસ તીવ્ર છે, મોહયુક્ત પરિણામ તીવ્ર રસવાળા છે એનો મોહ પણ બળવાન છે. મોહ છે એ આત્મસ્વભાવનો, આત્મસ્વરૂપનો સૌથી મોટામાં મોટો દુશ્મન છે, સૌથી મોટામાં મોટો વેરી છે. અથવા એમ કહી શકાય કે આત્મા સ્વરૂપે-સ્વભાવે અમૃતસ્વરૂપ છે, આત્મામાં શાંતિ અને આનંદનું અમૃત ભરેલું છે, તો એ જ આત્માના પરિણામમાં જે મોહ છે એ ઝેર છે. ઝેર અને અમૃત પરસ્પર પ્રતિપક્ષમાં છે, એકબીજાના વિરોધી છે. બળવાન Major force prevail-જે બળવાન હોય એ બળવાનની લાઠી કામ કરે છે, જગતમાં

તો આ નિયમ છે. જો મોહ બળવાન છે તો આત્મા દબાય છે. આત્મરસથી-આત્માના સ્વભાવરસથી જો આત્મ પરિણામ બળવાન થાય તો મોહને દબાવું પડે છે.

અહીંયાં 'કૃપાળુદેવ' મુમુક્ષુતામાં એ વિષય ઉપર પ્રકાશ પાડે છે કે જે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ. સર્વ પ્રકાર એટલા માટે લીધો કે કોઈપણ પ્રકાર હો. દરેકને એક પ્રકારના મોહના પરિણામ નથી. કોઈને રસના ઈન્દ્રિયનો મોહ વિશેષ છે, કોઈને સ્પર્શેન્દ્રિયનો, કોઈને ચક્ષુ ઈન્દ્રિયનો, કોઈને શ્રવણેન્દ્રિયનો. જુદા જુદા પંચેન્દ્રિયના વિષયોનો મોહ છે. એ ઉપરાંત, એ બધા અશુભ પરિણામમાં જાય છે, કેમકે એ વિષયો ભોગોપભોગના વિષયો છે, પણ એ સિવાય પણ શુભ પરિણામનો મોહ છે અથવા કોઈપણ વિભાવ અંશનો મોહ છે, એ તમામ પ્રકારનો મોહ છે એમાં રસ આવે છે ત્યારે મુમુક્ષુતાનો અભાવ છે.

મુમુક્ષુ તે છે કે જેને એવા રસ ઉત્પન્ન થવાના કાળે, મોહરસ ઉત્પન્ન થવાના કાળે મુંઝવણ થાય. આ એક કુદરતી પરિસ્થિતિ છે, નૈસર્ગિક પરિસ્થિતિ છે. બહુ વિચાર માગે એવો આ વિષય છે. પોતાના મોહ પરિણામ સાથે જેને અવલોકનથી મંથન ઉત્પન્ન થાય છે કે આ શું છે ? અને એ મને મુંઝવે છે કે કેમ ? કે મને રસ પડે છે ?

પ્રાયઃ સંસારીજીવને મોહભાવની મીઠાશ છે. મોહભાવ એટલો મીઠો લાગે છે કે એ મીઠું ઝેર કેટલું ખાય છે એનું પ્રમાણ રહેતું નથી. એવા ઘણા માણસો આજે પણ જોવા મળશે કે જે જીવનના ઉતરાર્ધમાં, જીવનની ઉત્તરાવસ્થામાં અનેક પ્રકારે બાહ્ય દૃષ્ટિએ સાધન સંપન્ન હોવા છતાં, લોકો જેને સુખી કહે છે, (એ) બેચેન રહે છે. કારણ વગર પણ એના પરિણામોમાં ચિંતા અને એ ચિંતાનું Meter Hypertension, diabetes, આ ચિંતાની તીવ્રતાના ભૌતિક વિજ્ઞાનના સાધનોથી મપાય એવા યંત્રો બોલે છે કે ચિંતાનું કારણ નહિ હોવા છતાં પરિણામની અંદર જે જિંદગીભર રસ લીધા છે અનુકૂળતા માટેના, પંચેન્દ્રિયના વિષયના સાધનો વસાવવાના અને સંગ્રહ કરવાના, એ રસને લઈને પરિણતિ એવી થઈ જાય છે કે વગર વિચાર્યે પણ Blood pressure નો પારો બતાવે છે કે પરિણામમાં સુખચેન નથી, શાંતિ નથી, અશાંતિ છે. એ એમ કહે કે ના, મને કાંઈ એવું લાગતું નથી. પણ

પરિણતિ થઈ ગઈ છે. એને એટલે ઊંડે સુધી નજર નથી.

જીવના પરિણામનું વિજ્ઞાન બહુ બારીકાઈથી વિચારવા જેવું છે. સ્થૂળ ઉપયોગને સમજી શકાય છે. સ્થૂળ શુભાશુભ પરિણામને જીવ સમજી શકે છે. કેમકે એ સ્થૂળ જ્ઞાનની અંદર પણ પકડાય છે, ગ્રહણ થાય છે, વિચારમાં આવી શકે છે. પણ પરિણતિ થાય છે એને નથી સમજી શકતો. પરિણતિ એ છે કે જે અત્યંત તીવ્ર ભાવનાથી એક ચાલુ સ્થિતિ રહી જાય પરિણામની અંદર એને પરિણતિ કહે છે. પરિણામની ચાલુ ક્રિયા, એવી ને એવી પરિણામની ચાલુ ક્રિયા.

એમાં એક દૃષ્ટાંત આપી શકાય કે હું મનુષ્ય છું, હું માણસ છું એવી પરિણતિ સામાન્યપણે બધા મનુષ્યોને વર્તે છે. એને વિકલ્પ પણ નથી આવતો કે હું આત્મા છું કે કેમ ? અથવા હું તિર્યંચ, નારકી, દેવ છું એવો વિકલ્પ નહિ આવે. માણસ છું એનો વિકલ્પ નહિ કરવો પડે. અરે..! એનું નામ જે એને નાનપણમાંથી હજારેક વખત ગોખાવીને નક્કી કર્યું છે કે તું ફલાણો.. તું ફલાણો.. એની પણ પરિણતિ થઈ ગઈ છે. એને વિકલ્પ કરવો પડતો નથી, સ્મરણ કરવું પડતું નથી. સ્મરણ-વિસ્મરણથી પાર સ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે એને પરિણતિ કહે છે કે જે વગર વિચાર્યે, વગર સ્મરણ કરે પણ ચાલુ ને ચાલુ રહે છે. એવી પરિણતિને લઈને જીવ દુ:ખી છે.

જ્ઞાનીપુરુષો એમ કહે છે કે તું આત્મા છો એવી તને પરિણતિ થઈ જવી જોઈએ. જ્ઞાનાનંદ સ્વભાવી, સચ્ચિદાનંદ સ્વરૂપ તું આત્મા છો. સહજાત્મસ્વરૂપ તું છો એવી તને પરિણતિ થઈ જવી જોઈએ. અને એ પરિણતિ એ ભાવનાથી થાય છે. જોકે 'કૃપાળુદેવ' તો ત્યાં સુધી કહે છે કે ભાવનાથી પરિણતિ થાય એમાં તો શું નવી વાત છે ? પરંતુ ભાવનાથી તો કેવળજ્ઞાન ઊપજી શકે છે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' આવું એક ભાવનાનું બળવાનપણું છે. અને તેથી કરીને સર્વ જ્ઞાનીઓએ, સર્વ ધર્માત્માઓએ મુમુક્ષુને ભાવનામાં રહેવાની શિક્ષા આપી છે, ભાવનામાં રહેવાનું ફરમાન કર્યું છે કે મુમુક્ષુએ સ્વરૂપની ભાવનામાં, સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં રહેવું.

ભાવના કદિ નિષ્ફળ જતી નથી. ભાઈ! ભાવના કદિ નિષ્ફળ જતી નથી. ચૌદ બ્રહ્માંડ ફરી જાય તો ભલે એકવાર ફરી જાય પણ ભાવના

નિષ્ફળ નહિ જાય. પૂજ્ય 'બહેનશ્રી'નું વચનામૃત છે ને ? ચૈતન્યની ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલી ભાવના કદિ નિષ્ફળ જતી નથી. ભલે ચૌદ બ્રહ્માંડ એકવાર ફરે તો ભલે ફરે પણ ભાવના નિષ્ફળ જતી નથી. એ ભાવના માટે 'કૃપાળુદેવે' સૂત્ર આપ્યું કેવળજ્ઞાનનું. એ ભાવનાનું ફળ કેવળજ્ઞાન છે અને એ કેવળજ્ઞાન નિયમથી મળશે, મળશે અને મળશે જ. અમારી Gurantee છે. આવા પ્રમાણિક પુરુષની Gurantee છે. પ્રમાણિક કંપનીની Gurantee હોય તો ગમે તેટલો દાગીનો લઈ લે. 'ત્રીભુવન ભીમજી'ને ત્યાંથી પચાસ લાખનો લેવો હોય તો લઈ લ્યે. કેમકે પ્રમાણિક વેપારી છે. એ તો કેટલા પ્રમાણિક છે એ સમજવા જેવું છે. પણ આ તો નિઃસંદેહ પ્રમાણિક છે. જેમાં સંશય કરવાનો અવકાશ નથી એવા પ્રમાણિક છે. તો એમાં તો નિશ્ચયે પ્રતીતિ કરવા યોગ્ય છે કે ભાવનાનું ફળ મળશે, મળશે ને મળશે જ.

ભાવના ચૈતન્યમાંથી હોવી જોઈએ એ ન સમજાય તો એટલું તો અવશ્ય સમજાય એવું છે કે શુદ્ધ અંતઃકરણથી ઉત્પન્ન થયેલી ભાવના હોય તો એ ફળે, ફળે ને ફળે જ. ન ફળે એવું ન બને. એવી ભાવના સ્વરૂપની ભાવનાવાળાને સ્વરૂપથી વિપરીત એવો જે મોહ પરિણામમાં પૂર્વ સંસ્કારથી ઉત્પન્ન થાય છે. મોહથી ઘણી મોહ સંયુક્ત ભાવના ભાવી છે આ જીવે, અનંતકાળથી ભાવતો આવ્યો છે. એ સંસ્કાર જ્યાં સુધી નિર્મૂળ ન થાય ત્યાં સુધી ઓછા-વત્તા પ્રમાણમાં એ પરિણામ ઉત્પન્ન થાય છે અને ત્યાં પાત્ર જીવ છે, મુમુક્ષુ જીવ છે, હળુકર્મી જીવ છે એ કુદરતી રીતે ન સમજાય એવી રીતે મુંઝાય છે. એને સમજણ નથી પડતી કે આ મૂંઝવણ કરવી નથી પડતી પણ એને મૂંઝવણ થઈ આવે છે.

મૂંઝવણ શબ્દ જે વાપર્યો છે, 'કૃપાળુદેવે' આ વાત જે લખી છે એ 'કૃપાળુદેવ'નો કોઈ લોકોત્તર વિચક્ષણતાનો પ્રકાર છે. સંસારી જીવોમાં પણ અનેક પ્રકારની વિચક્ષણતા તો હોય છે પણ એ બધી લૌકિક વિચક્ષણતા છે. આ લોકોત્તર વિચક્ષણતા છે. કેમકે સંસારીપ્રાણી તો મોહમાં, મોહની મીઠાશમાં અડધો અડધો થઈ જાય છે, ગોળ ગોળ ને પાણી પાણી થઈ જાય છે. એ જગ્યાએ, એ અવસરે, એ સમયે મુમુક્ષુજીવને મૂંઝવણ થાય છે. આવી એક જેની સ્થિતિ ઉત્પન્ન થઈ છે

એ જીવ મૂંઝાય છે, એ છૂટે છે. પાણીમાં કોઈ ડૂબે તો મૂંઝાય કેવો ? અરે..! હવા લેવા માટે નાક બંધ કરી દેવામાં આવે, નાક અને મોઢું બંને. બે જગ્યાએથી હવા લઈ શકે, શ્વાસોશ્વાસ માટે, ફેફસામાં હવા ભરવા માટે, એ બંને દ્વાર બંધ કરી દેવામાં આવે તો ? કેટલા જોરથી એને છૂટવું પડે ? ખોલવું પડે ? કે મૃત્યુનો સમય આવે. પૂરી તાકાતથી એ મૂંઝવણનો ઉકેલ લાવવો પડે. એમ મૂંઝવણ એવી ચીજ છે. જીવ બધું સહન કરી શકે, મૂંઝવણ સહન કરી શકે નહિ. Tension માં આવે તો આપઘાત કરે. મૃત્યુને વહાલું કરે પણ મૂંઝવણ સહન કરી શકે નહિ. એટલે મૂંઝવણ એક મૃત્યુથી પણ અધિક વેદના છે. જોકે પીડાની દૃષ્ટિએ મૃત્યુને સૌથી વધારે અંતિમ Stage મૃત્યુનો ગણાય છે, પણ પરિણામના વિજ્ઞાનમાં એમ નથી. પરિણામના વિજ્ઞાનમાં મૂંઝવણ છે એ મૃત્યુથી પણ વધારે આગળનું Stage છે.

એટલે અહીંયાં જે મૂંઝાય છે, મોહના પરિણામમાં જે જીવ મૂંઝાય છે એ મોહથી છૂટ્યા વિના નહિ રહે. એને મોહનો અભાવ થયા વિના નહિ રહે અથવા એ મોહના અભાવનો પ્રયત્ન-પુરુષાર્થ કર્યા વિના નહિ રહે. કેમકે મૂંઝવણ ચીજ એવી છે એ જીવ સહન નથી કરી શકતો. એવો જીવ મોક્ષને માટે જ, બીજા કોઈને માટે નહિ, મોક્ષને અહીંયાં 'કૃપાળુદેવે' અવતરણ ચિહ્નમાં લખેલો છે. 'મોક્ષ' શબ્દ અહીંયાં આ જગ્યાએ Inverted coma માં છે. મોક્ષને વિષે જ યત્ન કરવો. બીજી કોઈ અવસ્થા માટે નહિ. મુમુક્ષુતા માટે મુમુક્ષુને પ્રયત્ન નથી કરવો, સમ્યગ્દર્શનને માટે મુમુક્ષુને પ્રયત્ન નથી કરવો, મુનિદશાને માટે મુમુક્ષુને પ્રયત્ન નથી કરવો પણ મોક્ષને માટે મુમુક્ષુએ પ્રયત્ન કરવો. એ વિષય કાલે રાત્રે આપણે થોડો વિસ્તારથી લીધો હતો. કે શા માટે ?

છેલ્લું જે અંતિમ ધ્યેય છે એ મોક્ષનું હોવું ઘટે છે. બાકી બધી અધૂરી અવસ્થા છે. જીવ સ્વભાવે કરીને પૂર્ણ હોવાથી એને અપૂર્ણ કાંઈ ખપતું નથી. સંસારના આવેગમાં આવે છે તોપણ એને અધૂરું જોઈતું નથી. ગમે તેટલું મળે તો બધું ઓછું પડે છે, અધૂરું લાગે છે, ક્યાંય પૂરું પડતું નથી કોઈને. ભૌતિક સંપત્તિ પણ અનંતી જોઈએ એવો અભિપ્રાય એક જીવને છે. જોકે જગતમાં એ મર્યાદિત છે, અમર્યાદિત નથી. અને એને લઈને આ બધા વિગ્રહ છે, લડાઈ છે, તકરાર છે, ક્લેશ છે અને

દુઃખ છે. કેમકે એક જીવની ઈચ્છામાં.. શાસ્ત્રકાર તો એમ કહે છે કે જો એક જીવની ઈચ્છાનું Development કરવામાં આવે, Enlarge કરવામાં આવે તો આખા જગતની સંપત્તિ એક પરમાણુ જેટલી એને લાગે. એવડી મોટી ઈચ્છા હોય. તો અનંત જીવનની ઈચ્છાઓમાં હવે વહેંચવું કેવી રીતે ? અને વહેંચે તો ભાગ કેટલો આવે ? અનંતમા ભાગે આવે આખું જગત. આખા જગતમાં પણ બધાને મર્યાદિત મળે છે. પછી ખેંચાખેંચી થાય નહિ તો થાય શું ? અને વિગ્રહ ન થાય અને લડાઈ ન થાય તો થાય શું ? એટલે એ અભિપ્રાયવાળા બધા જીવો સદામ હુસેન જ છે. હમણા સદામ હુસેન પ્રખ્યાત થઈ ગયા ને ? તો એ બધા જીવો સદામ હુસેન છે. કેમકે બધાને અનંત જોઈએ છે અને કોઈને પૂરું પડે એવું છે નહિ.

'કૃપાળુદેવ' કહે છે કે તારી મહત્વકાંક્ષાને આટોપી લે. તારી મહત્વકાંક્ષા ઉપર ચોકડી મૂકી દે. મોટું મીંડું એવડું મોટું શૂન્ય કરી નાખ કે આ જગતમાંથી મારે એક પરમાણુ પણ ન ખપે. આખું જગત તો ન જોઈએ પણ જગતનો એક પરમાણુ પણ ન ખપે. અને એક પરમાણુ જેને ખપે એટલો સૂક્ષ્મ પણ જેને ભાવ થાય તે રાગભાવ એક મલિન ભાવ છે. એક મેલો રજકણ છે, ભાવનો મેલો કણ છે કે જેનો સ્વાદ ક્લેશિત છે, દુઃખદાયી છે, મલિન છે.

'સમયસાર'ની ૭૨ ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' આસ્રવની વ્યાખ્યા એ રીતે કરે છે કે આસ્રવ છે એ દુઃખ અને દુઃખના કારણરૂપે છે, સ્વયં મલિન છે અને જીવના સ્વભાવથી વિપરીત છે-વિરોધી છે. આસ્રવ તત્ત્વ છે અને રાગ પણ આસ્રવ છે. સામાન્ય રીતે આપણા Level ના માણસો સ્વચ્છ રહેવાને ટેવાયેલા છે. કે મેલા રહેવાને ટેવાયેલા છે ? ઢેઢ, ભંગી, ચમાર જે નીચલા વર્ણના લોકો છે એ મેલા-ઘેલા વસ્ત્રો પહેરે છે, ન્હાય, ન ન્હાય ચાલે. આપણે હંમેશા ન્હાવા જોઈએ. કોઈને દિવસમાં બે વાર, ત્રણ વાર પણ. કપડા પણ સ્વચ્છ જોઈએ. કોઈપણ અંગ ઉપર મલિનતા ન જોઈએ. ભલે આખું શરીર અંદર મલિનતાથી ભરેલું હોય તોપણ બહારમાં એક કણ મલિનતાનો કોઈને જોઈએ નહિ. અને એમાં મુખાકૃતિ ઉપર તો નહિ જ. અને જીહ્વા ઉપર ? રસના ઈન્દ્રિયો ઉપર તો સ્વાદ છે. ત્યાં તો

